દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૫ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 155 ■ વિક્રમ સંવત ૨૦૮૨
નિજ જયેષ્ઠ વદ-૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 2 July 2026, Thursday ■ REGD.No. MCS/058/2018-20
ગુરુવાર, ૨ જુલાઈ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# વૉટ્સએપના ‘યુઝરનેમ’ ફીચર પર સરકારની બ્રેક

## આ ફીચર છેતરપિંડીને આમંત્રણ જેવું છેઃ સરકાર સતર્ક થઈઃ મેટાને કહ્યું ત્રણ દિવસમાં જવાબ આપો, હાલ આનો ભારતમાં અમલ નહીં

નવી દિલ્હીઃ વૉટ્સએપે નવા ‘યુઝરનેમ’ ફીચરને લીધે મોટો વિવાદ ઊભો થઈ ગયો છે કારણ કે આ ફીચર મસંમોટા ફ્રૉડને આમંત્રણ આપશે. લૉન્ચ કર્યું છે. આ ફીચરની મદદથી હવે લોકો પોતાનો મોબાઈલ નંબર આપ્યા વિના કોઈ અન્ય યુઝર્સ સાથે વાત કરી શકે છે. કંપનીનો દાવો છે કે આનાથી યુઝરની ગોપનીયતા વધુ મજબૂત બનશે.

જોકે, ભારત સરકાર આ ફીચરથી સતર્ક થઈ ગઈ છે. સરકારને ડર છે કે જો તેનો દુરુપયોગ કરવામાં આવે તો ઓનલાઈન છેતરપિંડી અને નકલી ઓળખના કેસોમાં વધારો થઈ શકે છે. આને કારણે જ સરકારે બુધવારે મેટાને ભારતના વૉટ્સએપમાં વિવાદાસ્પદ યુઝરનેમ ફીચર ચાલુ કરવા સંબંધે નૉટિસ મોકલી છે. સરકારે ચેતવણીના સૂરમાં કહ્યુ છે કે જ્યાં સુધી સરકાર સાથે વિચારવિમર્શ પૂરો ન થાય ત્યાં સુધી આ ફીચરને ભારતમાં લૉન્ચ નહીં કરતા.. સરકારે મેટાને ત્રણ દિવસની અંદર યુઝરનેમ ફીચર અંગે વિગતવાર ખુલાસો કરવા જણાવ્યું છે.

કેન્દ્ર સરકાર આ ફીચર લોન્ચ થાય તે પહેલાં જ તેના સુરક્ષા અને ગોપનીયતા પાસાઓની સમીક્ષા કરવાની તૈયારી કરી રહી છે. સરકાર તપાસ કરવા માગે છે કે શું આ ફીચર સાયબર ગુનેગારો માટે એક નવું હથિયાર તો નહીં બને ને. સૂત્રોના જણાવ્યા અનુસાર, કેન્દ્ર સરકાર (જુઓ પાનું ૨) ▸▸

## મુંબઈમાં ચોમાસું બરાબરનું જામ્યું

### ૧૨ કલાકમાં પૂર્વનાં ઉપનગરમાં સરેરાશ સવાચાર ઈંચ વરસાદઃ ટ્રેન-વિમાની સેવા ખોરવાઈઃ ઠેર-ઠેર ટ્રાફિકઃ રવિવાર સુધી ઑરેન્જ અલર્ટ



**ટ્રાફિક-ટ્રબલઃ** મુંબઈમાં ભારે વરસાદને લીધે સાયન-પનવેલ રોડ પર પાણી ભરાતાં ટ્રાફિક જૅમ થયો હતો. (અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં સતત બીજા દિવસે બુધવારે પણ વરસાદ સતત ચાલુ રહેતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. વરસાદને કારણે ઉપનગરીય રેલવે, ટ્રાફિકની સાથે જ વિઝિબિલિટી ઘટી જતા વિમાનસેવાને પણ અસર થઈ હતી. દિવસ દરમ્યાન સરેરાશ ચારથી સવાચાર ઇંચ જેટલો વરસાદ ઉપનગરમાં નોંધાયો હતો. હવામાન વિભાગે બીજીથી પાંચ જુલાઈ સુધી મુંબઈ, થાણે, રાયગડ માટે ઑરેન્જ અલર્ટ આપીને ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. તો પાલઘરમાં ગુરુવાર માટે રેડ અલર્ટ આપી પ્રશાસને સ્કૂલ કોલેજમાં રજા જાહેર કરી છે.

મુંબઈમાં સોમવારથી ફરી વરસાદ શરૂ થયો હતો, જેમાં મંગળવાર સવારથી બુધવાર સવારના આઠ વાગ્યા સુધીના ૨૪ કલાકમાં મુંબઈના અનેક વિસ્તારોમાં ૧૦૦ મિ.મી.થી વધુ વરસાદ પડ્યો હતો. તો બુધવારે સવારના આઠ (જુઓ પાનું ૨) ▸▸

### ત્રણ સિસ્ટમ ડેવલપ થઈ

મુંબઈ સહિત સમગ્ર મહારાષ્ટ્રમાં ચોથી જુલાઈ સુધી મુશળધાર વરસાદ પડવાનો છે. મહારાષ્ટ્ર પર નૈર્ઋત્યના ભરપૂર મોસમી પવનો ફૂંકાઈ રહ્યા છે. બંગાળના ઉપસાગરમાં લો પ્રેશરની શકયતા છે. ઉપરાંત મધ્ય પ્રદેશથી મરાઠવાડા, મધ્ય મહારાષ્ટ્ર, કોંકણ થઈને ઉત્તર-કેરલમ કિનારપટ્ટી દરમ્યાન હવાના હળવા દબાણનો પટ્ટો તૈયાર થયો છે. આ સિસ્ટમને કારણે મુંબઈ, થાણે સહિત સંપૂણ કોંકણમાં અતિવૃષ્ટિની શકયતા છે.

## કમર્શિયલ એલપીજી, એટીએફના ભાવ ઘટ્યા

### નાયરાએ પેટ્રોલ, ડીઝલની કિંમત ઓછી કરી

નવી દિલ્હીઃ પશ્ચિમ એશિયામાંની તંગદિલી હળવી થતાં ભારતમાં કમર્શિયલ એલપીજી અને એવિયેશન ટર્બાઇન ફ્યુઅલ (એટીએફ)ના ભાવમાં ઘટાડો કરાયો હતો.

છૂટક ઈંધણ વેચતી ખાનગી કંપની નાયરા એનર્જીએ પેટ્રોલ અને ડીઝલના ભાવ ઘટાડ્યા હતા અને તે છેલ્લાં બે વર્ષમાં પેટ્રોલ પંપ ખાતેના ઈંધણના ભાવ ઓછા કરનારી પ્રથમ (જુઓ પાનું ૨) ▸▸

## મજબૂત લોકલ ડિમાન્ડને પગલે જૂનમાં જીએસટી વસૂલીની ૧૪ ટકાની છલાંગ

નવી દિલ્હીઃ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) ની આવક જૂનમાં કુલ વાર્ષિક ધોરણે લગભગ ૧૪ ટકા વધીને લગભગ ૧.૯૫ લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે, જે ગયા વર્ષના સમાન મહિનામાં ૧.૭૧ લાખ કરોડ રૂપિયા હતી, જે મજબૂત સ્થાનિક વપરાશ અને બાહ્ય વેપારને પ્રતિબિંબિત કરે છે. નાણા (જુઓ પાનું ૨) ▸▸

## ગુજરાત મ્યુનિસિપલ ચૂંટણીના ઉમેદવારોએ જીવનસાથીની મિલકત જાહેર કરવી પડશેઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી : સર્વોચ્ચ અદાલતે બુધવારે ચુકાદો આપ્યો હતો કે ગુજરાત મ્યુનિસિપલની ચૂંટણીમાં ઝંપલાવનાર ઉમેદવારોએ પોતાની જ નહીં, પરંતુ પોતાના જીવનસાથીની મિલકતો પણ ચૂંટણી સોગંદનામામાં જાહેર કરવી પડશે.

સર્વોચ્ચ અદાલતે એવો ચુકાદો પણ આપ્યો હતો કે મેજિસ્ટ્રેટે ફરિયાદ ધ્યાનમાં લેતી વખતે ખોટી બંધારણીય જોગવાઈઓ લગાડી હતી, પરંતુ (જુઓ પાનું ૨) ▸▸

## સ્પેનમાં ગરમીનો ૧૦૦૦થી વધુ ભોગ

### યુરોપ પછી ગરમી હવે અમેરિકાનો વારો કાઢશે

મૅડ્રિડ/ ન્યૂ યૉર્કઃ સ્પેનમાં તાજેતરમાં ભીષણ ગરમીના કારણે ૧,૦૦૦થી વધુ લોકોનાં મોત થયાં હતાં. દેશમાં વર્ષના પ્રથમ છ મહિનામાં રેકોર્ડ ગરમી પડી હતી. અધિકારીઓએ બુધવારે આ જાણકારી આપી હતી. ભારે ગરમીએ જર્મની, પોલેન્ડ, ચેક રિપબ્લિક, સ્લોવૅકિયા અને હંગેરી સહિત અનેક યુરોપિયન દેશોમાં તાપમાનના રેકોર્ડ તોડી નાખ્યા છે, જ્યારે ફ્રાન્સે રાત્રિના સમયે અત્યાર સુધીના સૌથી વધુ તાપમાનનો અનુભવ કર્યો છે.

અમેરિકાના પૂર્વ ભાગમાં લાખો લોકો ‘ખૂબ વધુ’ અથવા ‘ભારે’ ગરમીનો સામનો કરી રહ્યા છે. દેશ તેના ૨૫૦મા સ્વતંત્રતા દિવસની ઉજવણી અને ફિફા વર્લ્ડ કપનું આયોજન કરવાની તૈયારી કરી રહ્યો છે ત્યારે હીટવેવની આગાહી કરવામાં આવી છે. અમેરિકાના નેશનલ વેધર સર્વિસના જણાવ્યા (જુઓ પાનું ૨) ▸▸

## માંડવીના ઢુવા જંગલમાં કાર્યવાહીઃ ₹ ૪૩.૨૦ લાખની ૬૦૦ ચો.મી. જમીન દબાણમુક્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં સરકારી જમીનો પચાવી પાડનારાં તત્ત્વો સામે તંત્રએ લાલ આંખ કરી છે. ભુજ અને સીમાવર્તી ખાવડા બાદ હવે માંડવી પંથકમાં પણ વન વિભાગની જમીનો પર ગેરદાયદે દબાણ કરનારા સામે આકરું વલણ અપનાવવામાં આવ્યું છે. માંડવીના પ્રખ્યાત ઢુવા રિઝર્વ ફોરેસ્ટ વિસ્તારમાં વન વિભાગ અને પોલીસ પ્રશાસને સંયુક્ત મેગા ઓપરેશન હાથ ધરીને ગેરકાયદેસર ખડકી દેવાયેલાં બાંધકામોને જમીનદોસ્ત કરી દીધા હતા. વનતંત્રે અંદાજિત રૂ. ૪૩.૨૦ લાખની બજાર કિંમત ધરાવતી ૬૦૦ ચોરસ મીટર સરકારી જમીન પરથી દબાણો હટાવી સરકારનો કબજો પુનઃસ્થાપિત કર્યો હતો.

કચ્છ પશ્ચિમ વન વિભાગના નાયબ વન સંરક્ષકના સીધા માર્ગદર્શન હેઠળ માંડવી નોર્મલ રેન્જના રેન્જ ફોરેસ્ટ ઓફિસર, માંડવી પોલીસ ઇન્સ્પેક્ટર, પોલીસ સ્ટાફ તેમજ વનપાલ અને વનરક્ષકોની ટુકડીએ ગત રવિવારે વહેલી સવારે દબાણ હટાવો ઝુંબેશ શરૂ કરી હતી. માંડવી રાઉન્ડની ગુંદિયાળી બીટ હેઠળ આવતા માંડવી ઢુવા રિઝર્વ ફોરેસ્ટના સર્વે નંબર ૩૭૦/૯૩ પૈકી ૧૦૯ની જંગલ જમીન પર વન વિભાગનું બુલડોઝર ફર્યું હતું. આ વિસ્તારોમાં ગેરકાયદેસર દબાણ કરનારા આસામીઓને અગાઉ કાયદેસરની નોટિસો ફટકારવામાં આવી હતી. આવી જ કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે. ■

## જંગલેશ્વર ડિમોલિશનઃ ₹ ૨૭ લાખના ખર્ચની દરખાસ્ત નામંજૂર કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના જંગલેશ્વર ડિમોલિશન દરમિયાન તંત્રએ કરેલા બેફામ ખર્ચાના કારણે શહેરનું રાજકારણ ગરમાયું છે. આ વિવાદ વધતા રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીએ પણ આકરું વલણ અખત્યાર કર્યું છે. સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં જંગલેશ્વર ડિમોલેશનના કામ પેટે રજૂ કરવામાં આવેલી ૨૭ લાખ રૂપિયાની ખર્ચની દરખાસ્તને સ્પષ્ટપણે નામંજૂર કરી દેવામાં આવી છે. આ અંગે ખુલાસો કરતા જણાવવામાં આવ્યું હતું કે, જે તે સમયે કામની તાકીદ અને સમયના અભાવનું કારણ આગળ ધરીને ટેન્ડર પ્રક્રિયા કર્યા વગર જ આ કામગીરી કરવામાં આવી હતી. નિયમોની અવગણના કરીને કરાયેલા આ ખર્ચને ચૂકવવાનો મનપાએ ઇનકાર કરી દીધો છે.

આ અંગે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશ પીપળીયાના જણાવ્યા મુજબ આજે સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળી હતી. જેમાં મુખ્ય ત્રણ જ દરખાસ્ત હતી. જેમાં જંગલેશ્વર ડિમોલિશન દરમિયાન થયેલા રૂ. ૨૭ લાખના ખર્ચની દરખાસ્ત માટે ટેન્ડરની નિયત પ્રક્રિયા કરવામાં આવી નહીં હોવાનું સામે આવતા આ ખર્ચ નામંજૂર કરવામાં આવ્યો છે. મેયર ડો. નેહલ શુક્લએ પણ આ મામલે જણાવ્યું હતું કે, રેટ કોન્ટ્રાક્ટની સમીક્ષા, પુનઃ સમીક્ષા અને તેને રદ કરવા બાબતે મેં સ્ટેન્ડિંગ કમિટીના સભ્યો અને ચેરમેનને એક અનુરોધ કર્યો હતો કે આની પુનઃ સમીક્ષા થવી જોઈએ. ■

## અમદાવાદના નવા પોલીસ કમિશનર તરીકે અનુપમસિંહ ગેહલોતની નિમણૂક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના પોલીસ કમિશનર તરીકે સુરતના વર્તમાન પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતની બદલી સાથે નિમણૂક કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા આ અંગે સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. હવે તેઓ અમદાવાદ શહેરની સુરક્ષા અને કાયદો-વ્યવસ્થાની જવાબદારી સંભાળશે. નોંધનીય છે કે અમદાવાદ પોલીસ કમિશનર જીએસ મલિકને રાજ્યના ડીજીપી બનાવ્યા બાદ અમદાવાદના પોલીસ કમિશનરની જગ્યા ખાલી પડી હતી. અનુપમસિંહ ગેહલોત ૧૯૯૭ બેચના આઈપીએસ અધિકારી છે. તેઓ ગુજરાતમાં અનેક મોટી જવાબદારીઓ સંભાળી ચૂક્યા છે. અનુપમસિંહ ગેહલોત રાજકોટ, સુરત, વડોદરા શહેરમાં પોલીસ કમિશનર જેવા અત્યંત મહત્વપૂર્ણ પદ પર ફરજ બજાવી ચૂક્યા છે. રાજ્યના સૌથી મોટા અને આર્થિક રીતે મહત્ત્વપૂર્ણ શહેર તરીકે અમદાવાદમાં પોલીસ કમિશનરની ભૂમિકા અત્યંત મહત્ત્વની માનવામાં આવે છે. રથયાત્રા પહેલા અમદાવાદને નવા પોલીસ કમિશનર મળતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ સુદૃઢ બનશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અનુપમસિંહ ગેહલોતની અમદાવાદ ખાતે બદલી થવાને કારણે હવે સુરત પોલીસ કમિશનરનું પદ ખાલી પડ્યું છે, પરંતુ આ ખાલી પડેલી જગ્યા માટે સરકાર દ્વારા હજુ સુધી કોઈ નવા અધિકારીના નામની સત્તાવાર જાહેરાત કે નિમણૂક કરવામાં આવી નથી. ■

## છોટાઉદેપુર કવાંટ હાઈવે પર કરજવાટ પાસે નિર્માણાધીન બ્રિજની બાજુનું ડાયવર્ઝન ધોવાતા ટ્રાફિક જૅમ સર્જાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં પડી રહેલા વરસાદને કારણે જનજીવન પર વ્યાપક અસર પડી છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર છોટાઉદેપુર જિલ્લાના કવાટ તાલુકામાં બુધવારે અચાનક પડેલા ભારે વરસાદે જનજીવન પર અસર પહોંચાડી હતી. ખાસ કરીને છોટાઉદેપુરથી કવાટ તરફ જતાં મુખ્ય માર્ગ પર કરજવાટ નજીક નિર્માણાધીન લો લેવલ બ્રિજ પાસે બનાવવામાં આવેલું કામચલાઉ ડાયવર્ઝન વરસાદી પાણીના જોરદાર પ્રવાહમાં ધોવાઈ જતાં વાહનવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો. પરિણામે બંને તરફ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. મળતી માહિતી મુજબ કરજવાટ નજીક લો લેવલ બ્રિજનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું હોવાથી વાહનચાલકો માટે બ્રિજની બાજુમાં કામચલાઉ ડાયવર્ઝન તૈયાર કરવામાં આવ્યું હતું. પરંતુ કોતરમાંથી આવેલા વરસાદી પાણીના જોરદાર પ્રવાહે ડાયવર્ઝનને ભારે નુકસાન પહોંચાડ્યું અને થોડા જ સમયમાં તેનો મોટો ભાગ ધોવાઈ ગયો. જેના કારણે આ માર્ગ પરથી પસાર થતા નાના-મોટા તમામ વાહનો અટકી પડ્યા હતા.

ડાયવર્ઝન ધોવાઈ જતાં પાનવડ કવાટ માર્ગ પર વાહનવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો. ■

## રાજસ્થાનમાં બસ અને ટ્રક વચ્ચે ભીષણ અથડામણ, આઠનાં મોત

જયપુરઃ રાજસ્થાનના દૌસા જિલ્લામાં દિલ્હી-મુંબઇ એક્સપ્રેસ-વૅ પર બુધવારે સવારના સુમારે બસ અને ટ્રક વચ્ચે ભીષણ અથડામણ થતાં આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં આઠ લોકોનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે ૨૪ ઘાયલ થયા હતા. આ જાણકારી પોલીસે આપી હતી.

આ અકસ્માત કોલવા પોલીસ સ્ટેશન વિસ્તારના ધનવાડા નજીક થયો હતો. દૌસાના એસપી પીયૂષ દીક્ષિતના જણાવ્યા અનુસાર આ દુર્ઘટનામાં પાંચ લોકો જીવતા સળગી ગયાં હતાં. બે જણને લોકોને માથામાં ગંભીર ઇજા થવાથી ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા હતા. તેમ જ એક વ્યક્તિનું દાઝી જવાથી હૉસ્પિટલમાં મૃત્યુ થયું હતું.

એસપીએ જણાવ્યું કે ખાનગી ટ્રાવેલ્સની બસ ઋષિકેશથી ઇન્દોર જઇ રહી હતી ત્યારે એક્સપ્રેસ-વૅ પર આગળ જઇ રહેલા ટ્રક સાથે ધડાકાભેર અથડાઇ હતી.

આ ટક્કર એટલી ભીષણ હતી કે બંને વાહનોમાં આગ ફાટી નીકળી હતી. ઇજાગ્રસ્તોને દૌસા જિલ્લા હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યાં તેમની હાલત સ્થિર હોવાનું જણાવાઇ રહ્યું છે. હૉસ્પિટલના એક ડોક્ટરના જણાવ્યા મુજબ બુધવારે આઠ મૃતદેહો લાવવામાં આવ્યા હતા.

અધિક એસપી શંકર લાલે જણાવ્યું કે માથામાં ઇજા થવાથી મૃત્યુ પામેલા બે લોકોમાંથી એકની ઓળખ ધર્મેન્દ્ર તરીકે થઇ છે. જ્યારે બાકીના મૃતકોની ઓળખ કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે આગ પર નિયંત્રણ મેળવ્યા પછી ફાયર ફાઇટર, પોલીસ અને સ્થાનિક વહીવટીતંત્રે બચાવ અભિયાન હાથ ધર્યું હતું. ■

## ગૌહત્યા પરનો પ્રતિબંધ હટાવવા તમિળનાડુ સરકારની સુપ્રીમ કોર્ટમાં અરજી

નવી દિલ્હીઃ તમિળનાડુ સરકારે રાજ્યમાં ગાય અને વાછરડાની કતલ પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવતા મદ્રાસ હાઇ કોર્ટના આદેશને પડકારતી સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. તમિળનાડુ સરકારે પોતાની અરજીમાં હાઇ કોર્ટના ૨૭ મેના આદેશને પડકાર્યો હતો, જેમાં મુખ્ય સચિવ અને પોલીસ મહાનિર્દેશક/ પોલીસ દળના વડાને ૨૮ મે, બકરી ઇદની પૂર્વસંધ્યાએ અથવા અન્ય કોઈપણ દિવસે રાજ્યભરમાં કોઈ ગાય કે વાછરડાની કતલ ન થાય તેની ખાતરી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. હાઇ કોર્ટનો આદેશ ૧૯૭૬ના આદેશ પર આધારિત હતો જેમાં દૂધ ઉત્પાદન અને ગ્રામીણ અર્થતંત્રમાં સુધારો લાવવાનાં હિતમાં ગાયની કતલ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. પોતાની અરજીમાં રાજ્ય સરકારે દલીલ કરી હતી કે આ આદેશ તમિળનાડુ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૮ની વિરુદ્ધ છે. આ કાયદો સક્ષમ અધિકારી દ્વારા જાહેર કરાયેલા પ્રમાણપત્રના આધારે ૧૦ વર્ષથી વધુ ઉંમરની ગાયોની કતલ કરવાની મંજૂરી આપે છે જે કામ કરવા અથવા સંવર્ધન માટે અયોગ્ય છે.

કે. સૂર્યા પ્રશાંત દ્વારા દાખલ કરાયેલી અરજીમાં આ માગ કરવામાં આવી હતી. કતલ ફક્ત નિયુક્ત સ્થળોએ જ થવી જોઈએ. અરજીમાં સંપૂર્ણ પ્રતિબંધની માગ કરવામાં આવી ન હતી. ■

## ગુજરાતમાં ૧૮ વર્ષ સુધીના દરેક બાળકનો બનશે હેલ્થ પાસપોર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકારે બાળકો તથા કિશોર-કિશોરીઓ માટેની હેલ્થકેર સુવિધાઓને વધુ સ્માર્ટ, સસ્ટેનેબલ અને ફેમિલી તેમજ ચાઇલ્ડ ફ્રેન્ડલી બનાવવા માટે હેલ્થ પાસપોર્ટની પહેલ હાથ ધરી છે.

સ્કૂલ હેલ્થ રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ હવે ગુજરાતમાં જન્મથી ૧૮ વર્ષ સુધીના દરેક બાળકનો પોતાનો એક હેલ્થ પાસપોર્ટ હશે. આ કોઈ સામાન્ય હેલ્થ કાર્ડ નહીં હોય, પરંતુ બાળકના જન્મથી લઈને કિશોરાવસ્થા સુધીની સંપૂર્ણ મેડિકલ હિસ્ટ્રી દર્શાવતું એક પ્રમાણભૂત દસ્તાવેજ હશે, તેમ રાજ્ય સરકારે જણાવ્યું હતું.

ગુજરાતમાં દર વર્ષે લગભગ ૧.૮૯ કરોડ બાળકોનું હેલ્થ ચેકઅપ ૯૯૨ મોબાઇલ હેલ્થ ટીમો દ્વારા કરવામાં આવે છે. હાલમાં આ ચેકઅપ્સનો રેકોર્ડ ડિજિટલ પોર્ટલ પર તો ઉપલબ્ધ છે, પરંતુ માતા-પિતા અથવા બાળકો પાસે એવું કોઈ સુવિધાજનક ડોક્યુમેન્ટ ઉપલબ્ધ નથી, જેનો ઉપયોગ તેઓ નિયમિત રૂટિન ચેકઅપ, સારવાર અથવા ફોલો-અપ માટે સરળતાથી કરી શકે. પ્રસ્તાવિત હેલ્થ પાસપોર્ટ બાળકોના મેડિકલ રેકોર્ડ્સને એક સિસ્ટમેટિક અને સરળ ફોર્મેટમાં ઉપલબ્ધ કરાવશે. ■

## જૂન મહિનામાં દેશમાં સૌથી ઓછો વરસાદ ગુજરાતમાં, અમદાવાદ કોરુંધાક

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) ના જણાવ્યા અનુસાર, જૂન મહિનામાં ગુજરાતમાં દેશનો સૌથી ઓછો વરસાદ નોંધાયો હતો. જ્યાં ૩૦ જૂન સુધીમાં સામાન્ય રીતે ૧૧૦.૮ મિ.મી. વરસાદ પડતો હતો તેની સામે માત્ર ૨૦.૫ મિ.મી. વરસાદ પડ્યો છે. ૮૨% વરસાદની ડેફિસિટ સાથે, રાજ્ય દેશમાં પહેલા ક્રમાંકે છે. મેઘાલયમાં ૭૪%, મણિપુર ૭૧% અને છત્તીસગઢમાં ૬૫% ડેફિસિટ નોંધાઈ હોવાનું અહેવાલો જણાવે છે.

અમદાવાદમાં જૂન મહિનો કોરો ધાક રહ્યો છે. જૂન મહિનામાં ૯૮.૨ મીમી વરસાદ પડતો હતો, પરંતુ જિલ્લામાં ફક્ત ૨૨.૮ મિ.મી. વરસાદ પડ્યો હતો, જે ૭૭% ડેફિસિટ દર્શાવે છે. શહેરમાં અત્યાર સુધીમાં ફક્ત ૧૧ મિ.મી. વરસાદ પડ્યો છે, જે સરેરાશ વાર્ષિક વરસાદના માત્ર ૧.૩% છે.આઈએમડી અધિકારીઓના જણાવ્યા અનુસાર ચોમાસું જૂનના અંત સુધીમાં સમગ્ર રાજ્યને આવરી લે છે, પરંતુ આ વર્ષે ગતિ ધીમી રહી છે, જેમાં અત્યાર સુધી ફક્ત દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ જ આવરી લેવામાં આવ્યા છે.■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ચીનની ઘૂસણખોરીના દાવા, કેન્દ્ર સાંસદોને મોકલીને શંકા દૂર કરી શકે

**અરુણાચલ** પ્રદેશ અત્યારે એક તરફ ભારે વરસાદના કારણે આવેલા પૂર સામે ઝઝૂમી રહ્યું છે અને ભારે તબાહીથી બેવડ વળી ગયું છે ત્યારે બીજી તરફ અરુણાચલ પ્રદેશની બીજી જમીન ચીને પડાવી લીધી હોવાના આક્ષેપ થયા છે. અરુણાચલ પ્રદેશના નાહ આદિવાસી સમુદાયે આક્ષેપ કર્યો છે કે ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ)એ છેલ્લાં છ વર્ષમાં અરુણાચલ પ્રદેશમાં મોટા પાયે ઘૂસણખારી કરીને હજારો ચોરસ કિલોમીટર જમીન બથાવી પાડી છે. જૂન ૨૦૨૦માં આ ખીણમાં ભારત અને ચીનની સેનાઓ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી, જેમાં ભારતના ૨૦ સૈનિકો શહીદ થયા હતા.

ચીને ૧૯૬૨ના યુદ્ધ વખતે અરુણાચલ પ્રદેશનો ૮૪ હજાર ચોરસ કિલોમીટર વિસ્તાર પડાવી પાડેલો એ સિવાયનો વધારાનો વિસ્તાર ચીને પડાવી લીધો હોવાનો દાવો કરીને નાહ વેલ્ફેર સોસાયટી (એનડબ્લ્યુએસ)એ સુબાનસિરી જિલ્લાના કલેક્ટરને આવેદનપત્ર પણ આપ્યું છે. નાહ વેલ્ફેર સોસાયટીનો દાવો છે કે, ચીનના લશ્કરે તાકિંસગ સેક્ટરમાં પાંચ પરંપરાગત નાહ પ્રદેશોમાં છાવણીઓ બનાવી છે અને રસ્તા તાણી બાંધ્યા છે. ઓયિંગ (આસાફિલા વિસ્તાર), પાનિયાર (ચુજરતા વિસ્તાર), માર્પન (મારનાફે), પોટ્રાંગ તળાવ અને ટિંડિંગટાંગ આ પાંચ વિસ્તારોમાં આદિવાસીઓનાં શિકારનાં મેદાન, ગૌચર એટલે કે પશુઓને ચરાવવાની જમીનો ઉપરાંત સાંસ્કૃતિક રીતે મહત્ત્વનાં સ્થળો પર પણ ચીનાઓએ કબજો કરી લીધો છે.

નાહ આદિવાસીઓને આ વિસ્તારોમાં જવા દેવાતા નથી ને કોઈ જવાની કોશિશ કરે તો ચીના ધોઈ નાંખે છે. નાહ વેલ્ફેર સોસાયટીના પ્રમુખ કેરુ ચાડેરે મીડિયાને પણ કહ્યું કે, છેલ્લા છ વર્ષમાં ચીનનો કબજો થતાં ભારતીય નાગરિકો પહેલાં મુક્તપણે ફરતા હતા એવા વિસ્તારોમાં જઈ શકતા નથી. આ વિસ્તારોમાં બૌદ્ધ ધર્મનાં ઘણાં મહત્વનાં ધર્મસ્થાન આવેલાં છે પણ ચીના લોકોને ત્યાં ફરકવા પણ દેતા નથી તેથી ભારતીયોનાં મૂળભૂત અધિકારોના ધજાગરા ઉડી રહ્યા છે.

ભારત સરકારે આ દાવાઓને ખોટા ગણાવ્યા છે અને અરુણાચલ પ્રદેશમાં ચીને કોઈ ઘૂસણખોરી નહીં કરી હોવાની જૂની રેકર્ડ પાછી વગાડી છે. કેન્દ્ર સરકાર વતી કિરેન રિરિજુએ આ વાતને સાવ ખોટી ગણાવીને કહ્યું છે કે, ભારત અને ચીન વચ્ચેની સરહદ નક્કી થયેલી નથી તેથી બંને દેશોના સૈનિકો એકબીજાના પ્રદેશમાં થોડાક ઘૂસી જાય એવું બને છે પણ ચીને ભારતનો પ્રદેશ પચાવી પાડ્યો હોવાની વાત સાવ ખોટી છે. ભારતીય લશ્કરે પણ આ અહેવાલોને સ્પષ્ટપણે નકારી કાઢ્યા છે ને કહ્યું છે કે, તાકિંસગ કે બીજા કોઈ વિસ્તારમાં ચીને ઘૂસણખોરી કરી હોવાની વાતમાં દમ નથી.

ભાજપ સરકાર આ વાતોને ખોટી ગણાવી રહી છે ત્યારે ભાજપના જ નાકપ નાલો સહિતના કેટલાક ધારાસભ્યોએ નાહ આદિવાસીઓની વાતમાં સૂર પુરાવ્યો છે. તાકિંસગ સરહદ નજીકના બીજા સમુદાયોએ પણ નાહ આદિવાસીઓની વાતને સાચી ગણાવતાં અરુણાચલ પ્રદેશની સરકારે આ દાવાઓની સત્યતા ચકાસવા માટે તપાસ સમિતિ રચવાની જાહેરાત કરવી પડી છે. અરુણાચલ પ્રદેશમાં અત્યારે ભાજપના પેમા ખાંડુની સરકાર છે. ખાંડુ સરકારે રચેલી સમિતિ ક્યાં સુધીમાં રિપોર્ટ આપશે એ સ્પષ્ટ નથી પણ સમિતિ રચવી પડી તેના કારણે સરકાર ભીંસમાં છે એ સ્પષ્ટ છે. સ્થાનિક સ્તરે ઊહાપોહ થયો હોય તો જ સરકારે સમિતિ રચવી પડે, બાકી સરકાર આખી વાતને એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાંખે.

સમિતિના રિપોર્ટમાં શું આવશે એ ખબર નથી પણ આ દાવા-પ્રતિદાવાના કારણે ચીનની ભારતના પ્રદેશોમાં ઘૂસણખોરીનો મુદ્દો ફરી રાષ્ટ્રીય સ્તરે ચમકી ગયો છે. આ મુદ્દો એટલા માટે ગંભીર છે કે અત્યાર લગી ચીને લડાખ વિસ્તારમાં ઘૂસણખોરી કરી હોવાના આક્ષેપો થતા હતા. હવે ચીન અરુણાચલ પ્રદેશમાં ઘૂસણખોરી કરી રહ્યું હોવાના આક્ષેપો થયા છે. તેનો અર્થ એ થયો કે, ચીની નાપાક હરકતો માત્ર એક વિસ્તાર પૂરતી મર્યાદિત નથી પણ આખી ભારત સરહદે ચીન ગોરખધંધા કરી રહ્યુ છે.

જૂન ૨૦૨૦માં ગલવાન ખીણમાં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે હિંસક અથડામણ થઈ ત્યારથી ચીન ભારતના પ્રદેશોમાં બાંધકામ કરી રહ્યું છે અને ભારતના વિસ્તારો કબજે કરી રહ્યું છે એવા આક્ષેપો સતત થયા કરે છે. ગલવાન ખીણની અથડામણમાં ભારતના ૨૦ સૈનિકો શહીદ થયા હતા ને ભારતની આબરૂનો ધજાગરો થઈ ગયો હતો. એ પછી ભારતે વળતો જવાબ આપીને ચીનના સૈનિકોને માર્યા હોવાના દાવા પણ થયા. ગલવાન ખીણની ભારત ચીનને જડબાતોડ જવાબ આપી રહ્યો હોવાનો પ્રચાર પણ સોશ્યલ મીડિયા પર જોરશોરથી કરાય છે. આ દાવામાં કેટલી સચ્ચાઈ છે એ આપણને ખબર નથી પણ ચીને ભારતના પ્રદેશો પચાવી પાડ્યા હોવાના દાવા એક કરતાં વધારે સ્રોત દ્વારા કરાયા છે એ હકીકત છે.

રાહુલ ગાંધી તો સતત આ આક્ષેપો કર્યા જ કરે છે કે ચીને ભારતનો બહુ મોટો પ્રદેશ પચાવી પાડ્યો છે. રાહુલ ગાંધી વિપક્ષમાં છે તેથી કેન્દ્ર સરકારને ભીંસમાં લેવા માટે આવા આક્ષેપો કરતા હોય એ શક્ય છે. રાજકારણીઓને ખોટું બોલવામાં જરાય સંકોચ નથી નડતો ને રાહુલ પણ અંતે તો રાજકારણી છે તેથી એ ખોટું બોલતા હોય એ શક્ય છે પણ બીજા સ્વતંત્ર કહી શકાય એવા સ્રોત દ્વારા પણ આ દાવા કરાયા છે. અમેરિકાની કેટલીક થિન્ક ટેન્ક દ્વારા તો પુરાવા તરીકે સેટેલાઈટ તસવીરો પણ બહાર પડાઈ છે તેના કારણે ચીનની હરકતો શંકાસ્પદ છે ને ભારત સરકારના દાવાની સચ્ચાઈ પણ શંકાસ્પદ છે.

ભારત સરકારે આ શંકા દૂર કરવી જોઈએ કેમ કે આ મુદ્દો રાષ્ટ્રીય સુરક્ષાને લગતો છે. આ શંકા દૂર કરવા માટે સાંસદોનું બનેલું એક સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ ચીન સાથેની સરહદના વિસ્તારોમાં મોકલી શકાય. આ પ્રતિનિધિમંડળ ચીનની સરહદ અડકે છે એ બધા વિસ્તારોમાં જાય, લોકોને મળે ને ગ્રાઉન્ડ રિયાલિટી એટલે કે જમીની હકીકત તપાસીને પછી સર્વાનુમતે રીપોર્ટ આપે કે, ચીને ૧૯૬૨ના યુદ્ધમાં પચાવી પાડેલી તેના સિવાય વધારાની એક ઈંચ જમીન પણ પચાવી પાડી નથી તો આ શંકા નિર્મૂળ થાય.

આપણે ત્યાં સરકારી તપાસ રીપોર્ટને એડિટ કરી દેવાય છે ને કાપકૂપ કરીને મૂકી દેવાય છે. સરકારના વલણને અનુરૂપ ના હોય એવું બધું કાઢી નંખાતું હોય છે.

આ રિપોર્ટમાં ભારતના વિસ્તારોમાં રહેતા લોકોની રજૂઆતો કોઈ પણ પ્રકારની કાપકૂપ વિના મુકાવી જોઈએ કે જેથી સ્થાનિક લોકો શું માને છે તેની પણ દેશને ખબર પડે. બાકી, સરકાર ઈનકાર કરે તેના પર કોઈને ભરોસો નહીં બેસે. એક સમયે ભારતીય લશ્કરની વાત પર લોકો આંધળો વિશ્વાસ કરતાં પણ હવે એ માહોલ નથી કેમ કે ભારતીય લશ્કર પણ વિરોધાભાસી વાતો કરે છે. આ સંજોગોમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ જ દૂધનું દૂધ ને પાણીનું પાણી કરી શકે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર વર્ષાઋતુ, ગુરુવાર, તા. ૨-૭-૨૦૨૬, ભદ્રા પ્રારંભ

- ભારતીય દિનાંક ૧૧, માહે અષાઢ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, નિજ જયેષ્ઠ વદ-૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે નિજ જયેષ્ઠ, તિથિ વદ-૨
- પારસી શહેનશાહી રોજ ૨૨મો ગોવાદ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૨મો ગોવાદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૪મો ગોશ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૬મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧૭મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- નક્ષત્ર ઉત્તરાષાઢા સવારે ક. ૦૯-૨૬ સુધી, પછી શ્રવણ
- ચંદ્ર મકરમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૦, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.

-ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ-

- ભરતીઃ બપોરે ક. ૧૩-૪૨, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૨૪ (તા. ૩)
- ઓટઃ સવારે ક. ૦૬-૪૮, રાત્રે ક. ૧૯-૫૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, નિજ જયેષ્ઠ કૃષ્ણ - દ્વિતીયા. ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૨.30.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ ગુરુ-ચંદ્ર ગ્રહદેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, પરદેશગમનનું પસ્તાનું, પરગામ પ્રયાણ મધ્યમ, હજામત, માલ લેવો, નિત્ય થતાં દુકાન-વેપારના કામકાજ, મંદિરોમાં પાટ-અભિષેક પૂજા, વૃક્ષ વાવવું, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ સાહસિક સ્વભાવ, મંગળ-રાહુ ચતુષ્કોણ વિવાદોથી દૂર રહેવું જરૂરી
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, મંગળ-રાહુ ચતુષ્કોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય-મિથુન, મંગળ-વૃષભ, વક્રી બુધ-મિથુન, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-કર્ક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# મોમીનોમાં વધતો જતો ખોફ અને અસલામતીની ભાવના પાછળનાં આ રહ્યાં કારણો

**અલ્લાહ** પર ઈમાન લાવી, સંપૂર્ણ ભરોસો રાખનારને 'મોમીન' કહેવામાં આવે છે. મોમીનનો અર્થ 'ઈમાનદાર મુસલમાન' થાય છે. આજે આ સાચો ઈમાનદાર મુસલમાન ખૌફથી - ડર અને ભયથી પીડાતો જોવા મળે છે. આ ખૌફના પ્રકાર જુદા જુદા હોય છે. મોમીનને અલ્લાહ પર એતબાર - (ભરોસો) તો છે, પરંતુ ભૌતિક સુખને જ સાચું સુખ સમજી લેવાની મૂર્ખાઈભરી સોચને કારણે તે કહેવાતી પ્રગતિકર્તા આધુનિક દુનિયાની જંજાળમાં એવો તો ગૂંચવાઈ ગયો છે કે મુસીબતના સમયે અલ્લાહને તો પુકારવામાં આવે છે, પણ એ સાદમાં શક પણ ભળેલો હોય છે એટલે તેને મુક્તિ મળતી નથી. કુરાને મજીદમાં ફરમાવવામાં આવ્યું છે કે - '(અય રસૂલ) તમે કહી દો કે અગર તમે દુઆ કરતા ન રહો તો મારા પરવરદિગારને તમારી કોઈ પરવા નથી, તમે તો મારા પયગંબરને ખોટો ઠરાવ્યો છે, તો નજીકમાં જ તેનો બદલો તમારા માથા ઉપર પડશે.' (સૂરએ ફુરકાન, આયત ૭૭). આ આયતમાં અલ્લાહતઆલાએ એવા માનવીઓ પ્રત્યે બેપરવાહી દર્શાવી છે કે જેઓ તેના રસૂલ મારફત જે ઉતારવામાં આવેલું તેને સંપૂર્ણપણે અનુસરવામાં કચાસ રાખતા હતા. આજે અલ્લાહના ચિંધેલા માર્ગથી ચલિત થવાનું પરિણામ એ આવ્યું છે, કે મોટાભાગના લોકોમાં ભયની ગ્રંથિનો ગ્રાફ વધતો જાય છે.

જે રીતે ફીરઔન (જેણે દુનિયામાં પોતે અલ્લાહ હોવાનો દાવો કર્યો હતો) દિવસ દરમિયાન અલ્લાહને જુઠલાવતો રહેતો હતો અને રાત્રે ભયથી કંપી સજદો કરતો કે - 'અય માલિક, મને બચાવી લે.' કંઈક આવી જ સ્થિતિ આજના આપણા 'મોમીનો'ની છે. દિવસ આખો હુકમે ઈલાહી (અલ્લાહના ફરમાન) પર અમલ કરતા નથી અને રાતના ઈબાદત કરી ક્ષમાની યાચના કરતા હોય છે. આવી હાલતમાં ખૌફ કદી નિર્મૂળ નહીં થાય. અને ડર દિલમાં જગ્યા બનાવતો જશે.

વર્તમાન સમયમાં ભયના અનેક પ્રકાર જોવા મળે છે. એક શખસને એવો ડર સતાવતો હતો કે જ્યારે પોતે રાત્રે ઊંઘી જશે તો તેનો શ્વાસ બંધ પડી જશે - આથી એ એટલો ગભરાતો હતો કે તેણે પોતાના એક સંબંધીને વિનંતી કરી કે પોતે ઊંઘી જાય ત્યારે તે પથારી પાસે બેસી રહે અને જોતો રહે કે એનો શ્વાસ બંધ તો નથી પડી રહ્યો ? જો આવું થાય તો તેને તરત જગાડી દે. આવા કાલ્પનિક શકના ખૌફથી પીડાતા લોકોની સંખ્યા આજે ઘણી છે, જ્યારે ઘણાને એવો ભય સતાવતો હોય છે કે કંઈક ભયંકર બનવાનું છે અને જ્યારે દિવસ પસાર થાય ત્યારે ક્ષણિક હાશકારો અનુભવી ફરી બીજે દિવસે કંઈક અજુગતું બનશે એવા ડર સાથે રાત વીતાવતો જોવા મળે છે. ખૌફ અને અસલામતીની ભાવના આજે સૃષ્ટિનો એક અસાધ્ય રોગ બની ગયો છે અને તે દરેક માનવીના આત્મા પર હુમલો કરતો રહે છે, પછી તે વ્યક્તિ અદના હોય કે આલાં, ગરીબ હોય કે તવંગર આ રોગ સર્વત્ર નજરે પડે છે.

સાયન્ટિસ્ટો ભય અંગે સંશોધન કર્યા પછી એ પરિણામ ઉપર આવ્યા છે, કે ડર પેદા થવાના મુખ્ય કારણોમાં એક એ છે કે સંતાનો તરફનું મા-બાપનું વલણ. બીજું ભયજનક પુસ્તકોનું વાંચન અથવા કુટુંબમાં કોઈનું મૃત્યુ અથવા અચાનક કંઈ માઠું સાંભળવામાં આવ્યું હોય. વહેમ, અંધશ્રદ્ધા, ખોટી માન્યતા, શરીર પર ઈજા અથવા લાગણીને ઠેસ પહોંચી હોય તેવી ઘટના જેવી બાબતો નાનપણમાં ભયની ગ્રંથિ પેદા કરવામાં મુખ્ય ભાગ ભજવતી હોય છે અને ધીરે ધીરે યુવાન વયે કાયમી ઘર કરી જાય છે અને વ્યક્તિના જીવનની દરેક પળને તે હાનિ પહોંચાડતી હોય છે. બીમારીને નોતરતી હોય છે.

વૈજ્ઞાનિકોના આ સંશોધનમાં અમુક અંશે સચ્ચાઈ હોય તો પણ ભયનું મુખ્ય કારણ છે, માનવીના ગુના અને તે ગુનાઓને આચરતા રહેવાનો વણથંભ્યો દૌર.

ખૌફ બે પ્રકારના હોય છે. એક કાલ્પનિક અને બીજો સાચો. કાલ્પનિક ભયમાં પોતાનું શું થશે એવી અસલામતીની ભાવના ઘર કરી ગઈ હોય છે. દીને ઈસ્લામે ખૌફ અને શકથી કઈ રીતે બચી શકાય તે માટે મોમીનોને ઉમદા હિદાયત આપી છે. આ અંગેના ઈસ્લામના સૂચનોને વર્ણવતા લેખનો રસપ્રદ બીજો અને છેલ્લો ભાગ ઈન્શાહઅલ્લાહ; ઈશ્વર ઈચ્છાધિન આવતા અંકમાં વાંચીશું અને હિદાયત; ધર્મજ્ઞાનને તેના સાચા અર્થમાં સમજીશું.

### સાપ્તાહિક સંદેશ

જો તમારી જીભ અથવા હાથ કોઈની નિંદા; ગીબત કે બૂરાઈ કરવા તૈયાર થાય તો તમે પહેલાં મૌત અને સકરાત, મૌતના આગમનને યાદ કરજો. એ સમયે ગુનાહગારની જીભ થોથવાવા માંડશે.

* કબર અને કયામત, ન્યાયનો દિવસ, આખરી નિર્ણય, પ્રલયને યાદ કરો, જીભને તાળું લાગી જશે. એ સમયે ગુનાહગારની જીભ થોથવાવા માંડશે.

* કબર અને કયામતને યાદ કરો, જીભને તાળું લાગી જશે, એ વખતે અલ્લાહ જેને રજા આપશે એજ બોલી શકશે.

* પોતાના હિસાબને યાદ કરો, એક એક શબ્દ, એક એક વાક્યનો હિસાબ આપવો પડશે.

* આ વાત પણ નજર સામે રાખો કે આ ઉમ્મત, પ્રજાના મોટાભાગના જહન્નમ, દોઝખમાં જનારા લોકો એ જ હશે કે જેમણે જીભથી ગુનાહો આચર્યા છે.

* આ પણ યાદ રાખજો તમે જે આ'માલનામું પોતાના કાર્યોથી ભરી દીધું છે તે અલ્લાહ પાસે છે, હવે વિચારી જુઓ કે કઈ વાતો વડે આ'માલનામું કર્મ, કરણી, કામથી ભર્યું છે.

- અસનાદ, સદા સત્ય ઉચ્ચારનાર, સત્યનું જ આચરણ કરનાર - હુઝૂરે અનવર (સલ્લલ્લાહો અલૈયહિ વસ્સલામ). ■

# એન્ટવર્પના બિલ્ડિંગમાં ભીષણ આગઃ છ મોત

એન્ટવર્પઃ બેલ્જિયમના એન્ટવર્પ શહેરમાં ૧૦ માળની રહેણાંક ઇમારતમાં આગ ફાટી નીકળતા મોટી દુર્ઘટના સર્જાઇ હતી. જેમાં અત્યાર સુધીમાં છ લોકોનાં મોત નીપજ્યા છે. જ્યારે અનેક ઘાયલ થયાના અહેવાલ છે. આ જાણકારી પોલીસે આપી હતી.

એન્ટવર્પ પોલીસે એક નિવેદનમાં જણાવ્યું કે શહેરના લિંકોરોવર વિસ્તારમાં આવેલી ઇમારતના આઠમા માળે સવારના સુમારે આગ લાગી હતી. આ ઇમારતમાં ૨૦૦થી વધુ લોકો રહે છે. આગ ફાટી નીકળવાથી આકાશમાં ધુમાડાનાં વાદળો છવાઇ ગયાં હતાં.

એન્ટવર્પ પોલીસના પ્રવક્તા કિમ બાસ્ટિયાન્સે જણાવ્યું કે અત્યાર સુધીમાં આ આગમાં છ લોકોનાં મોત થયા છે. જ્યારે અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. જ્યારે કેટલાકને નાની-મોટી ઇજાઓ થઇ છે. દુર્ઘટનાને પગલે ૧૦ માળની ઇમારત ખાલી કરાવવામાં આવી હતી. જો કે આગ લાગવાનું કારણ તાત્કાલિક જાણી શકાયું નથી. પરંતુ બાસ્ટિયાન્સે જણાવ્યું કે આગ ગ્રાઉન્ડ ફ્લોરથી શરૂ થઇ હતી અને ફોરેન્સિક નિષ્ણાંતો ઘટનાસ્થળની તપાસ કરી રહ્યા છે. બેલ્જિયમના વડા પ્રધાન બાર્ટ ડી વેવરે જણાવ્યું કે મારી સંવેદનાઓ લિંકોરોવરમાં લાગેલી ભીષણ આગના પીડિતો અને સ્થળાંતર કરનારાઓ સાથે છે. લિંકોરોવર એન્ટવર્પના પૂર્વ ભાગમાં આવેલું છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### વૉટ્સએપના 'યુઝરનેમ'

વોટ્સએપના આગામી 'યુઝરનેમ' ફીચરની લૉન્ચ પહેલા અથવા તે દરમિયાન સમીક્ષા કરશે. આ સમીક્ષાનો મુખ્ય ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે નવી સિસ્ટમ ઓનલાઈન છેતરપિંડી, નકલ અને સાયબર ક્રાઈમ જેવી ઘટનાઓને પ્રોત્સાહન ન આપે.

સૂત્રોએ જણાવ્યું હતું કે સરકાર સંભવિત જોખમોનું મૂલ્યાંકન કરશે અને મેટાની માલિકી ધરાવતા આ પ્લેટફૉર્મની જાહેરાતે ચિંતામાં વધારો કર્યો છે. તેમણે કહ્યું કે આ ફીચરથી યુઝર્સ એવા યુઝરમેન પસંદ કરી શકે જે વાસ્તવિક એજન્સીઓ અને અન્ય સંસ્થાઓના યુઝરનેમ જેવા દેખાતા હોય જેનાથી છેતરપિંડીની શક્યતા વધી શકે છે. સાથે જ તેની સાર્વજનિક સુરક્ષા અને સમાજ પર ખરાબ અસર પડી શકે છે. સૂત્રોએ કહ્યું કે સરકાર રાષ્ટ્રીય સુરક્ષા અથવા જાહેર સલામતી સાથે સમાધાન કરશે નહીં. કંપનીએ યુઝરનેમ માટે શરૂઆતમાં રિઝર્વેશનની શરૂઆત કરી છે. આ વર્ષના અંતમાં સત્તાવાર રીતે રોલઆઉટ કરવામાં આવશે. વોટ્સએપ કંપનીએ કહ્યું કે તમે યુઝરનેમ રિઝર્વ રાખી શકો છો જેથી જ્યારે ફીચર લૉન્ચ કરવામાં આવે ત્યારે તમે તેનો ઉપયોગ કરી શકો. ■

### સ્પેનમાં ગરમીનો

અનુસાર, હીટવેવની અસર ચોથી જુલાઈના રોજ સૌથી વધુ જોવા મળશે. આ સમય વીકએન્ડ હોવાના કારણે અમેરિકાના લોકો માટે ઉજવણીનો સમય હોય છે. મિયામી અને કેન્સાસ સિટીમાં ફિફા વર્લ્ડ કપની અનેક મેચ પણ રમાશે. સ્પેનની કાર્લોસ ૩ હેલ્થ ઇન્સ્ટિટ્યૂટે એક અહેવાલમાં જણાવ્યું હતું કે ગયા મહિને હીટવેવ દરમિયાન ઓછામાં ઓછા ૧,૦૨૮ ગરમી સંબંધિત કારણોસર મૃત્યુ નોંધાયા હતા. આ સંખ્યા જૂન ૨૦૨૫માં નોંધાયેલા ૪૦૭ મૃત્યુ કરતાં બમણાથી વધુ હતી. ૨૦૧૫ પછી જૂનમાં ગરમીને કારણે થયેલા આ સૌથી વધુ મૃત્યુ હતા. ફ્રાન્સ, જર્મની અને અન્ય યુરોપિયન દેશોમાં ૪૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાને રેકૉર્ડ તોડી નાખ્યા છે. અમેરિકામાં મધ્યપશ્ચિમ અને દક્ષિણમાં ગરમીની સ્થિતિ પહેલાથી જ સ્થિર થઈ ગઈ છે. દેશના મોટા ભાગોમાં તાપમાન ૩૫ અને ૪૦.૬ ડિગ્રી વચ્ચે રહેવાની આગાહી કરાઈ છે. ■

### કમર્શિયલ એલપીજી

ખાનગી રિટેલર કંપની બની હતી.

ઑઇલ માર્કેટિંગ કંપનીઓએ કમર્શિયલ એલપીજીના ૧૯ કિલોગ્રામના સિલિન્ડરનો ભાવ રૂપિયા ૧૮૩.૫૦ ઘટાડ્યો હતો. આ ઘટાડો ચાલુ વર્ષે પ્રથમ વખત કરાયો હતો.

કમર્શિયલ એલપીજીનો ભાવ સિલિન્ડર દીઠ રૂપિયા ૩,૧૧૩થી ઘટીને રૂપિયા ૨,૯૩૦ થયો છે. ફ્રી ટ્રેડ એલપીજી (એફટીએલ)ના પાંચ કિલોગ્રામના સિલિન્ડરનો ભાવ રૂપિયા ૧૩ ઘટાડીને રૂપિયા ૮૦૮.૫૦ કરાયો છે.

દરમિયાન, ઘરેલુ રાંધણગૅસના ૧૪.૨ કિલોગ્રામના સિલિન્ડરના ભાવમાં કોઇ ફેરફાર નથી કરાયો.

સરકારે ગયા મહિને એટીએફ પ્રાઇઝ સ્ટેબિલાઇઝેશન સ્કીમ શરૂ કરી હતી, જેમાં જોડાયેલી ઍરલાઇન્સ લિટર દીઠ રૂપિયા ૧૧૫ના નક્કી કરાયેલા ભાવે ત્રણ વર્ષ સુધી જેટ ફ્યુઅલ ખરીદી શકે છે.

આમ છતાં, જે ઍરલાઇન્સ એટીએફ પ્રાઇઝ સ્ટેબિલાઇઝેશન સ્કીમમાં નથી જોડાઇ, તેઓએ બજારના ભાવે જેટ ફ્યુઅલ ખરીદવું પડે છે.

નાયરા એનર્જીએ પેટ્રોલનો ભાવ લિટર દીઠ રૂપિયા પાંચ અને ડીઝલનો ભાવ લિટર દીઠ રૂપિયા ત્રણ ઘટાડ્યો છે. તેના દેશમાં ૭,૦૦૦થી વધારે ફ્યુઅલ સ્ટેશન છે. અગાઉ, ઇરાન અને અમેરિકા વચ્ચેના યુદ્ધને કારણે તેમ જ હોર્મુઝ ખાડીમાંથી વેપારી જહાજોની અવરજવર લગભગ બંધ થઇ ગઇ હોવાથી દુનિયાભરમાં ઈંધણ અને કુદરતી ગૅસની અછત ઊભી થઇ હતી અને તેઓના ભાવ વધ્યા હતા. (એજન્સી) ■

### મજબૂત લોકલ ડિમાન્ડને

મંત્રાલય દ્વારા બુધવારે જાહેર કરાયેલ માસિક કલેક્શન ડેટા અનુસાર, જૂનમાં કુલ જીએસટી આવક ૧,૯૪,૮૧૨ કરોડ રૂપિયા હતી જે ગત વર્ષના સમાન મહિનામાં ૧,૭૧,૧૦૫ કરોડ રૂપિયા હતી. જૂન ૨૦૨૬માં સ્થાનિક વ્યવહારોમાંથી કુલ કલેક્શન ૧,૩૪,૭૭૪ કરોડ રૂપિયા હતું, જે જૂન ૨૦૨૫માં એકત્રિત કરાયેલ ૧,૨૬,૫૦૬ કરોડ રૂપિયા કરતા ૬.૫ ટકા વધુ હતું.

જૂનમાં આયાતમાંથી કુલ જીએસટી આવક વાર્ષિક ધોરણે ૩૪.૬ ટકા વધીને ૬,૦૦૩૮ કરોડ રૂપિયા થઈ, જે ગયા વર્ષના સમાન મહિનામાં ૪૪,૬૦૦ રૂપિયા કરોડ હતી. નિષ્ણાતોએ ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ બે મહિનામાં દેશની મજબૂત નિકાસ કામગીરીને કારણે આ તીવ્ર વૃદ્ધિનો શ્રેય આપ્યો છે.

જૂન મહિનામાં જીએસટીની ચોખ્ખી આવકમાં વાર્ષિક ધોરણે બે આંકડામાં વૃદ્ધિ જોવા મળી હતી, ખાસ કરીને સ્થાનિક વ્યવહારોમાં રિફંડમાં નોંધપાત્ર વધારો થયો હોવા છતાં. રિફંડ પછી, જૂન ૨૦૨૬માં જીએસટીની ચોખ્ખી વસૂલાત ૧,૬૨,૩૭૭ લાખ કરોડ રૂપિયા હતી, જે જૂન ૨૦૨૫માં ૧,૪૫,૯૮૪કરોડ રૂપિયાથી ૧૧.૨ ટકા વધુ છે.

કુલ રિફન્ડ (ઘરેલું તેમજ આયાત વ્યવહારો માટે) ગયા વર્ષે જૂનમાં ૨૫,૧૨૧ કરોડ રૂપિયાની સરખામણીમાં આ વર્ષે જૂનમાં ૨૯.૧ ટકા વધીને ૩૨,૪૩૬ કરોડ રૂપિયા થયું હતું. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે મજબૂત વૈશ્વિક અવરોધો છતાં જીએસટી વસૂલાત ભારતીય અર્થતંત્રની લવચિકતા દર્શાવે છે. ■

### ગુજરાત મ્યુનિસિપલ

આ ખામી સુધારી શકાય એમ છે. આને લીધે ફોજદારી કાર્યવાહી આપમેળે નબળી પડતી નથી.

જસ્ટિસ સંજય કારોલ અને જસ્ટિસ એન. કે. સિંહની બનેલી બેન્ચે આ ચુકાદો આપ્યો હતો. ગુજરાતના સુધરાઈનાં ભૂતપૂર્વ નગરસેવક ચંદ્રિકાબેન કિશોર દાફદાની અપીલને માન્ય રાખતાં તેમણે આ ચુકાદો આપ્યો હતો. ચંદ્રિકાબેને ૨૦૧૫ની સુધરાઈની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવતી વખતે કરેલા સોગંદનામામાં પોતાના પતિની સ્થાયી મિલકત જણાવી નહોતી એવો આક્ષેપ તેમના પર કરવામાં આવ્યો છે. અદાલતે ચંદ્રિકાબેનની અપીલ માન્ય રાખી હતી, પરંતુ તેમની સામેનો ફોજદારી કેસ રદ કર્યો નહોતો.

સર્વોચ્ચ અદાલતે આને બદલે લોકપ્રતિનિધિ ધારા, ૧૯૫૧ની ૧૨૫એની કલમ હેઠળનો મેજિસ્ટ્રેટનો હુકમ રદ કર્યો હતો. સર્વોચ્ચ અદાલતે બાબત ફરી એ જ કોર્ટમાં મોકલી હતી અને મેજિસ્ટ્રેટ કોર્ટને કાયદાની યોગ્ય જોગવાઈ લગાડીને કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો. જસ્ટિસ કારોલે કહ્યું હતું કે કેસની ગુણવત્તા અંગે અમે કોઈ મત આપ્યો નથી.

બેન્ચે ગુજરાત મ્યુનિસિપાલિટીસ (ચૂંટણીનું આયોજન) નિયમ, ૧૯૯૪ અને ૨૦૦૫માં કરેલા સુધારાનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે અરજદારે તેમના પતિની મિલકતો પણ જાહેર કરવી જોઈતી હતી. (એજન્સી) ■

### મુંબઈમાં ચોમાસું

વાગ્યાથી સાંજના આઠ વાગ્યા સુધીમાં મુંબઈમાં વરસાદનું જોર પૂર્વ ઉપનગરમાં વધુ રહ્યું હતું. શહેર ૫૬ મિ.મી. અને પશ્ચિમ ઉપનગરમાં ૯૫ મિ.મી.ની સરખામણીમાં પૂર્વ ઉપનગરમાં સવારના આઠથી સાંજના આઠ વાગ્યા સુધીમાં સરેરાશ ૧૦૭ મિ.મી. (સવા ચાર ઇંચ) જેટલો વરસાદ નોંધાયો હતો. તો સવારના આઠ વાગ્યાથી સાંજના ૫.૩૦ વાગ્યા સુધીમાં કોલાબામાં સરેરાશ ૩૦ મિ.મી. અને સાંતાક્રુઝમાં ૧૦૮ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

સતત વરસાદ અને તેમાં પાછું બપોરના ૧.૧૦ વાગ્યાથી દરિયામાં ભરતી હોવાને કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. ખાસ કરીને નીચાણવાળા ગણાતા અંધેરી, સાંતાક્રુઝ, ખાર, બાન્દ્રા, કુર્લા, વિક્રોલી, પવઈ, ભાંડુપ અને મુલુંડમાં ઘૂંટણભેર પાણી ભરાયાં હતાં. બુધવાર વહેલી સવારના ભારે વરસાદ દરમ્યાન અંધેરી સબ-વૅ પાણી ભરાઈ જતાં બંધ કરવો પડયો હતો. દિવસ દરમ્યાન વરસાદની સાથે જ પવન ફૂંકાવાને કારણે ૪૫થી વધુ ઝાડ તૂટવાના અને શોર્ટ સર્કિટના બનાવ બન્યા હતા.

બુધવારે સૌથી વધુ વરસાદ વિક્રોલી પૂર્વમાં ટાગોરનગર વિસ્તરામાં સવારના આઠ વાગ્યાથી સાંજના સાત વાગ્યા સુધીમાં ૧૪૬.૪ મિ.મી. (પાંચ ઇંચ) અને પવઈમાં ૧૪૨.૮ મિ.મી. અને ભાંડુપમાં ૧૪૧.૬ મિ.મી. નોંધાયો હતો. પશ્ચિમ ઉપનગરમાં સાંતાક્રુઝમાં નારિયલ વાડીમાં ૧૩૯.૨ મિ.મી., તો શહેરમાં માટુંગામાં ૭૬.૮ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

#### વિમાનસેવાને અસર

મુંબઈ શહેર અને ઉપનગરમાં વહેલી સવારથી મુશળધાર વરસાદ અને ખરાબ હવામાનને કારણે વીઝીબિલિટી ઓછી હોવાને કારણે એરપોર્ટ પર વિમાનસેવાને અસર થઈ હતી. મુંબઈ એરપોર્ટ પર લેન્ડ થનારા ત્રણ વિમાનને નવી મુંબઈ, સુરત અને ઓઝર એરપોર્ટ પર ડાઈવર્ટ કરવામાં આવ્યા હતા. મુંબઈ શહેર અને ઉપનગરમાં બુધવારે વહેલી સવારથી જોરદાર વરસાદ શરૂ થયો હતો. મુશળધાર વરસાદને કારણ વિમાન ટેકઓફ અને લેન્ડિંગને પણ અસર થઈ હતી. ખરાબ હવામાનને કારણે વિઝીબિલિટી ઓછી થઈ ગઈ હોવાથી વિમાન ડાઈવર્ટ કરવામાં આવ્યા હતા. ■

# પહેલું સુખ તે જાતે નર્યાના સંદેશને જીવનમાં ઉતારવાની જરૂર છે : ભૂપેન્દ્ર પટેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે 'નમો સ્વચ્છતા અભિયાન' અને 'અમૃતપાન અભિયાન'નો રાજ્યવ્યાપી પ્રારંભ ગાંધીનગરથી કરાવતા સ્વચ્છતાને સૌનો સહિયારો સંકલ્પ અને જનજનનો સહજ સ્વભાવ બનાવવાનું આહવાન કર્યું હતું. સ્વચ્છતા માત્ર એક સપ્તાહ પૂરતી મર્યાદિત પ્રવૃત્તિ નહીં, પરંતુ દરેક વ્યક્તિના સ્વભાવ અને દૈનિક જીવનનો અભિન્ન ભાગ બનવી જોઈએ એમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે પહેલું સુખ તે જાતે નર્યા અને પ્રિવેન્શન ઇઝ બેટર ધેન ક્યોરનો સંદેશ જીવનમાં ઉતારવાની જરૂર છે. સ્વચ્છતા અને સ્વાસ્થ્ય એકબીજા સાથે એ રીતે જોડાયેલા હોવાનું કહીને તેમણે ગંદકી ન ફેલાવવા અને જાહેર સ્થળોને સ્વચ્છ રાખવાની સામૂહિક જવાબદારી નિભાવવા પ્રેરણા આપી હતી.

આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું કે, આ અભિયાન અંતર્ગત હૉસ્પિટલ કેમ્પસ કે રૂમોમાં ઘણા સમયથી પડી રહેલી ભાંગી-તૂટેલી ખુરશીઓ, નકામા કમ્પ્યુટર્સ, જૂના ટેમ્પો અને ભંગાર એમ્બ્યુલન્સનો સાત દિવસમાં સંપૂર્ણ નિકાલ કરી, તે જગ્યાનો ઉપયોગ દર્દીઓની સુવિધા માટે કરવામાં આવશે.

તમામ સિવિલ હૉસ્પિટલો તેમજ પીએચસી-પીએચસી અને સીએચસી-સીએચસી સેન્ટરોમાં તૂટેલી ટાઇલ્સ, દરવાજા, બારીઓ, લાઈટ-પંખાનું ફિટિંગ અને ટોયલેટમાં લીકેજ નળના રિપેરિંગની કામગીરી યુદ્ધના ધોરણે કરવામાં આવશે.



# ગુજરાતમાં જામ્યો વરસાદી માહોલ, વાપીમાં પાંચ ઇંચ, ૮૫ તાલુકા ભીંજાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં મોડમોડો પણ મેહુલો વરસ્યો છે. સતત ત્રીજા દિવસે દક્ષિણ ગુજરાતમાં વરસાદ વરસ્યો છે. આ સાથે બુધવારે વરસાદે સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના જિલ્લાઓને પણ ભિંજાવ્યા છે. બુધવારે સવારે છ વાગ્યથી સાંજે છ વાગ્યા સુધીમાં કુલ ૮૫ તાલુકામાં વરસાદ નોંધાયો હોવાનું સ્ટેટ ઈમરજન્સી ઑપરેશન સેન્ટરના આંકડા જણાવે છે.

દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લાના વાપીમાં વહેલી સવારે જ વરસાદે ધમાકેદાર બેટિંગ કરી હતી. સવારથી સાંજ સુધીમાં લગભગ સાડા પાંચ ઇંચ વરસાદ અહીં નોંધાયો હતો. આ સાથે ઉંમરગાંવમાં ચાર ઇંચ વરસાદ નોંધાયો હતો. પારડીમાં બે ઇંચ અને વલસાડ શહેરમાં પણ બે ઇંચ આસપાસ વરસાદ નોંધાયો હતો.

આ ઉપરાંત સૌરાષ્ટ્રના ભેંસાણમાં પણ ૪.૨૧ ઇંચ વરસાદ નોંધાયો હતો. અહીં બપોરે બે કલાકમાં ચાર ઈંચ વરસાદ ખાબકી પડ્યો હતો. જૂનાગઢના માળિયા હાટિનામાં પણ સાડા ત્રણ ઈંચ કરતા વધારે વરસાદ નોંધાયો હતો. જૂનાગઢ શહેરમાં પણ બે ઇંચ વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત રાજકોટ જિલ્લામાં પણ બુધવારે વરસાની પધરામણી થઈ હતી. જિલ્લાના લોધિકામાં ત્રણ અને જામકંડોરણામાં બે ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો. અમરેલીના રાજુલામાં બે ઇંચ વરસાદ નોંધાયો હતો.

આ સાથે છોટાઉદેપુરમાં પણ ધોધમાર વરસાદ વરસ્યાના અહેવાલો છે. અહીં ક્વાંટમાં બે ઈંચ વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત પંચમહાલ, ગીર સોમનાથ, ભરૂચ, સુરત, નર્મદા સહિતના જિલ્લાઓમાં વરસાદે હાજરી નોંધાવી હતી. વરસાદની સાથે વરસાદી આફતોએ પણ મારો ચલાવ્યો હતો. રાજુલાની રાયડી નદીમાં ઘોડાપૂર આવતા ૩૫ જેટલા બકરા તણાયા હોવાનો વીડિયો વાઇરલ થયો હતો. કોઝવે પરથી તણાઈ રહેલા કેટલાક બકરાઓને યુવાનોએ જીવના જોખમે બચાવ્યા હતા. તો ગોંડલમાં વરસાદને કારણે મોડી વીજ ટ્રાન્સફોર્મરમાં ભડકા થવાના અહેવાલો હતા. વાપીના રોડ રસ્તાઓ પર પાણી ભરાતા વાહનચાલકો પરેશાન થયા હતા. છોટાઉદેપુરમાં પણ રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયાના અહેવાલો હતા.

આજે બીજી જુલાઈએ પણ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે. જોકે રાજ્યના અમુક જિલ્લાઓ હજુ વરસાદની પ્રતીક્ષામાં બેઠા છે. અમદાવાદમાં હજુપણ ગરમીનો પારો ૪૦ ડિગ્રી નોંધાયો હતો. રાજ્યના ઘણા વિસ્તારોમાં હજુ પણ ગરમી અને બફારો જનતાને સતાવી રહ્યો છે.

# અમદાવાદ એરપોર્ટ પર ફરી ચાર કરોડનો ગાંજો પકડાયો, ઉલ્લાસનગરના રહેવાસીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર થાઈલેન્ડથી અમદાવાદ આવેલા ઉલ્લાસનગરના રહેવાસી પેસેન્જર હરેશ તિલવાણી પાસેથી કસ્ટમ વિભાગે ૪.૨૭૬ કિલોગ્રામ એટલે કે ૪ કરોડ ૨૫ લાખનો હાઇબ્રીડ ગાંજો જપ્ત કરીને પેસેન્જરની એનડીપીએસ ઍક્ટ મુજબ ધરપકડ કરી હોવાની માહિતી સૂત્રો દ્વારા મળી હતી.

અમદાવાદના એરપોર્ટ ઉપર છેલ્લા અઢી વર્ષથી ૩૦૦ કરોડથી વધારેની કિંમતનો હાઇબ્રીડ ગાંજો કોકેન અને હેરોઈન જપ્ત કરવામાં આવ્યું છે. મોટાભાગે બૅંકોક અને થાઈલેન્ડથી આવતા કેરિયર પેસેન્જર તેમની સાથે કમિશન મળવાની લાલચમાં મોટી માત્રામાં ગાંજો લઈને આવતા હોય છે. મોડી રાત્રે થાઈલેન્ડથી અમદાવાદ આવેલી ટીજી ૩૪૩ નંબરની ફ્લાઈટમાં પેસેન્જર અમદાવાદ આવ્યો હતો. તેની ટ્રોલી બેગમાં શંકાસ્પદ પદાર્થ હોવાનું જણાતા એર ઇન્ટેલિજન્સ યુનિટના અધિકારીઓએ તપાસ કરતા ૨૨ જેટલા ફૂડ પૅકેટની અંદર ટ્રાન્સપરન્ટ વાઈટ પોલિથીનમાં પેક કરેલા હાઇબ્રીડ ગાંજાના પૅકેટ મળી આવ્યા હતા, જેની ઇન્ટરનેશનલ માર્કેટમાં વેલ્યૂ ચાર કરોડ ૨૫ લાખ થવા જાય છે. પેસેન્જર અગાઉ મુંબઈ અને પુણે એરપોર્ટ ઉપર અવરજવર કરતો હતો, પરંતુ ગુજરાતના અમદાવાદ એરપોર્ટ ઉપર પ્રથમવાર આવતાની સાથે જ પકડાઈ ગયો હતો. તેના મોબાઈલ ફોનની તપાસ કરવામાં આવતા થાઈલેન્ડના ડ્રગ્સ માફિયાના નામ બહાર આવ્યા હતા, જેમાં પંજાબના રોમન અને ઉલ્લાસનગરના અશોક નામના માફિયાઓના સતત સંપર્કમાં હતો અને તેમની પાસેથી જ હાઇબ્રીડ ગાંજો લઈને આવ્યો હતો અને એરપોર્ટની બહાર નીકળી ગયા પછી બાય રોડ મુંબઈ જવાનો હતો.

# ઈડીએ જપ્ત કરેલા ૧૧ કરોડ છોડાવવાની લાલચ આપી અમદાવાદના વેપારી સાથે છેતરપિંડી, પાંચ ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા જપ્ત કરાયેલા રૂ. ૧૧ કરોડ છોડાવવાની ખાતરી આપી પાંચ જણે અમદાવાદના શાહીબાગ સ્થિત એક આંગડિયા કંપનીના ઑપરેટર સાથે ૩ કરોડની કથિત છેતરપિંડી કર્યાની ફરિયાદ નોંધાઈ હતી.

મંગળવારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા નોંધાયેલી એફઆઈઆર મુજબ, ડિસેમ્બર ૨૦૨૪ માં ઈડી દ્વારા તેમની પેઢીના નવરંગપુરા ઓફિસ પર દરોડા પાડવામાં આવ્યા બાદ ૫૯ વર્ષીય ઉદ્યોગપતિનો સંપર્ક કરવામાં આવ્યો હતો. ચાંદલોડિયાના એક રહેવાસીએ કથિત રીતે દાવો કર્યો હતો કે તે ઈડી અધિકારીઓ સાથે સમાધાન કરી શકે છે અને બાદમાં ફરિયાદીને ગોતા સ્થિત વકીલ સાથે પરિચય કરાવ્યો હતો, જેમણે કથિત રીતે કહ્યું હતું કે જપ્ત કરાયેલ રકમના લગભગ ૪૦% રકમ મામલો ઉકેલવા માટે જરૂરી રહેશે.

ફરિયાદી અને તેના ભાગીદારોએ ડિસેમ્બર ૨૦૨૪ અને જુલાઈ ૨૦૨૫ વચ્ચે આંગડિયા કન્સાઈનમેન્ટ અને રોકડ દ્વારા લગભગ ₹૩ કરોડ ચૂકવ્યા હોવાનો આરોપ છે. પોલીસે જણાવ્યું હતું કે ઈડી, સીબીઆઈ અને એટીએસ સહિતની એજન્સીઓ સાથેના મામલાઓનું સમાધાન કરવા માટે કોડેડ ચલણી નોટ ટોકન્સનો ઉપયોગ કરીને અમદાવાદ અને મુંબઈના વ્યક્તિઓને ચૂકવણી કરવામાં આવી હતી.

આરોપીએ ફરિયાદી પાસેથી એક જ્વેલરી કંપની દ્વારા ₹ ૧૩.૨ કરોડના કાલ્પનિક રોકાણ દર્શાવતા નોટરાઈઝ્ડ કરાર પર સહી કરાવવાનો પણ આરોપ લગાવ્યો હતો અને બે સહી કરેલા કોરા ચેક પણ મેળવ્યા હતા. બાદમાં તેને ૯% વાર્ષિક વ્યાજ સાથે રકમ પરત કરવાની માગ કરતી કાનૂની નોટિસ મળી હતી.

જ્યારે જપ્ત કરાયેલી રોકડ રકમ પરત કરવામાં ન આવી અને પૈસા પરત ન કરવામાં આવ્યા, ત્યારે વેપારીએ ક્રાઇમ બ્રાન્ચનો સંપર્ક કર્યો હતો. પોલીસે ચાંદલોડિયાના રહેવાસી, ગોતા સ્થિત વકીલ, નવા વાડજના રહેવાસી અને બે મુંબઈના રહેવાસીઓ સહિત પાંચ લોકો સામે છેતરપિંડી, વિશ્વાસઘાત અને ગુનાહિત કાવતરું ઘડવાનો ગુનો નોંધ્યો છે.

# વજન ઉતારવાના બહાને મહિલાઓ પાસેથી કરોડો ખંખેરી લેતી ગેંગને સુરત પોલીસે પકડી પાડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અવૈજ્ઞાનિક રીતે વજન ઉતારવા માટેની સેંકડો એડવર્ટાઈઝમેન્ટ્સ સોશિયલ મીડિયામાં જોવા મળે છે. આવી એડવર્ટાઈઝમેન્ટનો શિકાર બનેલી મહિલાઓ પાસેથી પૈસા ખંખેરનારી ગેંગને સુરત પોલીસે પકડી પાડી હતી.

ફેસબુક પર ભ્રામક વજન ઘટાડવાની જાહેરાતો દ્વારા મહિલાઓ સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી કરનારી આ ગેંગે પાંચ મહિનામાં સુરતની એક ગૃહિણી સાથે ₹૧.૭૭ કરોડની છેતરપિંડી કરી હોવાનો આરોપ છે. સુરત પોલીસે ટ્રેપ ઓપરેશનમાં બે મહિલાઓ સહિત ચાર આરોપીની ધરપકડ કરી છે, જ્યારે મુખ્ય સૂત્રધાર હજુ પણ ફરાર છે, તેવી માહિતી સૂત્રો પાસેથી મળી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, હરિયાણાના ગુરુગ્રામના ઔદ્યોગિક વિસ્તારમાં ક્યુરેસ્ટ સાયન્સ એન્ડ વેલનેસ પ્રાઈવેટ લિમિટેડ નામથી એક ભવ્ય ઓફિસમાંથી ૧૫૦ થી વધુ કર્મચારી ધરાવતું એક હાઇ-ટેક કોલ સેન્ટર ચલાવવામાં આવી રહ્યું હતું. ત્યાંથી, ફેસબુક પર વજન ઘટાડવાની જાહેરાતો દ્વારા દેશભરની મહિલાઓને નિશાન બનાવવામાં આવતી હતી. જેવી મહિલાઓ જાહેરાત પર ક્લિક કરતી અને તેમના મોબાઇલ નંબર શેર કરતી, ટેલિકોલરો તેમનો સંપર્ક કરતા અને કંપનીની વેબસાઇટ અને ખોટા મેડિકલ પ્રોટોકોલનો ઉપયોગ કરીને તેમનો વિશ્વાસ મેળવતા હતા.

સુરતની મહિલાની ફરિયાદ મુજબ, મહિલાને જાન્યુઆરીમાં ફેસબુક પર વજન ઘટાડવાની જાહેરાત મળી અને તેણે તેના પર ક્લિક કર્યા પછી તેનો મોબાઇલ નંબર શેર કર્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે જ્યારે પણ દવાઓ ડિલિવરી કરવામાં આવતી ત્યારે એક ડિલિવરી એજન્ટ તેનાં ઘરે આવી પૈસા લઈ જતો અને દવાઓ આપી જતો. ઘણા મહિનાઓ સુધી આ ચાલ્યું અને પછી તેને ખ્યાલ આવ્યો કે તેણે રૂ. ૧.૭૭ કરોડ જેટલી મોટી રકમ ગુમાવી છે અને તેની સાથે છેતરપિંડી થઈ છે. મોટાભાગની રકમ કેશમાં આપવામાં આવી હતી. મહિલાએ જ્યારે પૈસા આપવાનું બંધ કર્યું ત્યારે તેને ધમકીઓ આપવામાં આવી અને તેની પાસેથી વધારાના રૂ. ૮૧.૫૦ લાખ માગવામાં આવ્યા. તેને બ્લેકમેલ કરવામાં આવતા અને માનસિક રીતે હેરાન કરવામાં આવતા તેણે સુરત પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

સુરત પોલીસે એક છટકું ગોઠવ્યું હતું અને તે પ્રમાણે મહિલાએ રૂ. ૮૧ લાખ આપવાની તૈયારી બતાવતા મોહંમદ હુસૈન ઉર્ફે રાહુલ રાજ નામનો ડિલિવરી એજન્ટ દિલ્હીથી દવા આપવા અને રોકડ રકમ લેવા આવ્યો હતો. પોલીસે તેને રંગે હાથ ઝડપી લીધો હતો. ત્યારબાદ પોલીસે તેમના ગુરુગ્રામ ખાતેના કોલ સેન્ટર પર રેડ પાડી હીના અને નિશા કુમારી સહિતના અન્ય આરોપી અને સાધનસામગ્રી પકડી પાડ્યા હતા.

તપાસમાં જાણવા મળ્યું હતું કે કંપની ૨૦૨૧માં નોંધાયેલી હતી અને ૨૦૨૨ થી આ રેકેટ ચલાવી રહી હતી. કંપનીના બેંક ખાતામાં લગભગ રૂ. ૮.૩૦ કરોડના વ્યવહારો મળી આવ્યા હતા, જ્યારે રોકડ વ્યવહારો રૂ. ૮૦ કરોડથી વધુ હોવાની શંકા છે. પોલીસે જણાવ્યું હતું કે આરોપીઓએ પૂછપરછ દરમિયાન દર મહિને રૂ. ૧.૫ કરોડથી રૂ.૨ કરોડની રોકડ એકઠી કરવાની કબૂલાત પણ કરી હતી. કંપનીના ડિરેક્ટર અમિત ગૌરવ, મુખ્ય વહીવટી અધિકારી પંકજ શર્મા અને મેનેજર દીપક હજુ પણ ફરાર છે. કંપની સામે અન્ય રાજ્યોમાંથી પણ ફરિયાદો નોંધાયેલી હોવાનું પોલીસ તપાસમાં ખૂલ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. પોલીસે લોકોને પણ સતર્ક રહેવાની પણ સલાહ આપી હતી.

# સુરતના નાસિરનગર ડિમોલિશન કેસમાં કાર્યવાહી, પાંચ અધિકારી સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલા નાસિરનગર ડિમોલિશન કેસમાં પાંચ અધિકારી સામે કાર્યવાહી કરવામાં આવી હતી. બે કાર્યપાલક ઇજનેર, એક ડેપ્યુટી ઇજનેર, એક જૂનિયર ઇજનેર, એક આસિસ્ટન્ટ ઇજનેર સસ્પેન્ડ કરવામાં આવ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

નાસિરનગર ખાતે ગત તા. ૩૦/૦૫/૨૦૨૬ના રોજ કરવામાં આવેલા ડિમોલિશનના મામલે મનપા કમિશનર દ્વારા કડક પગલાં લેવામાં આવ્યા હતા. આ ડિમોલિશન અંગે રચાયેલી તપાસ સમિતિના અહેવાલને આધારે સુરત મહાનગરપાલિકા દ્વારા ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવી હતી. આ તપાસ તટસ્થ અને નિષ્પક્ષ રીતે થઈ શકે તે માટે બે કાર્યપાલક ઇજનેર અને એક ડેપ્યુટી ઇજનેર સહિત કુલ પાંચ અધિકારીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

સૂત્રોએ આપેલી માહિતી અનુસાર સસ્પેન્ડ કરાયેલા અધિકારીઓમાં કાર્યપાલક ઇજનેર (સિવિલ) સુજલકુમાર ધરમશીભાઈ પ્રજાપતિ, કાર્યપાલક ઇજનેર (સિવિલ) જયાંગ રજનીકાંત જીવનરામજીવાલા, ડેપ્યુટી ઇજનેર (સિવિલ) અર્પણ મનસુખલાલ પરમાર, આસિસ્ટન્ટ ઇજનેર (સિવિલ) મોનિક બાબુભાઈ ગઢીયા, જુનિયર ઇજનેર (સિવિલ) નરેશકુમાર બીનલભાઈ ગલચરનો સમાવેશ થાય છે. જોકે આ વિવાદાસ્પદ ડિમોલિશન પાછળ રાજકારણીઓ અને પોલીસ અધિકારીઓ પણ જવાબદાર હોવાની ચર્ચાઓ ચાલી છે. ત્યારે આગળ કોની સામે કાર્યવાહી કરવામાં આવે છે, તેના પર સૌનું ધ્યાન છે.

# છેલ્લા ત્રણ મહિનાથી અમદાવાદમાં દરરોજ શ્વાન કરડવાના અઢીસો કેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શ્વાનને પકડવા અને સ્ટરીલાઈઝ્ડ કરવા સહિતના પ્રયત્નો છતાં અમદાવાદમાં શ્વાન કરડવાના કેસમાં વધારો નોંધાયો હોવાનું આંકડાઓ અને અહેવાલો જણાવે છે.

મનપાના આંકડાઓ દર્શાવે છે કે ૨૦૨૫ માં શ્વાન કરડવાના ૭૭,૦૦૦ થી વધુ કેસ નોંધાયા હતા, એટલે કે દિવસ દીઠ સરેરાશ ૨૧૧ કેસ નોંધાતા હતા, આ વર્ષે પરિસ્થિતિ વધુ ખરાબ થઈ ગઈ હોય તેમ જણાઈ રહ્યું છે. મનપાએ ૨૬ એપ્રિલથી ૨૬ જૂન વચ્ચે ૨૨,૫૦૦ શ્વાન કરડવાના કેસ નોંધ્યા છે, એટલે કે રોજ સરેરાશ ૨૫૦ કેસ નોંધાયા છે.

આનો અર્થ એ થયો કે વર્ષોથી નસબંધીના પ્રયાસો અને નોંધપાત્ર ખર્ચ છતાં રખડતા શ્વાનોનો ભય ચાલુ છે. મનપાના ડેટા પણ પ્રાણીઓના કરડવાના કેસોમાં વાર્ષિક ધોરણે વધારો દર્શાવે છે. વર્ષ ૨૦૨૫ના સમયગાળા કરતા ૨૬ મે અને ૨૬ જૂન, ૨૦૨૬ વચ્ચે શ્વાન કરડવાના કેસોમાં ૨૧%નો વધારો થયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર માત્ર શ્વાન નહીં, અન્ય પ્રાણીઓના કરડવાના અન્ય કેસોમાં પણ વધારો નોંધાયો હતો. વાંદરાના કરડવાના બનાવોમાં ૪૪.૭%નો વધારો થયો છે, જ્યારે બિલાડીના કરડવાના બનાવોમાં ૧૫૫.૭%નો વધારો થયો છે. સુપ્રીમ કોર્ટે તાજેતરમાં સમગ્ર ભારતમાં શ્વાન કરડવાની ઘટનાઓ અંગેના નવેમ્બર ૨૦૨૫ના તેના આદેશમાં ફેરફાર કરવાનો ઇનકાર કર્યા પછી આ મુદ્દો ફરી એકવાર રાષ્ટ્રીય સ્તરે ચર્ચામાં આવ્યો છે. મનપા અધિકારીઓના જણાવ્યા અનુસાર, ૨૦૨૦થી શ્વાન કરડવાના કેસોમાં વધારો થયો છે, ખાસ કરીને બોપલ-ઘુમા, કઠવાડા અને નાના ચિલોડાને મનપાની હદમાં સમાવિષ્ટ કર્યા પછી, શહેરના ભૌગોલિક વિસ્તાર અને રખડતા શ્વાનોની વસ્તી બંનેમાં વધારો થયો છે. છેલ્લા પાંચ વર્ષમાં, અમદાવાદમાં શ્વાન કરડવાના ૩.૧૪ લાખ કેસ નોંધાયા છે, જે સ્થિતિની ગંભીરતા દર્શાવે છે. દરમિયાન, મનપાએ દાવો કર્યો છે કે જાન્યુઆરી-૨૦૨૬થી રખડતા શ્વાનોની સમસ્યાને નિયંત્રણમાં લાવવા તેઓ વિશેષ પ્રયત્નો કરી રહ્યા છે. પશુ ઉપદ્રવ નિયંત્રણ વિભાગ દ્વારા મળેલી ફરિયાદોના આધારે, મનપાએ છેલ્લા ત્રણ મહિનામાં ૭૭ આક્રમક રખડતા શ્વાનોને પકડી લીધા છે, તેમ અહેવાલ જણાવે છે.

# વડોદરા શહેરમાં ૧૬૦ સિટી બસનાં પૈડાં થંભી ગયાં, એજન્સીને વધુ ત્રણ મહિનાનું એક્સટેન્શન મળતા સેવા ફરી શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરમાં બુધવારે સવારે એકસાથે ૧૬૦ સિટી બસનાં પૈડાં થંભી ગયા હતા. સિટી બસ સેવાનું સંચાલન કરતી કંપની વિનાયક લોજિસ્ટિકને આપેલો વર્કઓર્ડર ૩૦ જૂને પૂરો થયો હતો અને આ સ્થિતિમાં પાલિકાએ એક્સટેન્શન ન આપતા આ વિકટ પરિસ્થિતિ સર્જાઈ હતી. વહેલી સવારે અચાનક વિનાયક લોજિસ્ટિક્સ દ્વારા ૧૬૦ સિટી બસની સેવા બંધ કરી દેવામાં આવતા મુસાફરો ભારે હાલાકીમાં મુકાયા હતા. જો કે તાત્કાલિક વડોદરા મનપા તંત્રએ બસ સેવાને ત્રણ મહિનાનું એક્સટેન્શન આપતા સવારે ખોરવાયેલી સિટી બસ સેવા ૧૧ વાગ્યાથી ફરી પૂર્વવત્ કરી દેવામાં આવી હતી, જેથી દૈનિક મુસાફરી કરતા નાગરિકોને મોટી રાહત મળી હતી.

આ અંગે વધુ માહિતી આપતા વડોદરા મહાનગરપાલિકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર ઋતુરાજ દેસાઈએ જણાવ્યું હતું કે, સિટી બસ સેવા તો હાલમાં શરૂ કરી દેવામાં આવી છે. તેમનો જે કોન્ટ્રાક્ટ પૂરો થતો હતો તેને લઈને એક્સટેન્શન બાબતની ચર્ચા હતી, જે આપણે આગામી ત્રણ મહિના માટે લંબાવી દીધું છે અને હાલમાં બસ સેવા રાબેતા મુજબ શરૂ થઈ ગઈ છે. મનપા અને એજન્સી વચ્ચે કોમ્યુનિકેશન ગેપના કારણે આ પરિસ્થિતિ સર્જાઈ હતી.

# યુપીએસસીના ઉમેદવારોની પ્રોત્સાહન સહાયમાં ગુજરાત સરકારે વધારો જાહેર કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી)ની સિવિલ સર્વિસ પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળી રહે તે માટે ગુજરાત સરકારે મહત્ત્વનો નિર્ણય લીધો છે. સરકારે ઉમેદવારોને મળતી આર્થિક સહાયમાં વધારો કર્યો છે. સામાન્ય વહીવટ વિભાગે આ અંગેનો સત્તાવાર ઠરાવ જાહેર કર્યો છે.

સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ અને તેના પ્રાદેશિક તાલીમ કેન્દ્રોમાં અભ્યાસ કરતા ઉમેદવારો માટે વધારો કરવામાં આવ્યો છે.

નવી જાહેરાત અનુસાર સ્પીપામાં પ્રીલિમ પરીક્ષાની તૈયારી કરતા તમામ વિદ્યાર્થીઓને દર મહિને રૂ. ૪,૦૦૦નું સ્ટાઈપેન્ડ આપવામાં આવશે. આ સહાય વધુમાં વધુ સાત મહિના અથવા યુપીએસઈની પ્રીલિમ પરીક્ષા યોજાય ત્યાં સુધી મળશે. આ સાથે જે વિદ્યાર્થીઓએ પ્રીલિમ પરીક્ષા પાસ કરી લીધી હોય તેમાં યુવકોને રૂ. ૩૫,૦૦૦ અને યુવતીઓને રૂ. ૫૦,૦૦૦ની સહાય આપવામાં આવશે. આ ઉપરાંત મુખ્ય પરીક્ષા પાસ કરનાર યુવકોને રૂ. ૪૫,૦૦૦ અને યુવતીઓને રૂ. ૫૫,૦૦૦ની પ્રોત્સાહન રકમ મળશે. ઉમેદવારોને જો આખરી પસંદગીમાં સ્થાન મળે તો યુવકોને રૂ. ૭૫,૦૦૦ અને યુવતીઓને રૂ. ૧ લાખ પ્રોત્સાહન સહાય તરીકે આપવામાં આવશે. આ રીતે સમગ્ર પ્રક્રિયામાં સફળ યુવકને કુલ રૂ. ૧.૫૫ લાખ અને યુવતીને રૂ. ૨.૦૫ લાખ સુધીની સહાય પ્રાપ્ત થશે.

આ સાથે સરકારે જે ઉમેદવારો પાસે ગુજરાતનું ડોમિસાઈલ નથી તેમની માટે પણ સહાયની જાહેરાત કરી હતી, જેમાં સ્પીપા દ્વારા લેવાતી પર્સનાલિટી ટેસ્ટ ટ્રાઈનિંગ ક્લાસિસમાં જે પણ ઉમેદવારોની પસંદગી થશે તેમાં યુવકોને રૂ. ૨૫,૦૦૦ અને યુવતીઓને રૂ. ૩૫,૦૦૦ની સહાય આપવામાં આવશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

# ટીબી મુક્ત ભારત અભિયાનઃ કેન્દ્ર સરકારના અહેવાલમાં ગુજરાત દેશભરમાં અગ્રેસર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારત સરકારના અહેવાલ મુજબ વર્ષ ૨૦૧૫ની સરખામણીએ વર્ષ ૨૦૨૩માં ગુજરાતમાં ટીબીના નવા દર્દીઓના દરમાં ૩૪% અને ટીબીના કારણે થતા મૃત્યુદરમાં ૩૭%નો ઘટાડો નોંધાયો છે. આ ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગુજરાતે વર્ષ ૨૦૨૫માં સ્ટેટ્સ વીથ મોસ્ટ ઈમ્પ્રુવમેન્ટ શ્રેણીમાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે, તેમ કેબિનેટ બેઠક બાદ પ્રવક્તા પ્રધાન જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ભારત સરકારના અદ્યતન અહેવાલ અનુસાર વર્ષ ૨૦૨૪ દરમિયાન ગુજરાતમાં ટીબીના નવા દર્દીઓનો અંદાજિત દર પ્રતિ એક લાખ વસ્તીએ ૧૮૬ નોંધાયો છે. જેના આધારે ગુજરાતે દેશના સૌથી ઓછું ટીબીનું ભારણ ધરાવતાં રાજ્યોમાં છઠ્ઠો ક્રમ તથા મોટા રાજ્યોમાં ચોથો ક્રમ હાંસલ કર્યો છે.

ચાલુ વર્ષની કામગીરીની વિગતો આપતા તેમણે જણાવ્યું હતું કે જાન્યુઆરીથી મે ૨૦૨૬ દરમિયાન ભારત સરકાર દ્વારા પ્રો-રેટા મુજબ નિર્ધારિત ૫૮,૩૩૩ના લક્ષ્યાંક સામે રાજ્યમાં ૫૭,૩૩૪ એટલે કે ૯૮.૩૦% ટીબીના દર્દીઓને શોધી સારવાર હેઠળ લેવામાં આવ્યા છે. જેમાંથી, ૫૦,૯૨૮ એટલે કે, ૯૧% દર્દીઓ ટૂંકા ગાળામાં જ રોગમુક્ત થયા છે. આ ઉપરાંત ભારત સરકાર દ્વારા ૨૪ માર્ચ, ૨૦૨૬થી શરૂ કરાયેલ 'ટીબી મુક્ત ભારત અભિયાન ૧૦૦ દિવસ ઝુંબેશ' અંતર્ગત રાજ્યના ૫,૦૧૨ ઉચ્ચ જોખમ ધરાવતાં ગામોમાં ઘરે-ઘરે જઈ ટીબી સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન દરમિયાન ૨૩.૩૮ લાખ વ્યક્તિઓનું ટીબી સ્ક્રીનિંગ, ૧૫.૦૪ લાખ વ્યક્તિઓની એક્સ-રે તપાસ, ૫.૦૫ લાખ વ્યક્તિઓની સચોટ એનએએટી તપાસ તથા ૩૨,૩૭૭ નવા ટીબી દર્દીઓનું નિદાન કરી સારવાર શરૂ કરવામાં આવી છે, તેમ તેમણે ઉમેર્યું હતું. પ્રવક્તા પ્રધાનના જણાવ્યા અનુસાર નિ-ક્ષય પોષણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૫ દરમિયાન ૧,૦૫,૨૩૮ ટીબી દર્દીઓને રૂ. ૫૭.૬૦ કરોડની આર્થિક સહાય કરવામાં આવી છે. પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન હેઠળ જનપ્રતિનિધિઓ, પંચાયતી રાજ સંસ્થાઓ, કોર્પોરેટ ક્ષેત્ર તથા સ્વૈચ્છિક સંસ્થાઓ નિક્ષય મિત્ર તરીકે જોડાયા છે. રાજ્યમાં અત્યાર સુધી ૩૦,૯૯૨ નિ-ક્ષય મિત્રો નોંધાયેલા છે, જેમણે દર્દીઓને ૫,૫૦,૧૮૪ પોષણ કિટોનું વિતરણ કર્યું છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન રાજ્યની ૩,૯૭૧ ગ્રામ પંચાયતોએ 'ટીબી મુક્ત પંચાયત'નો દરજ્જો પ્રાપ્ત કર્યો છે, જે રાજ્યની કુલ ગ્રામ પંચાયતોના ૨૭% જેટલો હિસ્સો થાય છે.

# જમીન ખોદીને એમટીએનએલના વાયર ચોરનારા ચાર પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ જમીન ખોદીને એમટીએનએલના લાખોની કિંમતના કૉપરના વાયર ચોરનારી ટોળકીના ચાર આરોપીની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી હતી.ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૧૦ના અધિકારીઓએ પકડી પાડેલા આરોપીઓની ઓળખ સાહિલ શકીલ સાહ (૨૦), અબ્દુલ સિદ્દીક અહમદ શેખ (૩૮), રિઝવાન મેહતાબ મલિક (૨૪) અને મોહમ્મદ અફઝલ હસન ખાન (૩૫) તરીકે થઈ હતી. આરોપી અબ્દુલ શેખ વિરુદ્ધ નવઘરમાં અને મોહમ્મદ અફઝલ ખાન વિરુદ્ધ કાંદિવલી પોલીસ સ્ટેશનમાં ગુના નોંધાયેલા હોવાનું પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું.

બોરીવલી પૂર્વમાં માગાઠાણે ટેલિફોન એક્સચેન્જ નજીકના વસંત મારવલ રોડ પર અમુક લોકો જમીન ખોદીને એમટીએનએલના વાયર ચોરતા હોવાની માહિતી ક્રાઈમ બ્રાન્ચને મળી હતી. માહિતીને આધારે પોલીસની ટીમે મંગળવારે કાર્યવાહી કરી ચાર આરોપીને પકડી પાડ્યા હતા.

આરોપી પાસેથી ૩૯.૪૦ લાખ રૂપિયાનો વાયર, બે ટેમ્પો, જીસીપી મશીન અને મોબાઈલ ફોન મળીને અંદાજે એક કરોડ રૂપિયાની મતા જપ્ત કરવામાં આવી હતી. કોર્ટે ચારેય આરોપીને ચોથી જુલાઈ સુધી પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ તેમની વધુ પૂછપરછ કરી રહી છે. આ જ રીતે કાંદિવલી ઈસ્ટ-વેસ્ટ, આરે, મલાડ, ગોરેગામ અને દિંડોશીમાં પણ વાયર ચોરીની ઘટનાઓ બની હોવાથી આરોપીઓની તેમાં સંડોવણી છે કે કેમ તેની તપાસ કરવામાં આવી રહી છે. ■

# મુંબઈ સ્કૂલ બસ દુર્ઘટનાઃ મહારાષ્ટ્ર વિધાનસભામાં પાલિકાની ઝાટકણી

મુંબઈઃ મુંબઈના રસ્તા પર સ્કૂલ બસ પર ઝાડ પડતાં એક વિદ્યાર્થીના મૃત્યુની દુર્ઘટનાની ચર્ચા મહારાષ્ટ્ર વિધાનસભામાં બુધવારે થઈ હતી. ચર્ચા દરમિયાન સભ્યોએ આ દુર્ઘટના માટે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનને જવાબદાર ઠેરવ્યું હતું.

મંગળવારે શહેરના ચેમ્બુર વિસ્તારમાં ૧૧ વર્ષના વિહાન શ્રીવાસ્તવના મૃત્યુ અંગે શિવસેનાના સભ્યો તુકારામ કાતે અને મુરજી પટેલે બીએમસી પર પ્રહાર કર્યા હતા.ચેમ્બુરનું પ્રતિનિધિત્વ કરતા કાતેએ જણાવ્યું હતું કે તેમના મતવિસ્તારમાં આવો અકસ્માત પહેલીવાર નથી બન્યો. હું વારંવાર પાલિકાના અધિકારીઓને સાવચેતીનાં પગલાં લેવા માટે ફોન કરી રહ્યો છું, પરંતુ કોઈ કશું નથી કરતું.

મુરજી પટેલે માગ કરી હતી કે સરકાર છોકરાના પરિવાર અને ઘાયલ પીડિતોને મદદ કરવા માટે પગલાં લે. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે બાળકના પરિવારને ૨.૫ લાખ રૂપિયાની નાણાકીય સહાય આપી રહ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું. અંધેરીના પશ્ચિમ ઉપનગરમાં મરોલ વિસ્તારમાં ઝાડ પડવાની ઘટનાનો ઉલ્લેખ કરી તેમણે માગ કરી કે આવી સમસ્યાઓનો ઉકેલ શોધવા માટે તાત્કાલિક વૃક્ષ સર્વે કરવામાં આવે. કોંગ્રેસના વિધાનસભ્ય નાના પટોલેએ પણ આ મુદ્દો ઉઠાવ્યો અને સરકારને તેના પર નિવેદન આપવા કહ્યું.

મંગળવારે ચેમ્બુરમાં સ્કૂલ બસ પર એક જૂનું પીપળાનું ઝાડ પડતા વિહાનનું મૃત્યુ થયું હતું. ચાર વર્ષની બાળકી સહિત ચાર અન્ય વિદ્યાર્થીઓને ઈજા થઈ હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. શાળાએથી ઘરે જઈ રહેલા વિહાન માટે આ ઘટના જીવલેણ બની હતી. (પીટીઆઈ) ■

# અવાસ્તવિક ઊંચા વળતર આપનારી પેઢીઓ અને યોજનાઓ પર નિયંત્રણ માટે મહારાષ્ટ્ર સરકાર યુનિટ બનાવશે

મુંબઈઃ રોકાણ પર અવાસ્તવિક રીતે ઊંચા વળતરની લાલચ આપનારી પેઢીઓ અને યોજનાઓ પર નિયંત્રણ રાખવા માટે મહારાષ્ટ્ર સરકાર દ્વારા સમર્પિત ફાઈનાન્શિયલ મોનિટરિંગ યુનિટ બનાવવામાં આવશે એવી માહિતી બુધવારે રાજ્ય વિધાનસભામાં આપવામાં આવી હતી.

રાજ્ય સરકારના મહારાષ્ટ્ર પ્રોટેક્શન ઓફ ઈન્ટરેસ્ટસ ઓફ ડિપોઝિટર્સ (ઈન ફાઈનાન્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ) (અમેન્ડમેન્ટ) બિલ, ૨૦૨૬ પર ચાલી રહેલી ચર્ચાનો જવાબ આપતાં ગૃહ ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન યોગેશ કદમે જણાવ્યું હતું કે આવું યુનિટ જિલ્લા સ્તરે શંકાસ્પદ આર્થિક યોજનાઓ પર નજર રાખશે અને સમયસરનો હસ્તક્ષેપ કરશે. અત્યારના તબક્કે મિલકતોને કાનૂની રીતે જપ્ત કરવા માટે નિર્ધારિત પ્રક્રિયાને આધારે કોર્ટની પરવાનગી લેવી આવશ્યક છે. આમ છતાં અત્યંત દુર્લભ કિસ્સામાં પરવાનગી આપવામાં આવતી હોય છે. કદમે કહ્યું હતું કે કાનૂની પ્રક્રિયાને વધુ અસરકારક બનાવવા માટે ફક્ત બે વખત મુદત આપવાની પરવાનગી આપવામાં આવી છે અને વિશેષ સંજોગોમાં એક મુદત મેજિસ્ટ્રેટ પોતાની મુનસફી પર આપી શકશે.

ક્રિપ્ટો કરન્સી સંબંધિત ફ્રોડનો દાખલો આપતાં કદમે કહ્યું હતું કે ક્રિપ્ટો મિલકતોને ફ્રીઝ કરવાનું દરેક કિસ્સામાં શક્ય હોતું નથી. જો કોઈ વ્યક્તિ ક્રિપ્ટોકરન્સી ખરીદે છે એની માર્કેટ કિંમત નક્કી થઈ શકે છે અને પિડિતના નુકસાનને કાયદાની જોગવાઈઓનો ઉપયોગ કરીને ફરી પ્રાપ્ત કરી શકાય છે. ક્રિપ્ટોકરન્સી અંગે મોટા પાયે ગેરમાન્યતાઓ છે અને લોકોમાં સાઈબરક્રાઈમ અને ડિજિટલ મિલકતો પર નિયંત્રણ બાબતની કાનૂની પ્રક્રિયા અંગે ઘણી જાગૃતિ ફેલાવવાની આવશ્યકતા છે. ■

# છેતરપિંડી રોકવા ફ્લાઈંગ સ્ક્વોડ અને એઆઈ મદદ કરશે

મુંબઈ : મહારાષ્ટ્રના આરોગ્ય પ્રધાન પ્રકાશ અબિતકરે બુધવારે ચેતવણી આપી હતી કે સરકાર મહાત્મા જ્યોતિબા ફૂલે જન આરોગ્ય યોજના (એમજેપીજેએવાય) માં છેતરપિંડી કરનાર કોઈને છોડશે નહીં અને રાજ્ય સંચાલિત યોજનામાં છેતરપિંડી શોધવા માટે આધુનિક સાધનોનો ઉપયોગ કરવાની ખાતરી આપી હતી.

વિધાનસભામાં જવાબ આપતા, અબિતકરે જણાવ્યું હતું કે મહાત્મા જ્યોતિબા ફૂલે જન આરોગ્ય યોજના અને આયુષ્માન ભારત યોજનાઓ હેઠળ ફ્લાઇંગ સ્ક્વોડની તહેનાતી અને એઆઈ આધારિત દેખરેખ કરવામાં આવશે જેથી અચાનક નિરીક્ષણ કરી શકાય અને ગેરરીતિમાં સંડોવાયેલી હોસ્પિટલો અને અધિકારીઓ સામે તાત્કાલિક પગલાં લઈ શકાય.

અમે જૂના જીવનદાયી પોર્ટલથી એઆઈ-આધારિત કેએમએસ ૨.૦ પ્લેટફોર્મ પર સ્થળાંતર કર્યું છે. એઆઈએ પોતે જ શંકાસ્પદ દાવાઓ અને સારવાર પેટર્ન શોધી કાઢી છે. આ ગેરરીતિઓ પ્રકાશમાં આવ્યા પછી આરોગ્ય વિભાગે પોતાની રીતે કાર્યવાહી કરી છે.

જે કોઈ દોષિત ઠરશે, તેને કડક કાર્યવાહીનો સામનો કરવો પડશે, પ્રધાને જણાવ્યું હતું. ■

પાચમાં પાનાનું ચાલુ

## થાણે જિલ્લામાં

થયેલા વરસાદનું જોર બુધવારે દિવસ દરમયાન વધી ગયું હતું. આગામી ત્રણ દિવસ એટલે કે બીજીથી ચોથી જુલાઈ સુધી થાણે જિલ્લા સહિત સંપૂર્ણ કોંકણમાં અમુક ઠેકાણે અતિવૃષ્ટિની શકયતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. આ પાર્શ્વભૂમિ પર નાગરિકોને શકય તો ઘરની બહાર નહીં નીકળવાની અને સતર્ક રહેવાની અપીલ થાણે જિલ્લા પ્રશાસને કરી છે.

થાણે જિલ્લામાં મંગળવાર મોડી રાતથી બુધવારે દિવસ દરમ્યાન ભારે વરસાદ પડયો હતો અને શહેરને ધમરોળી નાંખ્યું હતું. ધોધમાર વરસાદને પગલે અનેક વિસ્તારોમાં ઘરમાં પણ પાણી ભરાઈ ગયા હતા. થાણે શહેરમાં ઠાણે બજાર પેઠ, વંદના સિનેમા પરિસર, અલમેડા પરિસર, ગોખલે રોડ, ત્રણ પેટ્રોલ પંપ, કાપૂરબાવડી સહિતના વિસ્તરાાં પાણી ભરાઈ ગયા હતા. કલ્યાણ-ડોંબિવલીમાં સળંગ બે દિવસથી મુસળધાર વરસાદ પડી રહ્યો છે. અંબરનાથ, બદલાપૂર, ઉલ્હાસનગમાં મુશળધાર વરસાદને પગલે ઠેર ઠેરા પાણી ભરાયા હતા. જિલ્લાના મુંબઈ-નાશિક હાઈવે, મુંબ્રા, શિળફાટા, એમઆઈડીસી-મ્હાપે રોડ, કશેળી-કાલહેર રોડ પર ભારે ટ્રાફિક જૅમ થયો હતો. ઘરની બહાર નીકળેલો નોકરિયાત વર્ગ કલાકો સુધી ટ્રાફિકમાં અટવાયો હતો.

ઉલ્હાલ નગરમાં ટાઉનશિપમાં પૂરના પાણી રહેણાંક વિસ્તારમાં ફરી વળતા જીજામાતા વિસ્તારમાં એક ૭૦ વર્ષીય મહિલા કલાકો સુધી તેના ઘરમાં ફસાઈ ગઈ હતી. ફાયરબ્રિગેડે તેને બચાવી હતી. અંબરનાથ, કલ્યાણ અને ભિવંડી સહિતના વિસ્તરોમાં સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયા હતા અને પૂરજનક પરિસ્થિતિ નિર્માણ થઈ હતી. નવી મુંબઈના નેરુલ એલપી બ્રિજ નીચે ભારે વરસાદને પગલે પાણી ભરાઈ જવા વચ્ચે બે છોકરીઓને વીજળીનો કરંટ લાગ્યો હોવાનું ડિઝાસ્ટર મેનેજમેન્ટે જણાવ્યું હતું.

**થાણેમાં પહેલા વરસાદમાં ફ્લાયઓવર પર ખાડાઃ** થાણેઃ ઘોડબંદર અને થાણેના મહત્વના માર્ગો પર કોંક્રિટનું કામ કરાયું હોવા છતાં, ત્યાંના ફ્લાયઓવર પરના ડામરના રસ્તાઓ પર પહેલા જ વરસાદમાં ખાડા પડી ગયા છે. નીતિન કંપની ફ્લાયઓવર પર ખાડાઓને કારણે વાહનોની ગતિ ધીમી પડી હતી, જેના કારણે ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ હતી.

મુંબઈ મહાનગરમાં વાહનવ્યવહાર માટે થાણે અને ઘોડબંદર રોડ મહત્વનો માનવામાં આવે છે. અહીંથી દરરોજ સેંકડો ભારે વાહનો તેમજ સ્થાનિક વાહનોની અવરજવર રહે છે. થાણેના આનંદનગરથી કાપુરબાવડી ફ્લાયઓવર સુધી ડામરનો રોડ છે, જ્યારે ઘોડબંદર મુખ્ય અને સર્વિસ રોડ જોડાણની કામગીરીમાં આ રોડ કોંક્રિટનો કરવામાં આવ્યો છે.

કપૂરબાવડીથી ગાયમુખ વચ્ચેનો રોડ સાર્વજનિક બાંધકામ વિભાગ દ્વારા થાણે મહાનગરપાલિકાને હસ્તાંતરિત કરવામાં આવ્યો છે. આ માર્ગની જવાબદારી થાણે પાલિકા હસ્તક આવ્યા બાદ પાલિકાએ ચોમાસા પહેલાં જ સમારકામની કામગીરી હાથ ધરી હતી. મુખ્ય અને સર્વિસ રોડનું કોંક્રિટીકરણ પૂર્ણ થઈ રહ્યું હતું, ત્યારે જ પાલિકાએ ફ્લાયઓવર પરના જોખમી ડામરના ઉપસેલા ભાગો હટાવીને ખાડા પૂરવાનું કામ હાથ ધર્યું હતું. પરંતુ, પહેલા જ વરસાદમાં વાઘબીળ અને કપૂરબાવડી ફ્લાયઓવર પર મુંબઈ તરફ જતી લેન પર મોટા-મોટા ખાડા પડી ગયા છે.

**ખાડાએ લીધો મહિલાનો જીવઃ** થાણેઃ થાણે જિલ્લાના ટિટવાલામાં સ્કૂટર ખાડામાં અથડાતાં મહિલાનું મોત ઘટના સ્થળે જ મૃત્યુ થયું હોવાની ઘટના બની હતી.

પોલીસે બુધવારે જણાવ્યું હતું કે ટિટવાલામાં સ્કૂટર પાછળ બેઠેલી ૫૦ વર્ષીય મહિલાનું મોત થયું હતું. આ દુર્ઘટના ૨૮ જૂનની રાત્રે જાંભલે ગામ નજીક આ બની હતી. અરુણા અરુણ કુલકર્ણી તેના ૨૫ વર્ષના પુત્ર પ્રતિક કુલકર્ણી સાથે ટિટવાલા ગણપતિ મંદિરના દર્શન કરીને ઘરે પરત ફરી રહી હતી, જ્યારે સ્કૂટર જાંભલે નદીના પુલ પર પહોંચ્યું હતું ત્યારે આગળ એક ખાડો દેખાયો હતો. તેથી તેના પુત્ર પ્રતીકે તરત બ્રેક લગાવી, પરંતુ સ્કૂટર ખાડામાં અથડાઈ ગઈ હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે અરુણા સ્કૂટર પરથી નીચે પટકાઈ ગઈ હતી, જેમાં તેને ગંભીર ઈજાઓ થઈ હતી. પ્રતીક તેની માતાને બદલાપુર પૂર્વની સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં લઈ ગયો, પરંતુ ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી. પોલીસે એક્સિડેન્ટલ ડેથનો કેસ નોંધ્યો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો.

**વરસાદના પાણીમાં કરંટ લાગવાથી બે વિદ્યાર્થિનીઓ ગંભીરઃ** નવી મુંબઈઃ મુસળધાર વરસાદ વચ્ચે નવી મુંબઈના નેરુળમાં એક ખૂબ જ ચોંકાવનારી ઘટના સામે આવી છે. નેરુળમાં એલ.પી. બ્રિજ નીચે બિકાનેર સ્વીટ્સની સામેના એક વાયરમાં શોર્ટ સર્કિટ થયું હતું. પ્રાથમિક માહિતી અનુસાર પાણીમાં વીજ કરન્ટ ફેલાવાને કારણે ત્યાંથી પસાર થઈ રહેલી બે કોલેજની વિદ્યાર્થિનીઓ આ કરન્ટની ઝપેટમાં આવી ગઈ હતી. કરન્ટ લાગતા આ બંને વિદ્યાર્થિનીઓ રસ્તા પર જ પડી ગઈ હતી. ઘટનાની ગંભીરતાને સમજીને આસપાસના નાગરિકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને બંને યુવતીઓને તાત્કાલિક સારવાર માટે ડી. વાય. પાટીલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવી હતી. હાલમાં તેઓ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ■

## મુંબઈ-અમદાવાદ

સામનો કરવો પડ્યો હતો.

વસઈ-વિરારમાં કુદરતી જળસ્ત્રોતો અને નાળા પુરાઈ જવાને કારણે તેમજ અધૂરી કામગીરીને લીધે બધું પાણી સીધુ હાઈવે પર જમા થયું હતું. માલજીપાડા, સસુનવઘર, વર્સોવા, પેલ્હાર, વસઈ ફાટા અને ચિંચોટી જેવા નીચાણવાળા વિસ્તારોમાં ભારે પાણી ભરાવાને કારણે મુંબઈ અને વસઈ-વિરાર તરફ જતો બંને બાજુનો વાહનવ્યવહાર ધીમો પડ્યો હતો.

બુધવારે સવારે મુંબઈ તરફ જતા ટ્રેક પર ચિંચોટીથી સાતીવલી ફાટા વચ્ચે ભારે ટ્રાફિક જામ થયો હતો.

રસ્તા પરના પાણીનો અંદાજ ન આવવાને કારણે અને એન્જિનમાં પાણી ઘૂસી જવાથી અનેક વાહનો અધવચ્ચે જ બંધ પડી ગયા હતા. આના લીધે હાઈવે પર વાહનોની કિલોમીટરો લાંબી લાઈનો લાગી ગઈ હતી. હાઈવે પર વાહનવ્યવહાર પૂર્વવત કરવા અને બંધ પડેલા વાહનોને ક્રેનની મદદથી બાજુ પર ખસેડવા માટે ટ્રાફિક પોલીસ અને હાઈવે ઓથોરિટીના કર્મચારીઓને ધોધમાર વરસાદમાં ભારે જહેમત ઉઠાવવી પડી હતી. બપોર પછી ટ્રાફિક ધીમે-ધીમે શરૂ કરાવવામાં પોલીસને સફળતા મળી હતી. ■

## અધિકારી સસ્પેન્ડ

ગૃહના નેતા ગણેશ ખણકરે કરી હતી. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, જ્યાં સુધી આ બાબતનો સંપૂર્ણ તપાસ અહેવાલ સામે ન આવે ત્યાં સુધી સંબંધિત અધિકારીઓને પદ પર રાખવા જોઈએ નહીં. આ સાથે જ તેમણે આ દુર્ઘટના માટે જવાબદાર લોકો સામે કડક કાર્યવાહી કરવાની માગ પણ કરી હતી. સંબંધિતો સામે આકરા પગલા લેવાની માગ સાથે સમિતિને મોકુફ રાખવામાં આવી હતી.

આ દરમ્યાન પાલિકા કમિશનર અશ્વિની ભીડેએ આ દુર્ઘટનાની તપાસ માટે બે ડેપ્યુટી કમિશનર પુરષોત્તમ માળવદે અને શશાંક ભોરેની સમિતિ બનાવવાનો નિર્દેશ આપ્યો હતો. આ સમિતિનો અહેવાલ આગામી આઠ દિવસમાં રજૂ કરવાનો રહેશે. એ સાથે જ સમિતિને આ પ્રકરણમાં નિષ્ણાતોની સલાહ લેવાનો અને વાંરવાર આ ઘટના બને નહીં તે માટે ભલામણ કરવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો છે. એ સાથે જ પ્રાથમિક સ્તરે જેના તરફથી બેદરકારી રાખવામાં આવી હોય તે સંબંધિત અધિકારીને સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. તેમ જ સંબંધિત કૉન્ટ્રેક્ટર વિરોધમાં પણ આકરી કાર્યવાહી કરવામાં આવવાની છે.

**ચોમાસા પહેલા વૃક્ષોની ડાળખીની છટણીઃ** ચોમાસાના કામના ભાગ તરીકે મુંબઈ મહાનગરપાલિકાના ઉદ્યાન વિભાગ તરફથી તકેદારીના ભાગરૂપે દર વર્ષે વૃક્ષોનું ટ્રિમીંગ કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૬માં આવા ૪૬૮ ઝાડ મૃત અને જોખમી હાલતમાં મળી આવ્યા હતા. આતમામ ઝાડ કાઢી નાખવામાં આવ્યા હતા. એ સાથે ૧ લાક ૩૧૮ ઝાડની ડાળખીની છટણી કરવામાં આવી હતી. એ સિવાય જુદા જુદા કામથી પણ પાલિકામાં વૃક્ષો તૂટી પડયાં હતા.

**૨૦૨૫માં ૮૫૫ વૃક્ષ ધરાશાયીઃ** મુંબઈમાં ૨૦૨૩ની સાલમાં પાલિકાની હદમાં ૧૮૦ અને ખાનગી ક્ષેત્રમાં ૫૦૭ એમ કુલ ૬૮૭ વૃક્ષ ધરાશાયી થયા હતા. તો ૨૦૨૪માં પાલિકા શ્રેત્રમાં ૧૭૧ અને ખાનગી વિસ્તારમાં ૪૮૨ એમ કુલ ૬૫૩ ઝાડ તૂટી પડયા હતા. તો ૨૦૨૫ની સાલમાં પાલિકાની હદમાં ૨૨૧ અને ખાનગી ક્ષેત્રમાં ૬૩૪ એમ કુલ ૮૫૫ ઝાડ તૂટી પડયા હતા. ■

## ૨૭ ગુણ

આવ્યા હતા. કહેવાય છે કે બન્નેની કુંડળીને આધારે ૩૬માંથી ૨૭ ગુણ મળ્યા હોવાનું મહારાજે કહ્યું હતું. આ લગ્ન માટે શુભ યોગ માનવામાં આવે છે. ગુણ મળતા હોવાથી લગ્ન સફળ થવાના અણસાર આપી આ આદર્શ જોડી હોવાનો દાવો કુટુંબના મહારાજે કર્યો. પછી ધામધૂમથી સગાઈ થઈ અને લગ્નની જોરદાર તૈયારીઓ શરૂ થઈ. નવેમ્બર, ૨૦૨૬માં લગ્ન થવાનાં હતાં, પણ કેતનને સ્વપ્નેય ખયાલ નહોતો કે તેની ભાવિ જીવનસંગિની જ તેનું જીવન છીનવી લેશે.

પ્રેમી ચેતન ચૌધરી સાથે મળીને સિયાએ ભયાનક કાવતરું ઘડ્યું. કેતનને મારવાના બેથી ત્રણ પ્રયાસ નિષ્ફળ ગયા છતાં સિયાએ હાર ન માની અને તે યોગ્ય તકની રાહ જોતી હતી. આખરે ૧૮ જૂને તે કેતનને લોહગડના નિર્જન ભાગમાં લઈ જવામાં સફળ થઈ, જ્યાંથી ખીણમાં ધકેલી તેની હત્યા કરવામાં આવી હતી. ■

## સાત તળાવોમાં

૬,૨૦૫ મિલ્યન લિટર જેટલો વધારો નોંધાયો છે, જે હાલ ૧૦ ટકા પાણીકાપનો સામનો કરી રહેલા મુંબઈગરા માટે થોડી રાહત આપનારો છે. બુધવારે સવારના સાતેય જળાશયોના પાણીમાં સ્ટોકમાં નજીવો વધારો નોંધાયો હતો, જે સમગ્ર પ્રદેશમાં મુશળધાર વરસાદને કારણે થયો હતો. સતત વરસાદને કારણે કૃત્રિમ પવઈ તળાવ વહેલી સવારે છલકાયું હતું. જોકે તેનું પાણી પીવા માટે નહીં પણ ઔદ્યોગિક વપરાશ માટે થાય છે. મુંબઈ પીવાલાયક પાણી પુરવઠો સાત મુખ્ય તળાવો તુલસી, તાનસા, વિહાર મોડક સાગર, ભાતસા, અપર વૈતરણા અને મિડલ વૈતરણામાંથી થાય છે.

આ તમામ જળાશયોમાં પહેલી ઓક્ટોબરે ૧૪.૪૭ લાખ મિલિયન લિટર પાણી હોય તો આખું વર્ષ મુંબઈગરા પાણીકાપથી મુક્ત રહી શકે છે. આ વર્ષે જોકે ચોમાસું લંબાઈ જતા વરસાદના અભાવને કારણે તળાવોનું સ્તર નોંધપાત્ર રીતે ઘટી જતા પાલિકાને શહેરમાં ૧૦ ટકા પાણી કાપ લાગુ કરવાની ફરજ પડી હતી. એ સાથે સાથે કમર્શિયલ અને સ્પોર્ટસ કૉમ્પ્લેક્સમાં ૨૦ ટકા કામ મૂકવાની ફરજ પડી હતી.

મુંબઈમાં મોડે મોડે પણ ચોમાસાની એન્ટ્રી થઈ હતી પણ કેચમેન્ટ એરિયામાં નહીંવત વરસાદને પગલે જળાશયો સ્તર એકદમ નીચે આવી ગયા હતા. મંગળવાર સવાર સુધીમાં કુલ ક્ષમતાના ૬.૭૫ ટકા સુધી ઘટી ગયો હતો. જોકે મંગળવારથી સતત વરસી રહેલા વરસાદને પગલે બુધવારે સવાર સુધીમાં તેમાં નજીવો સુધારો થયો હતો, જે ૭.૧૮ ટકા અથવા ૧.૦૩ લાખ મિલ્યન લિટર હતો.પાલિકાના ડેટા મુજબ મંગળવારે સવારે છ વાગ્યાથી બુધવારે સવારે છ વાગ્યા સુધી કેચમેન્ટ વિસ્તારોમાં નોંધપાત્ર વરસાદ થયો હતો, જેમાં તુલસી તળાવમાં ૨૦૦ મિલીમીટર, મોડક સાગરમાં ૧૯૩ મિ.મી., તાનસામાં ૧૮૦ મિ.મી., ભાતસામાં ૧૨૦ મિ.મી., વિહારમાં ૮૩ મિ.મી., મિડલ વૈતરણાં ૫૯ મિ.મી. અને અપર વૈતરણામાં ૧૧ મિ.મી. જેટલો વરસાદ પડ્યો હતો.

## પવઇ તળાવ

વાપરવામાં આવતું નથી પણ આજુબાજુ રહેલા ઈન્ડસ્ટ્રિયલ એરિયામાં આવેલા ઉદ્યોગ એકમોને તેનો પુરવઠો કરવામાં આવે છે. મુંબઈ મહાનગરપાલિકાના મુખ્યાલયથી ૨૭ કિલોમીટર અંતર પર આવેલા આ કૃત્રિમ તળાવનું બાંધકામ ૧૮૯૦માં પૂર્ણ થયું હતું. એ સમયે તેના બાંધકામ માટે લગભગ ૧૨.૫૯ લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો. તળવાનો પરિસર ૬.૬૧ ચોરસ મીટરનો હોઈ તળાવ પૂર્ણ ભરેલું હોય ત્યારે પાણીનું ક્ષેત્રફળ લગભગ ૨.૨૩ ચોરસ કિલોમીટર જેટલું હોય છે. તળાવની પૂર્ણ રીતે છલકાઈ જવાની સપાટી ૧૯૫ ફૂટ છે. આ તળાવ જયારે છલકાઈ જાય છે ત્યારે તળાવનું પાણી મીઠી નદીને મળે છે. ■

## મુંબઈની મરણ નોંધ

### હિન્દુ મરણ

**ઘોઘારી દશા શ્રીમાળી વૈષ્ણવ**

વલસાડ નિવાસી હાલ મલાડ હસુમતીબેન મનહરલાલ શાહ તે સ્વ. મનહરલાલ નાનાલાલ શાહના પત્ની (ઉં. વ. ૮૯) તા. ૩૦-૬-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સુભાષભાઇ, મનીષભાઇ, ઇલાબેન કિર્તીભાઇ મહેતા, ભારતીબેન સમીરભાઇ કામદાર, ચેતનાબેન ધર્મેશકુમાર મહેતાના માતુશ્રી. વૈશાલી તથા સોનાલીના સાસુ. મેધા રોનક શાહના દાદી. તળાજા નિવાસી સ્વ. ભાઇલાલ જુગલદાસ દોશીના દીકરી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩-૭-૨૬ શુક્રવારના સાંજે ૫થી ૭. ઠે. પી. ડી. ખાખર હોલ, એસ. પી. ઓડિટોરિયમ માર્વે રોડ, મલાડ (વેસ્ટ).

**ઘોઘારી મોઢ વણિક**

ધ્રાંગધ્રા નિવાસી હાલ બોરીવલી ગં. સ્વ. પુષ્પાબેન ભાસ્કરભાઇ મણીલાલ વોરા તા. ૩૦-૬-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે અમીષ તેમ જ મનીષાના માતુશ્રી. સંજય દોશી તેમ જ જીલના સાસુ. પલકના નાની. કૃષ્ણ તથા દેવના દાદી. સ્વ. ઇન્દુબેન પારેખ તથા કીરીટભાઇના ભાભી. રતિલાલ તારાચંદ મહેતાના દીકરી. સાદડી પ્રથા બંધ રાખેલ છે.

**કપોળ**

નાગ્રેશ્રીવાળા હાલ કાંદિવલી સ્વ. અનંતરાય અમૃતલાલ મહેતાના ધર્મપત્ની ગં. સ્વ. ચંદ્રીકાબેન (ઉં. વ. ૭૭) તે નરેશ-રૂપા, પ્રકાશ-છાયા, નીલેશ-મોનાના માતુશ્રી. ગં. સ્વ. હિરાલક્ષ્મી નરેન્દ્રભાઇ મહેતાના દેરાણી. તે ઉગલવાણ વાળા સ્વ. જયંતીલાલ અમૃતલાલ મહેતાના દીકરી. અમી-ઇશાન, મૌલીક-ઉન્નતી, જીનલ, વત્સલ, ધ્રુવી, જીયાના દાદી. બુધવાર, તા. ૧-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨-૭-૨૬ ગુરુવારના સાંજે ૫થી ૭. ઠે. હાલાઇ લોહાણા બાળાશ્રમ હોલ, અતુલ ટાવરની બાજુમાં, મથુરાદાસ એક્સ્ટેન્શન રોડ કાંદિવલી (વેસ્ટ), લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ તુણા હાલ કાંદિવલી સ્વ. પુષ્પાબેન ઉર્ફે જશોદાબેન લક્ષ્મીદાસ ઠક્કરના પુત્ર બીપીનભાઇ (ઉં. વ. ૭૮) સોમવાર, તા. ૨૯-૬-૨૬ના પરમધામ પામ્યા છે. તે ભારતીબેનના પતિ. તે જયના પિતાશ્રી. સ્વ. દિલીપના તથા મદનભાઇ તથા ગં. સ્વ. રેખાબેન દિનેશભાઇના ભાઇ. તે સ્વ. ઝવેરબેન ભગવાનદાસ ગંધાના જમાઇ. તે પૂજાના સસરા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ડેડાણવાળા હાલ ભાયંદર સ્વ. પ્રતાપભાઇ પરશોતમદાસ મહેતાના ધર્મપત્ની ગં. સ્વ. પ્રવિણાબેન (ઉં. વ. ૭૮) તે ભાવના જયેશ મહેતા, મનીષા જયેશ મહેતા, છાયા લલિત પારેખ, રૂપલ જીતેશ મહેતા, રશ્મિ દક્ષેશ શેઠના માતુશ્રી. પિયરપક્ષે જાફરાબાદવાળા મુળજીભાઇ હરગોવિંદદાસ મહેતાની દીકરી તા. ૨૯-૬-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ વતન મેંદરડા હાલ સુરત સ્વ. પરમાણંદ રામજી રાજાના ધર્મપત્ની પ્રવીણાબેન રામજી રાજા (ઉં. વ. ૯૨) તે કરસનદાસ સુંદરજી રાયચઢાની દીકરી. અજીય, ઉષા અમૃતલાલ ઠકરાર, ગીતા કિરીટકુમાર લુકકા, પ્રિતી દિપકકુમાર સોનેચા, સ્વ. મંજી દર્શનકુમાર વિઠલાણી, નયના હેમંતકુમાર ઠકકર, હંસા તનસુખ રેલીયાના માતુશ્રી. ભાવનાબેનના સાસુ. સ્વ. કેતન, દર્શના ચિંતનકુમાર ચંદારાણા તેમ જ વીરેનના દાદી. તે કિરણ, સૂરજ, ચાંદની, રીમા, બીજલ, નેહલ, નિરાલી, હેતા, દેવેન, સોનુ, ધારા, પુનીત, અવની, નિધીના નાની. તા. ૨૯-૬-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**મોડાસા એકડા વિશા ખડાયતા**

બાકરોલ નિવાસી હાલ અંધેરી, ચંદ્રકાન્ત મણિલાલ ભલાવત (ઉં.વ. ૮૩) ૨૨/૬/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે અવંતીકાબેનના પતિ. દીપક-સોનલ, ચિરાગ-મોના તથા રશ્મિ અતુલકુમાર શાહના પિતા. સુરેશભાઈ, ભરતભાઈ, વિજયભાઈ, ઉષાબેન તથા નીતાબેનના ભાઈ. અક્ષય, કવિરા, જશ તથા જીમિતના દાદા. સાસરાપક્ષે સ્વ. વિઠ્ઠલદાસ કસ્તુરદાસ મહેતાના જમાઈ. તેમની સર્વ પક્ષની પ્રાર્થનાસભા ૩/૭/૨૬ના ૪ થી ૬ ક. શ્રી વર્ધમાન સ્થા જૈન સંઘ, ડાયમંડ ટોકીઝની સામે, એલ. ટી. રોડ, બોરીવલી વેસ્ટ.

**બ્રહ્મક્ષત્રિય મોચી**

મૂળગામ વેગામ હાલ મુંબઈ, રમેશભાઈ વેગામવાળા (ઉં.વ. ૮૨) ૩૦/૬/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. જમનાબેન લલ્લુભાઇ વેગામવાળાના પુત્ર. સ્વ. ચંદનબેનના પતિ. દર્શિની તથા જીગીષાના પિતા. ધર્મેશ પ્રભુદાસ ગુસાણીના સસરા. મલંકના નાના. તેમની પ્રાર્થનાસભા ૩/૭/૨૬ના રોજ ૫ થી ૭ ક. શ્રી વર્ધમાન સ્થા જૈન શ્રાવક સંઘ, પાંચમે માળે, પારેખ ગલ્લી કોર્નર, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ જામ મિઠોઈ જાખર હાલ પનવેલ, સ્વ. કેસરબેન હેમરાજલાલ મામતુરા (ઠક્કર)ના સુપુત્ર સ્વ. મોહનલાલ હેમરાજલાલ મામતુરા (ઉં.વ. ૮૩) તા. ૧ જુલાઈ ૨૦૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે નયનાબેન મોહનલાલ મામતુરાના પતિ. દીપેન, ભાવના, ડોલીના પિતા. મોનાના સસરા. વિલાસ, સ્વ. પ્રફુલ, સ્વ. જયેન્દ્રના મોટાભાઈ. સ્વ. પુષ્પાબેન જમનાદાસ પોપટ અને સ્વ. ઈન્દુબેન રમેશકુમાર સુતરિયાના ભાઈ. રતનબેન મોહનલાલ રાયપુરાના જમાઈ. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨/૭/૨૬ના રોજ ૪.૩૦ થી ૬.૦૦. પનવેલ લોહાણા મહાજન વાડી, રવજી ભીમજી રંગપરીયા માર્ગ, મિર્ચી ગલી, પનવેલ. લૌકિક વ્યવહાર બંધ છે.

### પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

### જૈન મરણ

પાલિતાણા નિવાસી હાલ ઘાટકોપર રશ્મિકાંત હિંમતલાલ મોદીના ધર્મપત્ની અ. સૌ. આશા (ઉં.વ. ૬૭) તા. ૨૯-૬-૨૬ના સોમવારના અરિહંતશરણ થયેલ છે. અંક્તિ, મેઘાના માતુશ્રી. મિતિ તથા ડો. હર્ષિતાના સાસુજી. જિનાંશના દાદીમા. પિયરપક્ષે શાંતિલાલ ચુનીલાલ ધામી (બેંગલોર). પ્રાર્થનાસભા તા. ૨-૭-૨૬ના સવારે ૧૦થી ૧૧.૩૦. ઠે. નીલકંઠ કોર્પોરેટ પાર્ક, ૫ પ્રિમીયર રોડ, વિદ્યાવિહાર (વેસ્ટ).

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

દામનગર નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. તારાબેન હિંમતલાલ બગડીઆના પુત્ર નરેન્દ્રભાઈ (ઉં.વ. ૭૩) તે રીટાબેનના પતિ. પારસ, પરિમલ, રિન્કુ રિતેશકુમાર, મીરા અંકિતકુમાર, ખુશ્બુ દેવાંગકુમારના પિતા. નિશા અને કિંજલના સસરા. અરહમ, દેવિક અને પૂજન, ધાર્મિક, તન્વી, ક્રિશા અને દીપના દાદા-નાના. અશોકભાઈ, રોહિતભાઈ, વીણાબેન કનૈયાલાલ, વર્ષાબેન અનિલકુમાર, સ્મિતાબેન રાજેશકુમારના ભાઈ. સુરનગર નિવાસી સ્વ. તારાબેન નગીનદાસ જાગાણીના જમાઈ. તા. ૧-૭-૨૬ના બુધવારના અરિહંતશરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા ૩-૭-૨૬ના શુક્રવારે ૪ થી ૬. ઠે. ત્રિધા બેન્કવેટ હૉલ, ત્રીજે માળે, ૯૦ ફીટ રોડ, સ્વામીનારાયણ મંદિરની બાજુમાં, ઘાટકોપર પૂર્વ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

લાઠી નિવાસી હાલ કાંદિવલી, સ્વ. અ. સૌ. જયશ્રીબેન અને અરવિંદભાઈ મોહનલાલ હેમાણીના પુત્ર. પિયુષ (ઉં.વ. ૫૩) મંગળવાર, તા. ૩૦/૬/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે વિકાસ અને અલકા દીપકકુમાર લાખાણીના ભાઈ. સ્વ. મૂળચંદભાઈ, રજનીભાઇ, દિલીપભાઈ, હંસાબેન અને સ્વ. મંજુલાબેનના ભત્રીજા. લૌકિક વ્યવહાર અને પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ઉના નિવાસી હાલ મલાડ જયાબેન બાવચંદ દોશી (ઉં. વ. ૯૩) તા. ૨૪-૬-૨૬ બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે જયેન્દ્રભાઇ, ધીરેન્દ્રભાઇ, ચેતનભાઇ, રંજનબેનના માતુશ્રી. સ્વ. હર્ષાબેન, લતાબેન, બિનાબેન, અશોકકુમાર ચુનીલાલ દોશીના સાસુમા. પિયર પક્ષે પરસનબેન જગજીવન સંઘવીના દીકરી. સ્વ. રમણિકભાઇ, સ્વ. મહાસુખભાઇ, સ્વ. મહેન્દ્રભાઇ આચાર્ય કુદ કુંદ સૂરીશ્વરજી, વિનુભાઇ, સ્વ. પુષ્પાબેનના બહેન. ભાવયાત્રા તા. ૫-૭-૨૬ રવિવારે સવારે ૧૦થી ૧૨. ઠે. મલાડ કપોળ બેન્કવેટ હોલ, શ્રીનાથ પ્રિમાઇસીસ સોસાયટી, રામચંદ્ર એક્ષટેન્શન લેન, કાંચપાડા, મલાડ (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ભાવનગર નિવાસી હાલ માટુંગા શાહ હિંમતલાલ હરજીવનદાસના સુપુત્ર મહેશભાઇ (ઉં. વ. ૭૭) સોમવાર, તા. ૨૯-૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મૃદુલાબેનના પતિ. સ્વ. ઇન્દુબેન, સ્વ. ભનીબેન, મયુરભાઇ તથા આશાબેનના ભાઇ. પ્રિતી-અમીષકુમાર, ભાવિન-અસ્મી તથા ચિરાગ-દર્શિતાના પિતા. આરુષ તથા યુગના દાદા. સ્વ. હીરાબેન રતિલાલ શેઠના જમાઇ. ભાવયાત્રા શનિવાર, તા. ૪-૭-૨૬ના સવારે ૧૦થી બપોરે ૧૨. ઠે. નારાયણજી શામજી વાડી, માટુંગા (પૂર્વ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

નંદુરબાર નિવાસી સ્વ. દિનેશચંદ્ર ઠાકરસીભાઇ શાહના ધર્મપત્ની નીતાબેન (ઉં. વ. ૭૯) મંગળવાર, તા. ૩૦-૬-૨૬ના અમદાવાદ મુકામે અરિહંતશરણ પામેલ છે. તે રોમા જોયભાઇ શાહ, અંકિત, શ્યામલી દીપકભાઇ ધોળકીયાના માતુશ્રી. વિદ્યાના સાસુજી. વાડીલાલ ઓધડભાઇ શાહના દીકરી. અશોકભાઇ-રીટાબેન, સ્વ. નલીનીબેન, હિંમતલાલ, સ્વ. કોકીલાબેન અરવિંદભાઇ, સ્વ. ઉર્મિલાબેન કિશોરભાઇ, ભારતીબેન હસમુખભાઇ, વિલાશબેન કમલેશભાઇના ભાભી. નીવ-સાચી, ક્રિશા-અયાંશના દાદી. પ્રાર્થનાસભા તા. ૨-૭-૨૬ના ઠે. પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ, બોડકદેવ, અમદાવાદ સમય સવારે ૯થી ૧૧.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બિદડા (ખાખરીયો ફરીયો)ના હરખચંદ નાનજી દેઢીયા (ઉં.વ. ૮૪) તા. ૨૯-૬-૨૬ના અવસાન પામ્યા છે. લીલબાઇ નાનજી ભોજાના સુપુત્ર. સ્વ. શાંતાબેનના પતિ. ચેતન, આરતી, મેહુલના પિતા. નેણબાઇ, કલ્યાણજી, મુલચંદ, પ્રભા, પુષ્પાના ભાઇ. બિદડાના મણીબેન શામજી વેરશી ફુરીયાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠેકાણું : ચેતન દેઢીયા, એ-૩૦૪, પંકજ બીલ્ડીંગ, કમલ એપાર્ટમેન્ટ, શંકર લેન, કાંદીવલી (વેસ્ટ).

## ‘વૃક્ષ તૂટી પડવા

છે. બસમાં કુલ ૧૩ વિદ્યાર્થી હતા. આ કમનસીબ બનાવ અંગે પુછવામાં આવતાં શિરસાટે મંગળવારે જણાવ્યું હતું કે ‘કોઈ કેવી રીતે કઈ શકશે કે ઝાડ તૂટી પડવાનું છે? વૃક્ષ તૂટી પડવા અને વીજળી પડવાના બનાવો માનવી નિયંત્રણમાં નથી. કદાચ ત્યાં જોરદાર પવન વાઈ રહ્યો હતો.

તેમની આવી ટિપ્પણીને પગલે ખાસ્સો વિવાદ થયો હતો અને વિપક્ષો કૉંગ્રસ અને એનસીપી (એસપી)એ આ નિવેદનની ટીકા કરી હતી.

પ્રધાનની ઝાટકણી કાઢતાં કૉંગ્રેસના નેતા નાના પટોલેએ કહ્યું હતું કે આ નિવેદનમાં સરકારમાં રહેલા અહંકારના સ્તરને જોઈ શકાય છે. ચોમાસાની તૈયારીઓ ફક્ત કાગળ પર કરવામાં આવી હતી, વાસ્તવિક રીતે કશી જ તૈયારી થઈ નહોતી. એનસીપી (એસપી)ના નેતા ક્લાઈડ ક્રાસ્ટોએ શિરસાટની ટિપ્પણીને ‘શરમજનક’ અને ‘બિનસંવેદનશીલ’ ગણાવતાં કહ્યું હતું કે બાળકના મૃત્યુને કુદરતી બનાવ તરીકે ગણાવી શકાય નહીં, ચોમાસા પહેલાં યોગ્ય રીતે ટ્રી ઓડિટ અને જાળવણી થવી જોઈતી હતી.

બુધવારે પત્રકારો સમક્ષ બોલતાં શિરસાટે કહ્યું હતું કે તેમના નિવેદનનું ખોટું અર્થઘટન કરવામાં આવ્યું હતું. આ અત્યંત કમનસીબ બનાવ હતો. મેં કહ્યું હતું કે વૃક્ષ તૂટી પડવા જેવી કુદરતી ઘટનાઓ હોવા છતાં પાલિકાએ યોગ્ય સાવચેતી લેવી જોઈતી હતી. જે વૃક્ષો તૂટી પડવા જેવા હોય તેમને ચોમાસા પહેલાં જ કાપી નાખવા જોઈતા હતા, એમ શિરસાટે કહ્યું હતું. ■

મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# થાણે જિલ્લામાં ઑરેન્જ અને પાલઘરમાં રેડ અલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યના મોટાભાગના જિલ્લામાં ચોમાસું ફરી જામ્યું છે, જેમાં બુધવારે થાણે અને પાલઘર જિલ્લા સહિત મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં ભારે વરસાદ પડ્યો હતો, જેને કારણે અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. અને જ્યાએ પૂર આવ્યા હતા. હવામાન વિભાગે બીજીથી ચોથી જુલાઈ સુધી થાણે જિલ્લા સહિત સંપૂર્ણ કોકણમાં ઓરેન્જ અલર્ટ આપી અમુક ઠેકાણે ભારે વરસાદની આગાહી કરી છે. તો પાલઘરમાં ગુરુવાર માટે રેડ અલર્ટ આપી અતિવૃષ્ટિની ચેતવણી આપી નાગરિકોને સતર્ક રહેવાની અને આવશ્યકતા ન હોય તો ઘરમાં જ રહેવાની અપીલ કરવામાં આવી છે. પાલઘરમાં પ્રશાસને સ્કૂલ અને કોલેજમાં રજા જાહેર કરી છે.

થાણે જિલ્લામાં મંગળવારથી શરૂ (જુઓ પાનું ૪) ▶▶



મરીન ડ્રાઈવ

(તસવીર: અમય ખરાડે)

## મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં ભારે વરસાદની આગાહી



ઠેરઠેર ટ્રાફિક જૅમ

## પવઈ તળાવ છલકાયું, પણ પાણીની સમસ્યા યથાવત્



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં મંગળવાર આખી રાત પડેલા મુશળધાર વરસાદને કારણે પવઈ તળાવ બુધવારે વહેલી સવારે છલકાઈ ગયું હતું. જોકે તળાવના છલકાઈ જવાથી બહુ હરખાવવા જેવું નથી, કારણકે આ તળાવનું પાણી પીવા સિવાયના ઉપયોગ માટે એટલે કે ઔદ્યોગિક વપરાશ માટે વાપરવામાં આવે છે.

પાલિકાના પાણી પુરવઠા વિભાગના જણાવ્યા મુજબ બુધવારે વહેલી સવારના ૫.૩૦ વાગે પવઈ તળાવ તેની પૂર્ણ ક્ષણતાએ ભરાઈને વહેવા માંડ્યું હતું. ૫૪૫ કરોડ લીટરની ક્ષમતા ધરાવતું પવઈ તળવાનું પાણી પીવા માટે (જુઓ પાનું ૪) ▶▶



મિલન સબ-વે

## પાલઘર જિલ્લામાં આજે સ્કૂલોમાં રજા

પાલઘરમાં પણ મંગળવાર મધ્યરાત્રિથી શરૂ થયેલા વરસાદે બુધવારે બપોરે જોર પકડ્યું હતું, જેના કારણે અનેક સ્થળોએ પાણી ભરાઈ ગયા હતા.

બીજી જુલાઈના રોજ પાલઘર જિલ્લામાં 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું હોવાથી સાવચેતીના પગલા તરીકે પાલઘર જિલ્લાની તમામ શાળાઓ અને કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટર ઇન્દુરાણી જાખડે આ અંગે આદેશો જારી કર્યા છે; જોકે, આપત્તિ વ્યવસ્થાપન કાર્યો કરવા માટે મુખ્ય શિક્ષકો, અને સ્ટાફે ઓફિસ સમય દરમિયાન ફરજ પર હાજર રહેવું પડશે. ■

**બોરીવલીમાં વાંદરાને કારણે ટ્રેનો લેટ**

## હાર્બરમાં ઓવરહેડ વાયર તૂટ્યો, ટ્રાન્સ-હાર્બરમાં પણ ટેક્નિકલ ખામી

મુંબઇ : પનવેલ, નવી મુંબઈ અને થાણેમાં બુધવારે વહેલી સવારથી ભારે વરસાદ પડી રહ્યો હતો. આ દરમિયાન ઓવરહેડ વાયર તૂટી પડવાને કારણે હાર્બર લાઈનની સેવાઓ ખોરવાઈ ગઈ હતી. હજુ તો સેવાઓ સામાન્ય થાય, ત્યાં જ ટ્રાન્સ-હાર્બર સેવાઓમાં પણ વિક્ષેપ પડ્યો, જ્યારે વેસ્ટર્ન રેલવેમાં એક વાંદરાને કારણે ટ્રેન મોડી પડી. બોરીવલી સ્ટેશન પર પાટા પર વાંદરાએ ૧૫ મિનિટ સુધી ભારે અફરાતફરી મચાવી, જેના કારણે ત્રણ લોકલ ટ્રેનો રદ કરવી પડી. પરિસ્થિતિ કાબૂમાં આવી ત્યાં સુધીમાં તો ફરી એકવાર જોરદાર વરસાદ શરૂ થઈ ગયો હતો.બપોરે ફરી વરસાદે જોરદાર હાજરી નોંધાવી, જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી જમા થવા લાગ્યા . અંધેરી અને મુમ્બ્રા સહિત અનેક નીચાણવાળા સ્થળોએ પાણી ભરાવાનું શરૂ થઈ ગયું . લોકલ ટ્રેન સેવાઓ પણ ૨૦ થી ૩૦ મિનિટ મોડી દોડી રહી હતી. ■

## મુંબઈ-અમદાવાદ હાઈવે પર ટ્રાફિક જૅમ

વસઈ: છેલ્લા બે દિવસથી વસઈ-વિરારમાં પડી રહેલા ભારે વરસાદને કારણે જનજીવન ખોરવાયું છે. આ વરસાદની સૌથી વધુ અસર વસઈ પૂર્વમાંથી પસાર થતા મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે પર થઈ હતી, જ્યાં વાહનવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો. હાઈવે પર ઠેર-ઠેર પાણી ભરાવાને કારણે અને વાહનો બંધ પડવાને લીધે વાહનચાલકો ભારે હાલાકીનો (જુઓ પાનું ૪) ▶▶

## સાત તળાવમાં પાણીના સ્તરમાં આંશિક વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: થાણે અને નાશિક જિલ્લામાં આવેલા જળાશયોના કેચમેન્ટ એરિયામાં પડેલા ભારે વરસાદને પગલે મુંબઈને પાણી પુરવઠા કરનારા સાત તળાવોમાં આંશિક વધારો નોંધાયો છે. જળાશયોમાં સરેરાશ ૧.૭૨ મીટરનો વધારો એટલે કે બુધવારે સવારના પૂરા થયેલા ૨૪ કલાકમાં (જુઓ પાનું ૪) ▶▶

## નગરસેવિકાના પતિની ચાકુના ઘા ઝીંકી હત્યા

અકોલા: જૂની અદાવતને પગલે કૉંગ્રેસની નગરસેવિકાના પતિની ચાકુના ઘા ઝીંકી કરપીણ હત્યા કરવામાં આવી હોવાની ઘટના અકોલામાં બની હતી.

પોલીસના જણાવ્યા મુજબ મંગળવારે થયેલા હુમલામાં યાકુબ ખાન યુનુસ ખાન (૫૭)નું મૃત્યુ થયું હતું. આ પ્રકરણે એક આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.

યાકુબ ખાનની પત્ની રાફિયા બી યાકુબ ખાન અકોલા શહેરમાં કૉંગ્રેસની નગરસેવિકા છે.

યાકુબ બાઈક પર રેલવે સ્ટેશનેથી આગ્રાસેન ચોક તરફ જઈ રહ્યો હતો ત્યારે સામેની દિશામાંથી આરોપી વાસિમ અહમદ તેના વાહનમાં આવ્યો હતો. યાકુબની બાઈકને ટક્કર માર્યા પછી વાસિમે ચાકુથી હુમલો કર્યો હતો. ચાકુના ઉપરાછાપરી ઘા ઝીંકવામાં આવતાં યાકુબનું મોત નીપજ્યું હતું.

હુમલા પછી આરોપીએ ઘટનાસ્થળેથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ એ જ વિસ્તારમાં હાજર પોલીસ કોન્સ્ટેબલ પ્રવીણ ધાગેકરે તેને પકડી પાડ્યો હતો. જૂની દુશ્મનાવટને પગલે આ હત્યા કરાઈ હોવાનું પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું. (પીટીઆઈ)

**વૃક્ષ તૂટી પડવાની ઘટનામાં વિહાનનું કરુણ મોત**

## અધિકારી સસ્પેન્ડ અને કૉન્ટ્રેક્ટર સામે આકરી કાર્યવાહી

**તપાસ માટે સમિતિની સ્થાપના, આઠ દિવસમાં અહેવાલ રજૂ કરશે**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં ભારે વરસાદને કારણે ચેમ્બુર ખાતે સ્કૂલ બસ પર પિપળાનું વૃક્ષ ધરાશાયી થતાં ૧૧ વર્ષના વિહાન શ્રીવાસ્તવનું મોત નીપજ્યું હતું. આ દુર્ઘટનાની ઊંડાણમાં તપાસ કરવા માટે મુંબઈ મહાનગરપાલિકાના કમિશનરે એક સમિતિની સ્થાપના કરવાનો નિર્દેશ આપ્યો છે અને સમિતિનો અહેવાલ આઠ દિવસમાં રજૂ કરવાનો રહેશે. એ સાથે જ પ્રકરણમાં પ્રાથમિક સ્તરે તપાસમાં બેદરકારી દાખવનારા સંબધિત અધિકારીને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. તેમ જ સંબંધિત કૉન્ટ્રેક્ટર વિરુદ્ધ પણ આકરી કાર્યવાહી કરવામાં આવવાની છે. તેમ જ કમિશનરે ચેમ્બુર જેવી દુર્ઘટનાનું પુનરાર્વત થાય નહીં તે માટે ઝાડની નવેસરથી છટણી કરવાનો નિર્દેશ આપ્યો છે.

મંગળવારે સ્કૂલ બસ પર ઝાડ તૂટી પડવાની ઘટનામાં એકનું મોત અને ચાર વિદ્યાર્થીઓ જખમી થયા હતા. બસમાં કુલ ૧૩ વિદ્યાર્થી બેઠા હતા, જેમાં ચાર વર્ષથી લઈને ૧૧ વર્ષના વિદ્યાર્થીઓનો બુધવારે મુંબઈ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક શરૂ થતાં પહેલાં વિહાનની સ્મૃતિમાં બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. સમગ્ર મુંબઈને હચમચાવી મુકનારી ચેમ્બુરની આ દુર્ઘટના બદલ જવાબદાર અધિકારીઓને તાત્કાલિક ફરજિયાત રજા પર મોકલવામાં આવે, તેવી માગ નગરસેવક અને (જુઓ પાનું ૪) ▶▶

## વૃક્ષ તૂટી પડવા, વીજળી પડવી એ માનવીના હાથમાં નથી: શિવસેનાના નેતા વિવાદ છેડે છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઇમાં સ્કૂલ બસ પર ઝાડ તૂટી પડવાને કારણે એક વિદ્યાર્થીનું મૃત્યુ થયું તે બાબતે સરકારનો બચાવ કરવામાં શિવસેનાના પ્રધાન સંજય શિરસાટે નવો વિવાદ છેડ્યો છે. તેમણે કહ્યું હતું કે વૃક્ષપતન અને વીજ પડવી માનવીના હાથમાં હોતું નથી.

તેમણે આ વિવાદાસ્પદ ટિપ્પણી કર્યાના બીજા જ દિવસે સામાજિક ન્યાય ખાતાના પ્રધાને ડેમેજ કન્ટ્રોલનો પ્રયાસ કરતાં કહ્યું હતું કે તેમને ખોટી રીતે ક્વોટ કરવામાં આવ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે પાલિકાએ વ્યવસ્થિત રીતે આગોતરા વૃક્ષની છટણી કરવી જોઈતી હતી જેથી આવા અકસ્માતને ટાળી શકાય. અહીં ઉલ્લેખનીય છે કે ચેમ્બુરમાં સ્કૂલ બસ પર પીપળાનું વિશાળ વૃક્ષ તૂટી પડતાં વિહાન શ્રીવાસ્તવ નામના વિદ્યાર્થીનું મૃત્યુ થયું હતું, જ્યારે ચાર વર્ષની એક બાળકી સહિત ચાર બાળકો જખમી થયા (જુઓ પાનું ૪) ▶▶



**ઊંઘમાંથી જાગી રેલવે:** તાજેતરમાં અંધેરી-બોરીવલી વચ્ચે લોકલ ટ્રેનમાં યુવાનની ચાકુ મારીને થયેલી હત્યા બાદ રેલવે તંત્ર જાગતું થયું છે. હવે રેલવે પોલીસ દ્વારા પ્રવાસીઓના બેગની તપાસ કરવામાં આવી રહી છે. (અમય ખરાડે)

## રાજ્ય સરકાર ગેરકાયદે આઈવીએફ અને સોનોગ્રાફી કેન્દ્રો સામે બનાવાશે ટાસ્ક ફોર્સ

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે બુધવારે (ડોક્ટર્સ ડે) જણાવ્યું હતું કે દર્દીઓ સાથે થતી છેતરપિંડી રોકવા ગેરકાયદેસર આઈવીએફ અને સોનોગ્રાફી કેન્દ્રો પર રાજ્યવ્યાપી કાર્યવાહી શરૂ કરવા માટે તે એક સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ) તૈયાર કરવામાં આવશે.

રાજ્ય વિધાનસભામાં આ જાહેરાત કરતા જાહેર આરોગ્ય પ્રધાન પ્રકાશ આબિટકરે એમ પણ કહ્યું હતું કે સરકાર આવા ગુનાઓને સંગઠિત ગુનાના દાયરામાં લાવવાનું વિચારી રહી છે. તેઓ સમાજવાદી પાર્ટીના વિધાનસભ્ય અબુ આઝમી દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા.

વધુ જાણકારી આપતા આબિટકરે જણાવ્યું હતું કે ટાસ્ક ફોર્સ રાજ્યવ્યાપી નિરીક્ષણ કરશે જેથી અનધિકૃત કેન્દ્રોને ઓળખી શકાય અને તેમની સામે કાર્યવાહી કરી શકાય. આવા ગુનાઓને સંગઠિત ગુનાના દાયરામાં લાવવાનું વિચારાધીન છે. રાજ્ય વિધાનસભાના આગામી સત્ર સુધીમાં આ અંગેનો કાયદો રજૂ થવાની સંભાવના છે. અધિકૃત પરવાનગી વિના મોટી સંખ્યામાં ગેરકાયદે આઈવીએફ અને સોનોગ્રાફી કેન્દ્રો ખોલવામાં આવી રહ્યા છે. પ્રસ્તાવિત એસટીએફ આવી પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવામાં અને તેને રોકવામાં મદદ કરશે.ગ્રામીણ આરોગ્ય સંભાળ ક્ષેત્રમાં ખાલી જગ્યાઓ ભરવા અંગેની ચર્ચાના જવાબમાં આબીટકરે જણાવ્યું હતું કે બુધવારે ડોક્ટર્સ ડેના દિવસે ૧,૪૦૦ ડોકટરોની ભરતી કરવાનો આદેશ જારી કરવામાં આવ્યો છે.

## થિયેટર અને ફિલ્મ દિગ્દર્શક વિજયા મહેતાને મુખ્ય પ્રધાનની શ્રદ્ધાંજલિ



મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે પીઢ થિયેટર દિગ્દર્શક અને અભિનેત્રી વિજયા મહેતાના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો અને તેમના નિધનને મરાઠી રંગભૂમિમાં એક યુગનો અંત ગણાવ્યો હતો.

એક શોક સંદેશમાં ફડણવીસે કહ્યું કે મહેતાએ અભિનેત્રી, દિગ્દર્શક અને નિર્માતા તરીકે તેમના કાર્ય દ્વારા રંગભૂમિ અને સિનેમા પર અમીટ છાપ છોડી છે.

એક અભિનેત્રી તરીકે પ્રખ્યાત થયા પછી, તેમણે અનેક પ્રશંસનીય નાટકોનું દિગ્દર્શન કર્યું અને રંગભૂમિના કલાકારોની પેઢીઓને માર્ગદર્શન આપ્યું. ફિલ્મોમાં તેમના અભિનયની પણ વ્યાપક પ્રશંસા કરવામાં આવી હતી, એમ તેમણે ઉમેર્યું. તેમના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા ફડણવીસે કહ્યું કે તેઓ દુ:ખની ઘડીમાં તેમની સાથે છે.

મરાઠી રંગભૂમિને આકાર આપવામાં મુખ્ય ભૂમિકા ભજવનાર 'બાઈ' તરીકે જાણીતા વિજયા મહેતાનું મંગળવારે રાત્રે વય-સંબંધિત બીમારીઓને કારણે ૯૨ વર્ષની વયે દક્ષિણ મુંબઈ સ્થિત તેમના નિવાસસ્થાને અવસાન થયું હતું. (પીટીઆઈ)

**જ્યોતિષશાસ્ત્ર-કુંડળી મેળવવી કેટલું વિશ્વસનીય?**

# ૨૭ ગુણ મળતા હતા છતાં સિયાએ કેતનને પતાવ્યો

પુણે: દેશઆખાને હચમચાવી નાખનારા પુણેના રિયલ એસ્ટેટ કંપનીના ડિરેક્ટર કેતન અગરવાલ હત્યા કેસ પછી જ્યોતિષ શાસ્ત્ર અને લગ્ન પહેલાં કુંડળી મેળવવાના રિવાજ સામે પ્રશ્ન ઊભો થઈ રહ્યો છે. ચોંકાવનારી વાત એટલે લગ્ન પહેલાં મહારાજે સિયા અને કેતનની કુંડળી મેળવી હતી, જેમાં ૩૬માંથી ૨૭ ગુણ મળતા હોવાથી તેને શુભ યોગ્ય ગણાવ્યો હતો. આમ છતાં સિયાએ પ્રેમી સાથે મળીને કેતનને બેરહેમીથી પતાવી નાખ્યો હતો.

ટ્રેકર કેતન અગરવાલને લોનવલાના લોહગડ કિલ્લા પરથી ઊંડી ખીણમાં ધકેલી દઈ તેની હત્યા કરવામાં આવ્યા પછી આ કેસમાં રોજ નવા ખુલાસા થઈ રહ્યા છે. હવે સિયા અને કેતનની કુંડળીનો મુદ્દો સામે આવ્યો છે.

સૂત્રોના જણાવ્યા મુજબ જાન્યુઆરી, ૨૦૨૬માં કેતન અગરવાલ અને સિયા ગોયલનાં લગ્ન ગોઠવવા પહેલાં મહારાજે બન્નેની જન્મકુંડળી જોઈ હતી, જેને આધારે ગ્રહોનો અભ્યાસ કરીને લગ્નકુંડળી તૈયાર કરી હતી. લગ્નયોગ માટે જરૂરી ગુણો મેળવવામાં (જુઓ પાનું ૪) ▶▶

## આરોપી ચેતનને કિલ્લા પર લઈ જઈ સીન રિક્રિએટ કરવામાં આવ્યો

કેતનની હત્યાના કેસમાં ધરપકડ કરાયેલી તેની વાગ્દત્તા સિયા ગોયલ અને તેના પ્રેમી ચેતન ચૌધરીની ધરપકડ કરવામાં આવી હતી. બન્ને ત્રણ જુલાઈ સુધી પોલીસ કસ્ટડીમાં હોવાથી પોલીસ વધુ તપાસ કરી રહી છે. ૨૮ જૂને પોલીસ સિયાને લઈ લોહગડ કિલ્લા પર ગઈ હતી અને ત્યાં સીન રિક્રિએટ કરવામાં આવ્યો હતો. પછી બુધવારે અધિકારીઓ ચેતનને કિલ્લા પર લઈ ગયા હતા. ૧૮ જૂને ચેતનનો જે પહેરવેશ હતો તેવા જ પહેરવેશમાં તેને બુધવારે લઈ જવાયો હતો. સીન રિક્રિએટ કરવા માટે કેતનને જે જગ્યાએથી ધક્કો મારવામાં આવ્યો હતો ત્યાં ચેતનને લઈ જવામાં આવ્યો હતો. પોલીસના કહેવાથી ચેતને કેતનના ડમીને ધક્કો માર્યો હતો. ■

## કેસ સજ્જડ બનાવવો પોલીસ માટે મોટો પડકાર

કેતન અગરવાલના હત્યા કેસમાં નજરે જોનારા સાક્ષી અને સીસીટીવી કૅમેરા ફૂટેજ ન હોવાથી આરોપી સિયા અને ચેતન સામે સજ્જડ કેસ બનાવવો પોલીસ માટે મોટો પડકાર હોવાનું કહેવાય છે. મેઘાલયના ચર્ચાસ્પદ સોનમ સઘુવંશી હનીમૂન મર્ડર કેસમાં અમુક ટેક્નિકલ ખામીઓ રહી હતી, જેને પગલે હાઈ કોર્ટમાંથી તેને જામીન મળ્યા હતા. પરિણામે સિયા અને ચેતનને વહેલા જામીન ન મળે તે માટે પોલીસ દરેક પાસાનો અભ્યાસ કરી પુરાવા એકઠા કરી રહી છે. સિયાએ ગૂગલ પર લોહગડની ખીણ વિશે સર્ચ કર્યું હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. પોલીસ આ ડિજિટલ ડેટા રિકવર કરી શકે છે. બ્રાઉઝર હિસ્ટ્રી, લૉકેશન ડેટા અથવા ડિલીટ કરેલા મેસેજ જેવા ડિજિટલ પુરાવા કોર્ટમાં સબળ ઠરી શકે છે. ઘટનાસ્થળ આસપાસના સીસીટીવી કૅમેરામાં સહઆરોપી ચેતન ચૌધરી હૂડી પહેરીને ફરતો દેખાય છે, પણ એના પરથી તેણે હત્યા કર્યાનું પુરવાર થતું નથી. ■

**લોકલ ટ્રેનમાં ગુનાહિત પ્રવૃત્તિઓમાં વધારો**

## પશ્ચિમ રેલવેના ૪૨ અને મધ્ય રેલવેના ૧૦૮ સ્ટેશનોનું થશે 'સેફ્ટી ઓડિટ'

મુંબઈ: મુંબઈની જીવાદોરી ગણાતી લોકલ ટ્રેનોમાં છેલ્લા કેટલાક સમયથી ગુનાહિત પ્રવૃત્તિઓમાં ચિંતાજનક વધારો થયો છે. છેલ્લા છ મહિનામાં ચાલુ લોકલ ટ્રેનમાં બે મુસાફરોની નિર્મમ હત્યાની ઘટનાઓ સામે આવ્યા બાદ હવે રાજ્ય સરકાર અને પોલીસ પ્રશાસન સંપૂર્ણપણે એક્શન મોડમાં આવી ગયું છે. મહારાષ્ટ્રના પોલીસ મહાનિર્દેશક સદાનંદ દાતેએ રેલવે પ્રશાસનને મુંબઈ સબર્બન રેલવે નેટવર્કના તમામ ૧૫૦ રેલવે સ્ટેશનોનું તાત્કાલિક 'સુરક્ષા ઓડિટ' કરવાનો કડક નિર્દેશ આપ્યો છે. પશ્ચિમ રેલવેના ૪૨ અને મધ્ય રેલવેના ૧૦૮ સ્ટેશનોનું વિગતવાર સુરક્ષા ઓડિટ કરવામાં આવશે. આ ઓડિટનો મુખ્ય હેતુ વર્તમાન સુરક્ષા વ્યવસ્થાની ખામીઓને શોધીને તેને વહેલી તકે દૂર કરવાનો અને સુરક્ષા સિસ્ટમને અપગ્રેડ કરવાનો છે.

ડીજીપી સદાનંદ દાતેએ અધિકારીઓને આદેશ આપતાં જણાવ્યું છે કે દરેક સ્ટેશન પર મુસાફરોની સંખ્યાને ધ્યાનમાં રાખીને પૂરતા પ્રમાણમાં સુરક્ષા કર્મચારીઓ તહેનાત કરવામાં આવે. આ સિવાય સ્ટેશનના મુખ્ય એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ્સ પર તપાસ વ્યવસ્થાને વધુ આધુનિક અને કડક બનાવવામાં આવે. તેમ જ મહિલા કોચની સામે લગાવવામાં આવી રહેલા 'પેનિક બટન' ને વહેલી તકે સંપૂર્ણ સક્રિય કરવામાં આવે, જેથી કટોકટીના સમયે મહિલાઓને તાત્કાલિક મદદ મળી શકે.




# હાલૅન્ડે નોર્વેને બચાવ્યું, ફ્રાન્સ અને મેક્સિકો પણ વન-સાઈડ મૅચ જીતીને પ્રી-ક્વૉર્ટરમાં

અર્લિંગ્ટનઃ યુરોપના દેશ નોર્વેની ટીમને મંગળવારે ફિફા વર્લ્ડ કપની નૉકઆઉટ મૅચની અંતિમ મિનિટોમાં એના મુખ્ય ખેલાડી અર્લિંગ હાલૅન્ડે ગોલ કરીને યાદગાર વિજય અપાવ્યો હતો. એ સાથે નોર્વે ૧૬ ટીમવાળા પ્રી-ક્વૉર્ટર ફાઇનલ રાઉન્ડમાં પહોંચી ગયું છે. ત્યાર બાદ ફ્રાન્સે સ્વિડનને ૩-૦થી હરાવીને અને મેક્સિકોએ ઇક્વેડૉરને ૨-૦થી માત આપીને પ્રી-ક્વૉર્ટરમાં પ્રવેશ કર્યો હતો.

નોર્વે અને આઈવરી કોસ્ટની ટીમ ૮૬મી મિનિટ સુધી ૧-૧ની બરાબરીમાં હતી. એ સમયે નોર્વેના પૅટ્રિક બર્ગ આઈવરી કોસ્ટના ત્રણ ડિફેન્ડરની દીવાલ ભેદીને પેનલ્ટી બૉક્સમાં ધસી આવ્યો હતો અને હાલૅન્ડ તરફ બૉલ મોકલ્યો હતો. હાલૅન્ડે એ આસિસ્ટની મદદથી આસાનીથી બૉલને નેટમાં મોકલી આપ્યો હતું. આ વર્લ્ડ કપમાં હાલૅન્ડનો આ પાંચમો ગોલ હતો.


વિનિંગ ગોલ કરનાર અર્લિંગ હાલૅન્ડ સાથે નોર્વેના ખેલાડીઓ. (એપી)


ફ્રાન્સનો ઍમ્બપ્પે આ વર્લ્ડ કપમાં હાઇએસ્ટ છઠ્ઠો ગોલ કરીને મેસીની બરાબરીમાં થઈ ગયો છે.

એ પહેલાં, ફર્સ્ટ હાફમાં ૩૯મી મિનિટમાં નુસાએ નોર્વેને ૧-૦ થી સરસાઈ અપાવી ત્યાર પછી સેકન્ડ હાફમાં ૭૪મી મિનિટમાં ડિઍલોએ ગોલ કરીને આઈવરી કોસ્ટને ૧-૧ની બરાબરીમાં લાવી દીધું હતું. જોકે આઈવરી કોસ્ટની ટીમને જેનો સૌથી વધુ ડર હતો એ ખેલાડી (હાલૅન્ડ) ત્રાટક્યો હતો અને ૮૬મી મિનિટમાં તેના ગોલથી નોર્વેએ ૨-૧થી યાદગાર વિજય મેળવ્યો હતો. આખી મૅચ દરમ્યાન બૉલ સૌથી વધુ આઈવરી કોસ્ટના કબજામાં રહ્યો હતો. બૉલ એના કબજામાં ૫૨% અને નોર્વેના કબજામાં ૪૮% હતો. શૉટ પણ આઈવરી કોસ્ટ (૧૪) કરતાં નોર્વે (નવ)ના ઓછા હતા અને શૉટ્સ ઑન ટાર્ગેટ પણ આઈવરી કોસ્ટ ૫)ની તુલનામાં નોર્વે (૩)ના ઓછા હતા. એમ છતાં છેવટે નોર્વેનો વિજય થયો હતો.

### ઍમ્બપ્પે થયો મેસીની બરાબરીમાં

ફ્રાન્સે બુધવારે સવારે સ્વિડનને ૩-૦થી હરાવ્યું હતું. ત્રણમાંથી બે ગોલ કીલિયાન ઍમ્બપ્પે (૪૫મી અને ૭૪મી મિનિટમાં)એ કર્યા હતા, જ્યારે ત્રીજો ગોલ બાર્કોલાના નામે હતો. વર્તમાન વર્લ્ડ કપમાં આર્જેન્ટિનાના લિયોનેલ મેસીની જેમ હવે ઍમ્બપ્પેના પણ હાઈએસ્ટ છ ગોલ છે.

મૅચ દરમ્યાન મોટા ભાગે ફ્રાન્સનું સ્વિડન પર પ્રભુત્વ રહ્યું હતું. બૉલ સૌથી વધુ ૬૧ ટકા ફ્રાન્સના કબજામાં હતો જ્યારે સ્વિડનના ખેલાડીઓ બૉલ પર બહુ ઓછો કબજો (૩૯%) રાખી શક્યા હતા. ફ્રાન્સની ટીમના પચીસ શૉટ સામે સ્વિડનની ટીમના માત્ર આઠ શૉટ હતા. ફ્રાન્સને ૯ પેનલ્ટી કોર્નર મળ્યા હતા જેની તુલનામાં સ્વિડનને ફક્ત એક કોર્નર મળ્યો હતો.

### મેક્સિકો ૪૦ વર્ષે નૉકઆઉટમાં જીત્યું

વર્તમાન વર્લ્ડ કપનું સહ યજમાન મેક્સિકો ૪૦ વર્ષમાં પહેલી વખત નૉકઆઉટ રાઉન્ડની મૅચ જીત્યું હતું. બુધવારે સવારે એણે ઇક્વેડૉરની મજબૂત ટીમને ૨-૦થી માત આપી હતી. લીગ રાઉન્ડમાં જર્મની જેવી ધરખમ ટીમને હરાવનાર ઇક્વેડૉરના ખેલાડીઓની રમત બુધવારે મોટા ભાગે દિશાહીન અને નિરાશાજનક હતી. મૅચની છેલ્લી પળોમાં ઇક્વેડૉરના ખેલાડીઓ ગોલ કરવા માટે મરણિયા થઈ ગયા હતા અને આક્રમક મૂડમાં ફાઉલ પર ફાઉલ કરતા હતા. મૅચની બાવીસમી મિનિટમાં જુલિયન કવીનોનેસે ગોલપોસ્ટની ટૉપ કોર્નરમાંથી બૉલને નેટમાં મોકલી દીધો હતો. મેક્સિકોનો એ પહેલો ગોલ હતો. માત્ર ૯ મિનિટ પછી મેક્સિકો વતી બીજો ગોલ ઇક્વેડૉરના જોએલ ઓર્ડનેઝની ભૂલનો લાભ લઈને રાઉલ જિમેનેઝે કર્યો હતો અને ત્યાર પછી મેક્સિકોએ મૅચ પર સંપૂર્ણ વર્ચસ્વ જમાવ્યું હતું. તેમણે ઈક્વેડૉરના ખેલાડીઓને ગોલ કરવામાં સફળ તો નહોતા થવા દીધા, ઊલટાનું ઈક્વેડૉરના ખેલાડીઓ પોતાના દમ વિનાના પર્ફોર્મન્સને કારણે ક્યારેય મેક્સિકોના પ્લેયર્સને મુશ્કેલીમાં નહોતા લાવી શક્યા.

### પ્રી-ક્વૉર્ટર ફાઇનલની પ્રાથમિક લાઇન અપ

૧૬ દેશની ટીમ વચ્ચેની પ્રી-ક્વૉર્ટર ફાઇનલમાં જે ટીમ પહોંચી ગઈ છે તેઓ એમાં કોની સામે રમશે એ પ્રાથમિક રીતે નક્કી થઈ ગયું છે. નોર્વેની બ્રાઝિલ સામે કૅનેડાની મોરક્કો સામે અને ફ્રાન્સની પૅરાગ્વે સામે મૅચ રમાશે. મેક્સિકોની હરીફ ટીમ હવે પછી નક્કી થશે. ■

# મોં ઢાંકીને બોલ્યો એટલે રેડ કાર્ડ મળ્યું

મેક્સિકોઃ વર્લ્ડ કપની મૅચ દરમ્યાન રેફરીને કે બીજા કોઈ ખેલાડીને ન સંભળાય કે પછી માઇકમાં પણ રેકૉર્ડ ન થઈ જાય એ હેતુથી મોં ઢાંકીને બોલવા પર ફિફાએ પ્રતિબંધ મૂક્યો છે અને આ નિયમનો ભંગ કરનારને રેફરી રેડ કાર્ડ બતાવે છે જેનો બીજો કિસ્સો બુધવારે ઇક્વેડૉર અને મેક્સિકો વચ્ચેની મૅચ દરમ્યાન બન્યો હતો.



બુધવારની મૅચ દરમ્યાન હરીફ ખેલાડીના કાનમાં વિવાદાસ્પદ ટિપ્પણી કરવા બદલ ઇક્વેડૉરના પિએરો હિન્કૅપીને રેફરીએ રેડ કાર્ડ બતાવ્યું હતું. આ વર્લ્ડ કપમાં છેલ્લા ૧૦ દિવસમાં બનેલો આ બીજો કિસ્સો છે. ૨૦મી જૂને પૅરાગ્વેના મિગ્વેલ અલ્મિરૉન રમતી વખતે એક તબક્કે મોં ઢાંકીને બોલ્યો એ બદલ તેને રેફરીએ રેડ કાર્ડ બતાવીને મૅચની બહાર કરી દીધો હતો. ઉલ્લેખનીય છે કે રેડ કાર્ડ જેને બતાવવામાં આવે તેને પછીની મૅચમાં પણ નથી રમવા મળતું. એ કિસ્સામાં એક ફાઉલ વખતે અલ્મિરૉન અને તૂર્કીના મર્ટ મુલ્ડુર વચ્ચે બોલાચાલી થઈ હતી. ત્યારે અલ્મિરૉને મોં પર હાથ રાખીને મુલ્ડુરને કંઈક કહ્યું હતું. મુલ્ડુરે તાબડતોબ રેફરીને અલ્મિરૉનની આ હરકત વિશે ફરિયાદ કરી હતી અને અલ્મિરૉનને રેડ કાર્ડ બતાવાયું હતું.

બુધવારે ઇક્વેડૉરની ટીમ મેક્સિકોથી ૦-૨થી પાછળ હતી અને ઇક્વેડૉરના જીતવાની કોઈ જ સંભાવના નહોતી ત્યારે મરણિયા અને હતાશ બનેલા ઇક્વેડૉરના હિન્કૅપીએ મોં ઢાંકીને મેક્સિકોના સૅન્ટી જિમેનેઝને કાનમાં કંઈક કહ્યું હતું. જિમેનેઝે તરત જ રેફરીને ફરિયાદ કરી હતી અને તેમણે હિન્કૅપીને રેડ કાર્ડ બતાવી દીધું હતું. ઇક્વેડૉર આ મૅચ ૦-૨થી હારી ગયું હતું અને ટૂર્નામેન્ટની બહાર થઈ ગયું હતું, જ્યારે મેક્સિકોએ પ્રી-ક્વૉર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

ઇક્વેડૉર માટે હવે ટૂર્નામેન્ટ પૂરી થઈ ગઈ છે, પરંતુ હિન્કૅપી આગામી આંતરરાષ્ટ્રીય મૅચમાં નહીં રમી શકે. ■

# નોર્વેના ખેલાડીઓ અને ચાહકોનું ‘વાઈકિંગ રૉ’ સેલિબ્રેશન જોયું?

અર્લિંગ્ટનઃ આ વર્લ્ડ કપમાં તમે જ્યારે પણ યુરોપના દેશ નોર્વેની મૅચ જોઈ હશે ત્યારે કોઈને કોઈ તબક્કે તમને એના ચાહકોના ‘વાઇકિંગ રૉ’ નામના સેલિબ્રેશનની ઝલક જરૂર જોવા મળી હશે. તેમની આ પ્રકારની ઉજવણી માત્ર ફૂટબૉલના મેદાન પર નહીં, ન્યૂ યૉર્કના માર્ગો પર પણ ધૂમ મચાવી રહી છે. મંગળવારે (ભારતીય સમય મુજબ મધરાત બાદ) નોર્વેએ આઇવરી કોસ્ટને ૨-૧થી હરાવ્યું અને પહેલી વખત ફિફા વર્લ્ડ કપની નૉકઆઉટ મૅચ જીતી લીધી ત્યાર બાદ આ વિજયની ઉજવણી ‘વાઇકિંગ રૉ’ સ્ટાઇલમાં થઈ હતી.

‘વાઇકિંગ રૉ’ સ્ટાઇલમાં (આ કિસ્સામાં નોર્વેના ખેલાડીઓ)એ મેદાન પર બેસીને તેમ જ સ્ટેડિયમમાં ચાહકોએ સ્ટૅન્ડમાં પોતાની જગ્યાએ બેઠાં રહીને ડ્રમના તાલે અને અનાઉન્સરની ‘રૉ’ બૂમ સંભળાતા જ હલેસાથી બોટને આગળ લઈ જતા હોય એ સ્ટાઇલમાં બેઠાં-બેઠાં જ પોતાના શરીરને આગળ અને પાછળ મૂવ કર્યું હતું. વાઇકિંગ યુગની આધુનિક નોર્વેના ઘડતરમાં મહત્ત્વની ભૂમિકા રહી છે. આઠમીથી અગિયારમી સદી દરમ્યાન ચાંચિયાઓ, વેપારીઓ, સંશોધકો અને શાસકોનું યુરોપનાં કેટલાંક સ્થળોમાં રાજ હતું અને તેઓ વાઇકિંગ તરીકે ઓળખાતા હતા.



| આજે વર્લ્ડ કપમાં કઈ મૅચ? | અમેરિકા વિ. બોસ્નિયા સવારે ૫.૩૦ | સ્પેન વિ. ઑસ્ટ્રિયા મધરાત બાદ ૧૨.૩૦ | પોર્ટુગલ વિ. ક્રોએશિયા મધરાત બાદ ૪.૩૦ |
| --- | --- | --- | --- |

# સેરેના ૨૦ વર્ષની હરીફ સામે હારી, પછી ઈજા પામી

લંડનઃ અહીં ટેનિસ જગતની સૌથી મોટી સ્પર્ધા વિમ્બલ્ડન ચૅમ્પિયનશિપમાં મંગળવારે ૪૪ વર્ષની સેરેના વિલિયમ્સ ચાર વર્ષ પછીના કમબૅકમાં ૨૦ વર્ષની ઑસ્ટ્રેલિયાની માયા જૉઇન્ટ સામે પ્રથમ રાઉન્ડમાં ૩-૬, ૭-૬ (૮-૬), ૩-૬થી પરાજિત થઈ હતી, પણ ઘૂંટણમાં ઈજા થઈ હતી. જોકે સેરેના મોટી બહેન વીનસ સાથેની ડબલ્સની મૅચ રમવા આશાવાદી છે. સેરેના ૨૦૨૨ પહેલાંની શાનદાર કરીઅરમાં કુલ ૨૩ ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતી હતી જેમાંથી સાત ટ્રૉફી વિમ્બલ્ડનની હતી. વિમ્બલ્ડનના આયોજકોએ સેરેનાને આ વખતે વાઇલ્ડ-કાર્ડ એન્ટ્રી આપી હતી.

દરમ્યાન પુરુષ વર્ગમાં વર્લ્ડ નંબર-વન યાનિક સિનરે ભારે સંઘર્ષ બાદ નુનો બોર્જિસ સામે ૭-૬ (૭-૪), ૭-૬ (૭-૨), ૬-૪થી વિજય મેળવ્યો હતો. પોર્ટુગલના બોર્જિસનો વિશ્વમાં ૪૮મો નંબર છે.

### જાપાનની નાઓમી નવા રૂપમાં

*જાપાનની ટેનિસ પ્લેયર નાઓમી ઓસાકા ઇંગ્લૅન્ડની કાળઝાળ ગરમીમાં પોતાના દેશની પરંપરા પર આધારિત સફેદ રંગના ભિન્ન ડિઝાઇનના ડ્રેસ પહેરીને રમે છે. બીજા રાઉન્ડમાં અનાસ્તાસિયા ગૅસનોવાને ૬-૩, ૬-૨થી હરાવી હતી. પ્રથમ રાઉન્ડમાં તેણે પરંપરાગત કિમોનો સ્ટાઇલના ડ્રેસમાં રમવા આવીને સૌને ચોંકાવી દીધા હતા. તેનો આ વાઇટ ડ્રેસ ટોક્યોના ડિઝાઈનર હાના યાગીએ તૈયાર કર્યો હતો. એ રાઉન્ડમાં તેણે એલ્સા જૅક્વેમૉટને હરાવી હતી.*



# આયરલેન્ડ સામે સીરિઝમાં ભારતની હારથી મને થયું નથી આશ્ચર્યઃ રાયુડુ

## વૈભવ હાલમાં ડ્રેસિંગ રૂમમાં માત્ર અનુભવ મેળવી રહ્યો છે

મુંબઈઃ આયરલેન્ડ સામે ટી-૨૦ સીરિઝમાં ભારતની કારમી હારની ટીકા થઈ રહી છે. ભૂતપૂર્વ ક્રિકેટર અંબાતી રાયુડુએ કહ્યું હતું કે તે આયરલૅન્ડમાં ૨-૦થી મળેલી હારથી આશ્ચર્યચકિત નથી, કારણ કે હાઈ સ્કોરિંગ આઇપીએલ પછી વિશ્વ ચેમ્પિયન ભારતીય ટીમ આયરલેન્ડની વિવિધ પરિસ્થિતિઓ માટે સંપૂર્ણપણે તૈયાર નહોતી.

રાયડુએ કહ્યું હતું કે, મને ખરેખર આશ્ચર્ય નથી થયું કારણ કે મને નથી લાગતું કે આપણે આયરલૅન્ડની પરિસ્થિતિઓ માટે તૈયાર હતા, જેનો અમે સામનો કર્યો હતો.

સપાટ આઇપીએલ પિચથી વિપરીત થોડી ધીમી વિકેટ પર રમવું હંમેશા ખૂબ મુશ્કેલ હોય છે. અહીં બોલ મોડેથી સીમ થઈ જાય છે.

રાયુડુએ તિલક વર્માની બેટિંગ ટેકનિક વિશે વાત કરતા કહ્યું હતું કે, ધીમી પિચો પર બોલ સરળતાથી બેટ પર આવતો નથી અને તિલક ઝડપી બેટિંગ કરવામાં સંઘર્ષ કરી રહ્યો હતો. તે સ્પિનરો સામે પોતાના ફૂટવર્કનો ઓછો ઉપયોગ કરે છે. તે સ્પિનરો સામે વધુ બાઉન્ડ્રી મારવાનો પ્રયાસ કરે છે. જો તે આ ક્ષેત્રમાં પોતાની ટેકિનકમાં સુધારો કરે છે, તો તેની ગતિ આપમેળે વધશે.

યુવાન ખેલાડી વૈભવ સૂર્યવંશીને ડેબ્યૂ ન કરાવવા અંગે રાયુડુએ સલાહ આપતા કહ્યું હતું કે, અનુભવી ઓપનરોને રમાડવાનો નિર્ણય યોગ્ય છે.

જેમણે ભૂતકાળમાં ખૂબ સારું પ્રદર્શન કર્યું છે અને વર્લ્ડ કપ જીત્યો છે. તેમને પૂરતી તકો આપવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. વૈભવ હાલમાં ડ્રેસિંગ રૂમમાં અનુભવ મેળવી રહ્યો છે, જે તેના માટે એક મહાન અનુભવ હશે. ■

# જવાળામુખીથી બનેલા ટાપુમાં વૉલ્કેનો મૅરથન પૂરી કરી ભારતીય સાહસિકે!

નવી દિલ્હીઃ પશ્ચિમ-દક્ષિણ અમેરિકા ઉપખંડમાં વસેલા ચિલી દેશમાં ભારતીય મૂળના રનર રામ ગોપાલ કોઠારીએ સદીઓ પહેલાં જ્વાળામુખીઓથી બનેલા રાપા નુઇ નામના ટાપુમાં આયોજિત વૉલ્કેનો મૅરથનમાં ભાગ લઈને અને ભારે શારીરિક તથા માનસિક સંઘર્ષો વચ્ચે એ પૂરી કરીને પોતાની સિદ્ધિઓમાં વધુ એકનો ઉમેરો કર્યો છે.




રાપા નુઇ એટલે કે ઇસ્ટર આઇલૅન્ડ એવો ૮૦મો દેશ છે જ્યાં કોઠારી મૅરથન દોડ્યા છે. આ આખો ટાપુ સદીઓ પહેલાં જ્વાળામુખીઓ ફાટ્યા બાદ બનેલો છે અને ત્યાં હજી આજે પણ અનેક સ્થાનો લાવારસ ફાટ્યા બાદ બન્યા હતા. કોઠારીએ પીટીઆઇને કહ્યું, ‘જે ટાપુ પર લોકોની વસતી હોય એવા ટાપુઓમાં રાપા નુઇ આ ધરતી પરના સૌથી દૂરના છેડા પરનો ટાપુ કહેવાય છે. તેમણે મુંબઈથી ઇસ્તંબુલ અને ત્યાંથી સૅન્ટિયેગો થઈને રાપા નુઇ સુધી ૨૪,૦૦૦ કિલોમીટરનો પ્રવાસ ખેડ્યો હતો અને આ સૌથી સંઘર્ષપૂર્ણ અને સૌથી લાંબા પ્રવાસથી તેમણે ‘મન હોય તો માળવે જવાય’ એવી પ્રતિબદ્ધતા સાથે મર્યાદા બહારની સિદ્ધિ હાંસલ કરવાનું સપનું સાકાર કરવાની અન્યોને પ્રેરણા આપી છે.

કોલકાતાના બિઝનેસ ક્ષેત્રના સાહસિક રામ કોઠારી ૨૦૨૨માં પહેલી વખત મૅરથન દોડવાની સાથે ૪૧.૧૯૫ કિલોમીટરની આ લાંબી દોડ પૂરી કરવાની ઇચ્છાશક્તિ પૂરી કરી રહ્યા છે. તેઓ પોતાને રનર તરીકે નહીં, પણ પર્યટક તરીકે ઓળખાવે છે.

રાપા નુઇ ટાપુમાં સદીઓ જૂની પ્રતિમાઓ સ્થાપિત છે જેમાં સૌથી ઊંચું સ્ટૅચ્યૂ ૬૦ ફૂટનું છે. આ સ્થળે સેંકડો સ્ટૅચ્યૂ છે જેને કારણે આ વિસ્તાર કુદરતી મ્યુઝિયમ તરીકે ઓળખાય છે. ■

# વૈભવને ઇંગ્લૅન્ડમાં પણ ડેબ્યૂ ન કરવા મળ્યું!

ચેસ્ટર-લી-સ્ટ્રીટઃ ઇંગ્લૅન્ડ સામેની પાંચ મૅચવાળી ટી-૨૦ સિરીઝની પ્રથમ મૅચમાં ભારતે ટૉસ જીતીને પહેલાં બૅટિંગ કરવાનો નિર્ણય લીધો છે. જોકે વૈભવ સૂર્યવંશીને ઇલેવનમાં ન સમાવવાનો ભારતીય ટીમ મૅનેજમેન્ટનો અભિગમ આયરલૅન્ડ બાદ હવે ઇંગ્લૅન્ડ પણ જાળવી રાખવામાં આવ્યો છે.

ભારતે આયરલૅન્ડમાં તેને બેમાંથી એકેય મૅચમાં ન રમાડ્યો અને ભારત નબળી બૅટિંગને કારણે બેઉ મૅચ હાર્યું અને આયરલૅન્ડે ભારતનો ૨-૦થી ઐતિહાસિક વાઇટવૉશ કર્યો હતો.

**ભારતની પ્લેઇંગ ઇલેવન આ મુજબ હતીઃ** શ્રેયસ ઐયર (કૅપ્ટન), સંજુ સૅમસન, અભિષેક શર્મા, ઇશાન કિશન (વિકેટકીપર), તિલક વર્મા, હર્ષિત રાણા, શિવમ દુબે, અક્ષર પટેલ, રવિ બિશ્નોઈ, અર્શદીપ સિંહ અને વરુણ ચક્રવર્તી.

ઇંગ્લૅન્ડની ટીમમાં હૅરી બ્રૂક (કૅપ્ટન), ફિલ સૉલ્ટ, જૉસ બટલર (વિકેટકીપર), જેકબ બેથેલ, ટૉમ બૅન્ટન, સૅમ કરૅન, વિલ જૅક્સ, લિઆમ ડૉસન, આદિલ રાશીદ, લ્યૂક વૂડ અને સાકિબ મહમૂદનો સમાવેશ હતો. ■

# ફિફા વર્લ્ડ કપની બહાર થવા બદલ જાપાનની ટીમે ચાહકોની માફી માગી

હ્યુસ્ટનઃ અહીં સોમવારે ફિફા વર્લ્ડ કપના નૉકઆઉટ રાઉન્ડમાં ભૂતપૂર્વ વર્લ્ડ ચૅમ્પિયન બ્રાઝિલને જોરદાર ટક્કર આપવા છતાં હારી ગયેલી જાપાનની ટીમે પરાજિત થયા પછી પોતાના દેશના તેમ જ પોતાની તરફેણ કરનાર પ્રેક્ષકો સામે ઝૂકીને માફી માગી હતી. સુપરસ્ટાર ખેલાડી નેમાર આ મૅચમાં ન રમ્યો છતાં જાપાન હારી ગયું હતું.



ફર્સ્ટ હાફમાં કૈશુ સાનોએ ગોલ કરીને જાપાનને ૧-૦થી સરસાઈ અપાવી હતી. જાપાનનું ડિફેન્સ અભૂતપૂર્વ હતું અને એના ડિફેન્ડરોએ વિનિસિયસ જુનિયર અને કુન્હા સહિત બ્રાઝિલના અટૅકર્સને સતત કાબૂમાં રાખ્યા હતા, પરંતુ ૫૬મી મિનિટમાં કૅસમિરોએ ઓચિંતી તક મળતાં હેડરથી ગોલ કરીને સ્કોર ૧-૧ની બરાબરીમાં લાવી દીધો હતો.

ત્યાર પછી મુખ્ય મૅચની ૯૦ મિનિટ બાદ અંતિમ પળોમાં ગૅબ્રિયલ માર્ટિનેલીએ ગોલ કરીને બ્રાઝિલને જિતાડી દીધું હતું. ગૅબ્રિયલના આ વિનિંગ ગોલથી જાપાનના ખેલાડીઓ અને કોચ એટલા બધા સ્તબ્ધ હતા કે તેમને એ સ્થિતિમાંથી બહાર આવતાં ઘણી વાર લાગી હતી. કેટલાક ખેલાડી રડી પડ્યા હતા. તેમણે સ્ટેડિયમ તરફ ઊભા રહીને ચાહકોની આ પરાજય બદલ માફી માગી હતી. પહેલાં કોચ હાજિમે મોરિયાસુ ફૅન્સ તરફ નમ્યા હતા અને પછી ખેલાડીઓએ પણ તેમને ફૉલો કર્યા હતા. જોકે ચાહકોએ તેમના પર્ફોર્મન્સને ખૂબ બિરદાવ્યો હતો.

જાપાન અગાઉ કેટલીક વખત વર્લ્ડ કપમાં રમી ચૂક્યું છે, પણ નૉકઆઉટમાં જીતવાનો આ વખતે એને બહુ સારો મોકો હતો. જોકે બ્રાઝિલે છેવટે એના હાથમાંથી બાજી છીનવી લીધી હતી. બ્રાઝિલે ગયા વર્ષે ફ્રેન્ડલી મૅચમાં જાપાનના હાથે જે પરાજય થયો હતો એનો વર્લ્ડ કપમાં બદલો લીધો. ■

# એફએમસીજી અને ઓટો શેરની આગેવાનીમાં સેન્સેક્સ ૪૪૪ પોઈન્ટ આગળ વધ્યો, નિફ્ટી ૨૪,૦૦૦ની ઉપર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ એફએમસીજી, રિઅલ્ટી અને ઓટો શેરની આગેવાનીમાં લેવાલીનો પર્યાપ્ત ટેકો મળવાથી ભારતીય શેરબજારે બુધવાર, પહેલી જુલાઈના રોજ બે દિવસના ઘટાડાનો સિલસિલો તોડીને વધુ ઊંચા સ્તરે આગળ વધ્યો હતો અને નિફ્ટીએ ૨૪,૦૦૦ની સપાટી ફરી હાંસલ કરી લીધી હતી. સત્રને અંતે સેન્સેક્સ ૪૪૩.૯૭ પોઈન્ટ અથવા ૦.૫૮ ટકાના વધારા સાથે વધીને ૭૬,૯૨૨.૬૪ પોઇન્ટના સ્તરે બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ઇન્ડેક્સ ૧૪૦.૮૫ પોઈન્ટ અથવા ૦.૫૯ ટકા વધીને ૨૪,૦૦૫.૮૫ પોઇન્ટના સ્તરે બંધ થયો હતો.

ઇન્ટ્રાડે સત્ર દરમિયાન, સેન્સેક્સ અને નિફ્ટી અનુક્રમે ૭૭,૧૧૦.૦૮ પોઇન્ટ અને ૨૪,૦૪૯.૯૦ પોઇન્ટના ઇન્ટ્રાડે ઉચ્ચતમ સ્તરને સ્પર્શ્યા હતા. ઓટોમોબાઇલ કંપનીઓના વેચાણના આંકડા સારા આવવાને પગલે ઓટો શેરોમાં તેજી જોવા મળી હતી. પાછલા ત્રણ મહિનામાં, નિફ્ટી ઓટોએ, બેન્ચમાર્ક નિફ્ટી ઇન્ડેક્સ કરતાં નોંધપાત્ર રીતે સારો દેખાવ કર્યો છે.

સેકટરલ ધોરણે નિફ્ટી રિઅલ્ટી બેન્ચમાર્ક ૩.૫૮ ટકાના વધારા સાથે વધીને ટોચ પર રહ્યો હતો, ત્યારબાદ નિફ્ટી એફએમસીજી (૨.૦૮%), નિફ્ટી મીડિયા (૨.૦૭%), નિફ્ટી ઓટો (૧.૧૫%) અને નિફ્ટી પીએસયુ બેંક (૦.૯૯%)નો ક્રમ આવે છે. આ દરમિયાન, નિફ્ટી આઇટી સૌથી વધુ ૨.૦૧ ટકા ઘટ્યો, જ્યારે નિફ્ટી મેટલમાં ૦.૯૯ ટકા અને નિફ્ટી ફાર્મામાં ૦.૫૭ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

નિફ્ટી ઇન્ડેક્સમાં, સત્રના અંત સુધીમાં ૩૩ શેરો વધીને બંધ થયા, જ્યારે ૧૭ શેર ઘટ્યા હતા. એટર્નલ ૫.૮૨ ટકાના ઉછાળા સાથે બેન્ચમાર્કને આગળ વધવામાં ટેકો આપનાર સૌથી મોટો ફાળો આપનાર શેર બન્યો હતો. અદાણી એન્ટરપ્રાઇઝ (૩.૫૨%), નેસ્લે ઇન્ડિયા (૩.૪%), એશિયન પેઇન્ટ્સ (૩.૦૧%) અન્ય ટોચના વધનારા શેરોમાં સામેલ હતા. બીજી બાજુ, એચસીએલ ટેક્નોલોજીસ (-૩.૪%), ટેક મહિન્દ્રા (-૩.૧૮%), ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (-૨.૪૫%), હિન્ડાલ્કો ઇન્ડસ્ટ્રીઝ (-૧.૮%) અને ટાટા સ્ટીલ (-૧.૬૩%) ટોપ લુઝર્સ રહ્યા હતા.

બુધવારે એડવિટ જ્વેલ્સ લિમિટેડનો શેર બીએસઇ પર ઇશ્યૂ ભાવ કરતાં ૩૫.૫૦ ટકાના ઉછાળા સાથે રૂ. ૧૮૭ પર લિસ્ટ થયો. દિવસ દરમિયાન, તે ૩૭.૬૮ ટકા વધીને રૂ. ૧૯૦ પર પહોંચ્યો અને ૨૯ ટકાના વધારા સાથે રૂ. ૧૭૮.૧૫ પર બંધ થયો. હોમ ટેક્સ્ટાઇલ, હોમ ડેકોર,હાઉસવેરના દેશના સૌથી મોટા વાર્ષિક ટ્રેડ શો એચજીએચ ઇન્ડિયાની ૧૯મી એડિશનની બીઇસી ખાતે શરૂઆત થઇ ગઇ છે અને જેમાં ચાર દિવસમાં ૭૦૦થી વધુ ભારતીય અને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડસ અને ઉત્પાદકો ઉપરાંત ૫૦,૦૦૦થી વધુ અપેક્ષિત ટ્રેડ બાયર્સ એક છત નીચે એકત્ર થશે.

જૂનમાં ભારતના ઉત્પાદન ક્ષેત્રની પ્રવૃત્તિમાં વૃદ્ધિ ધીમી પડી હોવાથી છે. મોસમી રીતે સમાયોજિત એચએસબીસી ઇન્ડિયા મેન્યુફેક્ચરિંગ પરચેઝિંગ મેનેજર્સ ઇન્ડેક્સ (પીએમઆઇ) મે મહિનામાં ૫૫.૦ સામે જૂનમાં ઘટીને ૫૪.૨ થયો હતો, જે ૨૦૨૨ના મધ્યભાગ પછી ઓપરેટિંગ પરિસ્થિતિઓમાં બીજો સૌથી નબળો સુધારો દર્શાવે છે. ગુડ્સ એન્ડ સર્વિસિસ ટેક્સ (જીએસટી) કલેક્શન જૂનમાં વાર્ષિક ધોરણે ૧૩.૯ ટકા વધીને રૂ. ૧.૯૫ લાખ કરોડ થયું છે. જૂનમાં ગ્રોસ જીએસટી રેવન્યૂ રૂ.૧,૯૪,૮૧૨ કરોડ રહી, જે ગયા વર્ષના સમાન મહિનામાં રૂ. ૧,૭૧,૧૦૫ કરોડ હતી.

આવક કરતા ખર્ચ વધુ રહેવાને કારણે એપ્રિલ-મે મહિનામાં કેન્દ્રની રાજકોષીય ખાધ નાણાકીય વર્ષ ૨૦૨૭ના લક્ષ્યાંકના ૯.૬ ટકા સુધી પહોંચી ગઈ છે. કંટ્રોલર જનરલ ઓફ એકાઉન્ટ્સ (સીજીએ) દ્વારા ૩૦ જૂનના રોજ જાહેર કરાયેલા આંકડા મુજબ, કેન્દ્રની રાજકોષીય ખાધ નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ બે મહિનામાં સંપૂર્ણ વર્ષના લક્ષ્યાંકના ૯.૬ ટકા સુધી વધી ગઈ છે કારણ કે ખર્ચ આવક કરતા વધુ ઝડપથી વધ્યો છે. સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો, એપ્રિલ-મે દરમિયાન રાજકોષીય ખાધ રૂ. ૧.૬૨ લાખ કરોડ રહી છે, જે સમગ્ર નાણાકીય વર્ષ માટે રૂ. ૧૬.૯૬ લાખ કરોડના બજેટ અંદાજ સામે ૯.૬ ટકા છે. નાણાકીય વર્ષ ૨૦૨૬ના સમાન સમયગાળામાં, રાજકોષીય ખાધ રૂ. ૧૩,૧૬૩ કરોડ અથવા ૦.૮ ટકા રહી હતી.

એકંદરે સારી લેવાલી વચ્ચે વ્યાપક બજારમાં પણ સત્ર હકારાત્મક રહ્યું હતું, નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૩૪ ટકા વધીને ૬૨,૦૦૮.૮૦ પોઇન્ટની સપાટી પર, જ્યારે નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૩૬ ટકા વધીને ૧૮,૯૩૧.૦૫ પોઇન્ટના સ્તરે બંધ થયો હતો. એક્સચેન્જે જાહેર કરેલા ડેટા અનુસાર, મંગળવારે, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૨,૫૫૬.૭૫ કરોડના શેર વેચ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૬,૮૪૨.૩૪ કરોડના શેર ચોખ્ખા ધોરણે ખરીદ્યા હતા.

વૈશ્વિક સ્તરે, મોટાભાગના એશિયન બજારો યુએસ બજારોના મજબૂત બંધને કારણે વધ્યા હતા. જાપાનનો નિક્કી ૦.૯૨ ટકા વધ્યો હતો, ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ૦.૪૪ ટકા વધ્યો હતો જ્યારે હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ ૦.૬૪ ટકા ઘટ્યો હતો. વોલ સ્ટ્રીટ પર, મંગળવારે યુએસ શેરબજારો અપેક્ષા કરતાં વધુ મજબૂત યુએસ નોકરીની શરૂઆતના ડેટાને કારણે વધ્યા હતા, જે યુએસ અર્થતંત્રમાં સ્થિતિસ્થાપકતા દર્શાવે છે.

ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ ૦.૨૬ ટકા વધ્યો હતો, એસએન્ડપી ૫૦૦ ઇન્ડેક્સ ૦.૮ ટકા વધ્યો હતો અને ટેક હેવી નાસ્ડેક ૧.૫૦ ટકા વધ્યો હતો. સ્થાનિક ધોરણે બુધવારના સત્રમાં એનએસઇ પર ૩,૪૨૫ જેટલા શેરોમાં વેપાર થયો હતો. આમાંથી, ૧,૮૫૨ શેરોમાં ઉછાળો અને ૧,૪૭૩ શેરોમાં ઘટાડો થયો હતો, જ્યારે ૧૦૦ શેરોમાં કોઈ ફેરફાર થયો નહોતો. આ દર્શાવે છે કે માર્કેટ બ્રેથ એડવાન્સિસની તરફેણમાં હતી.

સત્ર દરમિયાન કુલ ૧૩૭ શેરો તેમના બાવન સપ્તાહના ઉચ્ચતમ સ્તરને સ્પર્શ્યા હતા, જ્યારે ૫૪ શેરો તેમના એક વર્ષના નીચલા સ્તરને સ્પર્શ્યા હતા. આ ઉપરાંત, ૧૧૯ શેરો તેમની ઉપલી સર્કિટ મર્યાદાને સ્પર્શ્યા હતા, અને ૮૪ બુધવારે તેમના નીચલા સર્કિટ બેન્ડને સ્પર્શ્યા હતા. સત્રના અંતે એનએસઇ લિસ્ટેડ કંપનીઓનું બજાર મૂડીકરણ રૂ. ૪૭૬.૫૮ લાખ કરોડ હતું. વોલેટિલિટી ગેજ, ઇન્ડિયા વીઆઇએક્સ ૨.૬૨ ટકા ઘટીને ૧૩.૨૪ સ્તર પર પહોંચ્યો હતો.

## ડોલર સામે રૂપિયો ૬૭ પૈસા તૂટ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ મજબૂત ડોલર ઇન્ડેક્સને કારણે ઉભરતા બજાર ચલણો પર દબાણ આવવાને કારણે ફોરેક્સ માર્કેટમાં બુધવારે રૂપિયો ૬૭ પૈસા ઘટીને ૯૫.૨૩ (પ્રોવિઝનલ) પર બંધ થયો હતો. ફોરેક્સ માર્કેટના ટ્રેડરો જણાવ્યું હતું કે વિદેશી બજારમાં અમેરિકન ચલણના મજબૂત થવા, સતત મૂડી પ્રવાહ અને વ્યાપક એશિયન ચલણ નબળાઈને કારણે અમેરિકન ડોલર અને ભારતીય રૂપિયાની જોડીમાં નોંધપાત્ર દબાણ જોવા મળ્યું.

વધુમાં, ૯૫ના મનોવૈજ્ઞાનિક સ્તરના ભંગ બાદ બજારનું સેન્ટિમેન્ટ ખરડાઇ ગયું છે અને સાવચેતીનું માનસ છે. આંતરબેંક વિદેશી વિનિમય બજારમાં, રૂપિયો અમેરિકન ચલણ સામે ૯૪.૬૭ પર ખુલ્યો અને સત્ર દરમિયાન ૯૪.૬૦-૯૫.૨૯ ની રેન્જમાં ટ્રેડ થયો. રૂપિયો આખરે ૯૫.૨૩ (કામચલાઉ) પર બંધ થયો, જે તેના અગાઉના બંધ કરતા ૬૭ પૈસાનો ઘટાડો દર્શાવે છે.

# સોનું ₹ ૧૮૫૨નો ઘટાડો પચાવી ₹ ૩૪૬ મોંઘું થયું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ડોલરની મજબૂતી અને આ વર્ષે યુએસ ફેડરલના દરમાં વધારાની અટકળો વચ્ચે નબળા વૈશ્વિક સંકેતોના વેચવાલીનું દબાણ યથાવત રહેતા સવારના સત્રમાં સોનાચાંદીમાં ઘટાડો આગળ વધ્યો હતો. આંતરરાષ્ટ્રીય બજારના નબળા વલણોને કારણે ભારતમાં સોનાના ભાવમાં જુલાઈ મહિનાની શરૂઆત મોટા ઘટાડા સાથે થઈ હતી.

હાજર બજારમાં ખૂલતા સત્રમાં શુદ્ધ અને સ્ટાન્ડર્ડ સોનાના ભાવમાં દસ ગ્રામે અનુક્રમે રૂ. ૧૮૫૨ અને રૂ. ૧૮૪૪નો ઘટાડો અને હાજર ચાંદીના ભાવમાં એક કિલોગ્રામદીઠ રૂ. ૪૦૭૦નો ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, પાછળથી નીચા મથાળાની લેવાલીના ટેકાએ સોનામાં સુધારો જોવા મળ્યો હતો, જ્યારે ચાંદી નીચી સપાટીએથી પાછી ફરીને સ્થિર રહી હતી.

મુંબઇના ઝવેરી બજારમાં ૯૯૯ ટચના શુદ્ધ સોનાના ભાવ રૂ. ૧,૪૧,૨૮૬ની પાછલી બંધ સપાટી સામે રૂ. ૩૪૬ પ્રતિ દસ ગ્રામના સુધારા સાથે રૂ. ૧,૪૧,૬૩૨ની સપાટીએ સ્થિર થયા હતા. એ જ રીતે, ૯૯૯ ટચના શુદ્ધ સોનાના ભાવ રૂ. ૧,૪૦,૭૨૦ની પાછલી બંધ સપાટી સામે રૂ. ૩૪૫ પ્રતિ દસ ગ્રામના સુધારા સાથે રૂ. ૧,૪૧,૦૬૫ની સપાટીએ સ્થિર થયા હતા. જોકે, હાજર ચાંદીના ભાવ રૂ. ૨,૨૫,૪૨૫ની પાછલી બંધ સપાટી સામે માત્ર પાંચ રૂપિયાના સુધારા સાથે રૂ. ૨,૨૫,૪૩૦ની સપાટીએ સ્થિર થયા હતા.

બુધવારે સવારના સત્રમાં વાયદા બજારમાં સવારના સત્રમાં સોનાનો ભાવ એક ટકાથી વધુ ઘટીને રૂ. ૧.૪૧ લાખની આસપાસ પહોંચી ગયો હતો, જ્યારે હાજર સોનાનો ભાવ લગભગ આઠ મહિનાના નીચલા સ્તરે પહોંચી ગયો હતો. અમેરિકા અને સ્થાનિક વાયદા બજારમાં ખાતે બુલિયન માર્કેટમાં ભારે વેચવાલીથી આ ભારે ઘટાડો થયો હોવાનું બજારના સાધનો જણાવે છે.

નિષ્ણાતો માને છે કે કિંમતી ધાતુના ભાવમાં ઝાઝો કે લાંબો સમય તેજી રહેવાની કોઇ શક્યતા દેખાતી નથી. અમેરિકાની ફેડરલ રિઝર્વ દ્વારા ૨૦૨૬માં ઓછામાં ઓછા એક વખત વ્યાજ દરમાં વધારાની આગાહી કરવામાં આવી છે, જેનથી યુએસ ડોલર અને ટ્રેઝરી યીલ્ડને મજબૂત બનવાની અપેક્ષા છે. ડોલર વધવાથી સોના જેવી નોન-યિલ્ડિંગ એસેટનું આકર્ષણ ઘટી રહ્યું છે.

આ ઉપરાંત, પશ્ચિમ એશિયામાં ભૂ-રાજકીય તણાવ ઓછો થવાને કારણે, પરંપરાગત રીતે ફુગાવાના દબાણ સામે વળતરને હેજ કરવા માટે એક રોકાણ વિકલ્પ અપનાવાતી સેફ હેવન એસેટ પર પણ નકારાત્મક અસર પડી છે. બુલિયન ડીલરે જણાવ્યું કે, લાંબા સમય સુધી યુએસ વ્યાજ દરના વાતાવરણમાં વધારો થવાની અપેક્ષાઓથી યુએસ ડોલર મજબૂત થયો હોવા સાથે સોનાની માગમાં ઘટાડો તેના ભાવ પર દબાણ લાવે છે.

મજબૂત યુએસ આર્થિક ડેટાએ અર્થતંત્રની સ્થિતિસ્થાપકતાને ટેકો આપ્યો અને એવી અપેક્ષાઓને મજબૂત બનાવી કે ફેડરલ રિઝર્વ આ વર્ષે વ્યાજ દર વધારશે. તાજેતરના રિપોર્ટ અનુસાર નોકરીઓની તકો બે વર્ષના ઉચ્ચ સ્તરે પહોંચી ગઈ છે, જ્યારે વિશ્લેષકો જૂનમાં નોન-ફાર્મ પેરોલમાં વધુ એક મજબૂત વધારો થવાની અપેક્ષા રાખે છે.

દરમિયાન, તાજેતરના મુખ્ય ફુગાવાના રીડિંગ્સ ફેડરલના બે ટકાના લક્ષ્યાંક કરતા ઘણા ઉપર રહ્યા છે. બજારો હવે આ વર્ષે ઓછામાં ઓછા એક ફેડરલ રેટ વધારાની ધારણ પર ભાવ નિર્ધારિત કરી રહ્યા છે, જેમાં પહેલો વધારો સપ્ટેમ્બરમાં થવાની સંભાવના છે. રોકાણકારો કતારમાં ચાલી રહેલી યુએસ-ઈરાન શાંતિ વાટાઘાટોના અપડેટ્સની પણ રાહ જોઈ રહ્યા હતા, જેમાં કાયમી યુદ્ધવિરામ કરારની આશા હતી, જોકે, બંને પક્ષો સીધી વાટાઘાટો કરે તેવી અપેક્ષા નહોતી અને આગળ શાંતિ ક્યાં સુધી ટકે છે તે મોટો સવાલ છે.

સોનાને ફુગાવા સામે રક્ષણ તરીકે ગણવામાં આવે છે, પરંતુ ઊંચા વ્યાજ દરના વાતાવરણમાં તે દબાણ હેઠળ આવે છે કારણ કે તે એક બિનઉપજાવ સંપત્તિ છે. સમાચાર સંસ્થા રોઇટર્સ અનુસાર, સોનાના ભાવ ઓક્ટોબર ૨૦૦૮ પછીના સૌથી મોટા માસિક ઘટાડા માટે તૈયાર લાગે છે. હાજર સોનાના ભાવ જૂનમાં અત્યાર સુધીમાં લગભગ ૧૩ ટકા ઘટ્યા છે અને તેમના સતત ચોથા માસિક ઘટાડા માટે તૈયાર છે. વધુમાં, સોનું ૨૦૨૪ પછી તેના પ્રથમ ત્રિમાસિક ઘટાડા અને ૨૦૧૩ના જૂન ક્વાર્ટર પછીના સૌથી મોટા ઘટાડાના ટ્રેક પર હોવાનું રોઇટર્સે જણાવ્યું છે.

બજારોમાં એવી પણ ચિંતા છે કે ઊંચા ઉર્જા ખર્ચ અને સેમિકન્ડક્ટર ચિપ્સ માટે એઆઇ-આધારિત માગ ફુગાવાને લાંબા સમય સુધી વધારી શકે છે, જેનાથી નજીકના ગાળાના દર ઘટાડાની શક્યતા ઘટી શકે છે. ભૌગોલિક રાજકીય મોરચે, કતારમાં યુએસ-ઈરાન વાટાઘાટો અંગે અનિશ્ચિતતા ચાલુ છે. માર્કેટ એનાલિસ્ટ જણાવે છે કે, સોના અને ચાંદીના ભાવ માટે, ગતિ હજુ પણ ઘટાડાતરફી અને કરેકશન તરફી દેખાઇ રહી છે.

પાછલા અઠવાડિયામાં ૨૪ કેરેટ સોનાના ભાવમાં પ્રતિ ૧૦ ગ્રામ રૂ. ૨,૫૧૦ સુધીનો ઘટાડો થયો છે, જ્યારે ૨૨ કેરેટ સોનામાં રૂ. ૨,૩૦૦નો ઘટાડો થયો છે. ચાંદીના ભાવ પણ નબળા પડ્યા છે, જે કિંમતી ધાતુઓમાં વ્યાપક સુધારાને પ્રતિબિંબિત કરે છે. ઇન્ડિયન બુલિયન એસોસિએશનના ડેટા અનુસાર, ૧૦ મેથી અત્યાર સુધીમાં સોનામાં રૂ. ૧૩,૨૬૭નો ઘટાડો થયો છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૦ મેના રોજ નાગરિકોને એક વર્ષ માટે બિન-આવશ્યક સોનાની ખરીદી ટાળવાની અપીલ કર્યા બાદ એસોસિએશનનો ડેટા આવ્યો છે, જેમાં પશ્ચિમ એશિયામાં વધતા તણાવ અને ભારતના વધતા આયાત બિલને વિદેશી હૂંડિયામણ અનામત બચાવવા માટે મદદ કરવાના કારણો તરીકે દર્શાવવામાં આવ્યા હતા.

# વેદાંત આયર્નમાં નેવું ટકાનો જોરદાર ઉછાળો! એક્સચેન્જે માંગી સ્પષ્ટતા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારમાં તેજી અને મંદીનું ચક્ર ચાલતુ રહે છે, પરંતુ તેમાં ક્યારેક સ્ટોક સ્પેસિફક મુવમેન્ટ પણ જોવા મળે છે. જે રીતે એક જ દિવસમાં કેપીઆઇટીના શેરમાં ૧૭ ટકાનો તોતિંગ કડાકો બોલાતા રોકાણકારોને ભારે નુકસાન થયું હતું એ જ રીતે એક બીજા શેરમાં માત્ર બાર દિવસમાં બજારમૂલ્ય લગભગ બમણું થઇ જતાં રોકાણકારો માલામાલ થયા હોવાના સમાચાર પણ છે. જૂન મહિનામાં આ શેરમાં ૮૯ ટકાનો તોતિંગ ઉછાળો નોંધાયો છે.

આ વાત વેદાંત આયર્ન અને સ્ટીલના શેરની છે. આ કંપનીનો શેર નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઇ) પર પંદરમી જૂનના રોજ પ્રતિ શેર રૂ. ૨૦ના ભાવે લિસ્ટ થયા હતા, અને આ રીતે વેદાંતમાંથી વિભાજિત થયેલી ચાર કંપનીઓએ મેગા ડિમર્જર પૂર્ણ કરીને તેમની બહુપ્રતિક્ષિત બજારમાં શરૂઆત થઇ હતી.

જોકે, આ અણધાર્યા ઉછાળાના અનુસંધાનમાં એક્સચેન્જે કંપનીપાસે સ્પષ્ટતા માંગી હતી. મંગળવારે, વેદાંત આયર્ન એન્ડ સ્ટીલને તેના શેરના ભાવમાં તીવ્ર ઉથલપાથલ પછી બીએસઇએ સ્પષ્ટતા માગી હતી. રોકાણકારોને સંબંધિત માહિતીની ઍક્સેસ મળે અને બજારના હિતોનું રક્ષણ થાય તે સુનિશ્ચિત કરવા માટે એક્સચેન્જે નોંધપાત્ર ભાવ વધઘટ અંગે વિગતો માંગી છે.

પહેલી જુલાઈના રોજ બીએસઇને આપેલા જવાબમાં, વેદાંત આયર્ન એન્ડ સ્ટીલે જણાવ્યું હતું કે તેણે માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયાના, સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ હેઠળ જરૂરી તમામ ખુલાસાઓ કર્યા છે. કંપનીએ ઉમેર્યું હતું કે તેના શેરના ભાવમાં આ ફેરફાર પાછળના કોઈ ચોક્કસ કારણની કંપનીને જાણ નહોતી.

બજારમાં પ્રવેશના સમયે કંપનીનું માર્કેટ કેપિટલાઇઝેશ આશરે રૂ. ૭,૮૨૧ કરોડ હતું. આ કંપનીના શેર સવારે સાત ટકાથી વધુ ઉછળીને આજે રૂ. ૩૭.૮૪ની નવી રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચ્યા હતા ત્યારે તેનું બજાર મૂડીકરણ લગભગ બમણું થઇને રૂ. ૧૪,૭૯૭ કરોડની આસપાસ પહોંચ્યું હતું.

આનો અર્થ એ થાય કે લિસ્ટિંગ પછીના માત્ર ૧૨ સત્રોમાં કંપનીના માર્કેટ કેપિટલાઇઝેશનમાં આશરે રૂ. ૬,૯૭૬ કરોડનો નોંધપાત્ર ઉમેરો થયો છે. એ બાબત નોંધવી રહી કે, સત્ર બંધ થયું ત્યારે આ શેર ૯.૯૮ ટકાના ઉછાળા સાથે રૂ. ૩૮.૭૮ની નવી વિક્રમી ઊંચી સપાટીએ પહોંચ્યો છે.

શેરબજારની સ્થિતિ અસ્પષ્ટ અને ગતિ અનિશ્ચિત હોવા છતાં પણ વેદાંત આયર્ન અને સ્ટીલના શેરમાં જૂનમાં શરૂઆતથી અત્યાર સુધી આ શેરમાં ૮૯ ટકાનો જોરદાર વધારો થયો છે, જેનાથી તેના બજાર મૂલ્યમાં લગભગ રૂ. ૭,૦૦૦ કરોડનો ઉમેરો થયો છે.

બજારના જાણકારોએ આની પાછળનું એક મહત્ત્વનું કારણ જણાવતાં કહ્યું કે, અઝીમ પ્રેમજીની ઇન્વેસ્ટમેન્ટ કંપનીએ રૂ. ૧૦૨ કરોડના શેર ખરીદ્યા પછી આ નોંધપાત્ર તેજીમાં નોંધપાત્ર વધારો થયો હતો. ભારત અને આફ્રિકામાં આયર્ન ઓર અને સ્ટીલના ઉત્પાદનમાં સંકળાયેલી આ કંપની હાલમાં સ્ટોક એક્સચેન્જો સાથે ભાવની નોંધપાત્ર હિલચાલ અંગે સ્પષ્ટતા કરી રહી છે. ■

## ભારતીય બેંકોના જીએનપીએ દાયકાના નીચલા સ્તરે

મુંબઈઃ ભારતીય બેંકોની કુલ બિન-કાર્યક્ષમ સંપત્તિ (ગ્રોસ નોન-પર્ફોર્મિંગ એસેટ - જીએનપીએ) માર્ચ ૨૦૨૬ સુધીમાં ૧.૮ ટકાના સ્તરે આવી ગઈ છે, જે અનેક દાયકાઓનું નીચલું સ્તર દર્શાવે છે, એવી માહિતી ભારતીય રિઝર્વ બેન્કે જાહેર કરી છે. મંગળવારે જાહેર કરાયેલા દ્વિ-વાર્ષિક નાણાકીય સ્થિરતા અહેવાલમાં કેન્દ્રીય બેંકે જણાવ્યું હતું કે એનપીએનો સ્ટોક મૂળભૂત પરિસ્થિતિમાં ૧.૯ ટકા સુધી વધવાની ધારણા છે. જોકે, બેન્કિંગ સિસ્ટમ સક્ષમ છે. પશ્ચિમ એશિયા સંઘર્ષના અવરોધો વચ્ચે આવેલા અહેવાલમાં જણાવાયું છે કે, બેઝલાઇન પરિસ્થિતિ હેઠળ ૪૬ બેંકોનો કુલ જીએનપીએ ગુણોત્તર માર્ચ ૨૦૨૬માં ૧.૮ ટકાથી વધીને માર્ચ ૨૦૨૮ સુધીમાં ૧.૯ ટકા થઈ શકે છે. ■

# કેપીઆઈટીના શેરમાં ૧૭ ટકાનો તોતિંગ કડાકો, રોકાણકારોને ભારે નુકસાન

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજાર માંડ સ્થિર થઇ રહ્યું છે એવા માહોલમાં આ ઓટોમોટિવ એન્જિનિયરિંગ સોફ્ટવેર સેગમેન્ટની કંપનીના શેરમાં એકાએક તોતિંગ કડાકો થવા સાથે માર્કેટ કેપિટલમાં મોટું ધોવાણ થવાથી શેરદીઠ રૂ. ૧૧૦થી વધુની નુકસાની ભોગવનાર રોકાણકારો આઘાતમાં સરી પડ્યા છે.

આ કંપનીએ તેના બીએમડબલ્યુ અને ફોક્સવેગન જેવા યુરોપિયન ક્લાયન્ટ્સ સાથે જોડાયેલી આવકમાં અણધારી મંદીનો સંકેત આપ્યા પછી, સવારના સત્રમાં કેપીઆઇટી ટેક્નોલોજીસના શેર બુધવારે ૧૭ ટકાના જોરદાર કડાકા સાથે રૂ. ૫૫૯.૨૦ બોલાઇ જવાથી કંપનીનું માર્કેટ કેપિટલાઇઝશન રૂ. ૧૫,૪૨૧.૯૬ કરોડ પર આવી ગયું હતું.

નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ ત્રિમાસિક સમયગાળા માટે રેવેન્યૂમાં ઘટાડો થવાની ચેતવણી બાદ કેપીઆઇટી ટેક્નોલોજીસના શેરમાં ૧૭ ટકાનો નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો, જે મુખ્યત્વે બીએમડબલ્યુ અને ફોક્સવેગન જેવી યુરોપિયન ઓટો જાયન્ટ્સ તરફથી અણધાર્યા કાપને કારણે થવાની ધારણાં વ્યક્ત કરવામાં આવી છે.

આ તરફ માર્કેટ એનાલિસ્ટ્સે પણ અપેક્ષા કરતાં આવકમાં વધુ ઘટાડો અને નફાના માર્જિનને મોટો ફટકો ગણાવીને શેરનું મૂલ્યાંકન ઘટાડ્યું છે. જ્યારે કંપની ટૂંકા ગાળાના આંચકાને સ્વીકારે છે, ત્યારે તે નાણાકીય વર્ષ ૨૦૨૭ના ચોથા ત્રિમાસિક સમયગાળા સુધીમાં ઉત્પાદન ગતિ વધારવા સાથે નવા ક્લાયન્ટ્સ મેળવવાની ધારણાને આધારે રિકવરીની અપેક્ષા રાખે છે.

નાણાકીય વર્ષ ૨૭ ના પહેલા ક્વાર્ટરના પ્રદર્શન અંગેના પ્રારંભિક અપડેટમાં, કેપીઆઇટીએ જણાવ્યું હતું કે પાછલા કેટલાક અઠવાડિયામાં કંપનીની આવકમાં અચાનક ઘટાડો થવાને કારણ તે હવે પછીના નાણાકીય પરિણામો અગાઉની અપેક્ષાઓ કરતા સહેજ નબળા આવવાની અપેક્ષા રાખે છે.

કંપનીએ જણાવ્યું હતું કે તે અપેક્ષા રાખે છે કે નાણાકીય વર્ષ ૨૦૨૭ના પહેલા ક્વાર્ટરમાં યુએસડી-રિપોર્ટેડ આવકમાં વાર્ષિક ધોરણે આશરે એકાદકાનો ઘટાડો થશે, જે કેટલાક યુરોપિયન મૂળ ઉપકરણ ઉત્પાદકો (ઓઇએમ) દ્વારા તેમના પોતાના નફાની ચેતવણીઓ અને નબળા વ્યવસાયિક દૃષ્ટિકોણને પગલે અચાનક પગલાં લેવાને કારણે ઉલટું થયું છે.

આ કંપનીએ તાજેતર સુધી આ અસરને અણધારી ગણાવી હતી, પરંતુ તેને ટૂંકા ગાળાની ઘટના તરીકે વર્ણવી હતી જે સમય જતાં વધુ આઉટસોર્સિંગ અને ઓટોમેશનને તેના માર્ગે આગળ ધપાવી શકે છે, એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ■

# માર્કેટ કેપમાં ₹૨.૩૯ લાખ કરોડનો વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારમાં બુધવારના સત્રમાં રિયલ્ટી, એફએમસીજી અને સર્વિસીસ ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યા, આઈટી, મેટલ અને હેલ્થકેર શેર્સ ઘટ્યા, એક્સ્ચેન્જના માર્કેટ કેપમાં રૂ.૨.૩૯ લાખ કરોડનો વધારો થયો હતો. બુધવારે સેન્સેક્સ ગત મંગળવારના ૭૬,૪૭૮.૬૭ પોઈન્ટના બંધની સરખામણીએ ૪૪૩.૯૭ પોઈન્ટ કે ૦.૫૮ ટકા વધ્યો હતો. ૩૦ શેરો ધરાવતો સેન્સેક્સ ૭૬,૫૪૫.૨૧ પોઈન્ટે ખૂલ્યો હતો, જે ઊંચામાં ૭૭,૧૧૦.૦૮ પોઈન્ટ સુધી ગયો હતો તથા નીચામાં ૭૬,૫૩૮.૩૭ પોઈન્ટ સુધી પહોંચ્યા બાદ અંતે ૭૬,૯૨૨.૬૪ બંધ રહ્યો હતો.

માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૭૬.૪૮ લાખ કરોડ રહ્યું હતું, જે અગાઉના કારોબારી દિવસે રૂ.૪૭૪.૦૯ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ.૨.૩૯ લાખ કરોડનો વધારો થયો હતો. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સની ૨૨ સ્ક્રિપના ભાવ વધ્યા હતા, જ્યારે ૮ સ્ક્રિપના ભાવ ઘટ્યા હતા. બીએસઈ પર કુલ ૪,૪૪૭ સ્ક્રિપ્સમાં સોદા થયા હતા, જેમાં ૨,૨૭૬ શેરોના ભાવ વધ્યા હતા, ૧,૯૯૫ શેરોના ભાવ ઘટ્યા હતા અને ૧૭૬ શેરોના ભાવ યથાવત રહ્યા હતા. ૧૭૪ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૯૨ સ્ટોક્સ બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

કુલ ૨૧ કંપનીઓ પર સર્કિટ બ્રેકર લાગ્યું હતું, જેમાં ૧૩ કંપનીઓમાં અપર સર્કિટ તથા ૮ કંપનીઓમાં લોઅર સર્કિટ લાગી હતી. બ્રોડબેઝ્ડ ઈન્ડેક્સમાં ૧૫૦ મિડકેપ ૦.૨૯ ટકા અને ૨૫૦ સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૧૯ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાઈસીસમાં આઈપીઓ ૦.૫૩ ટકા વધ્યો તથા એસએમઈ આઈપીઓ ૦.૮૪ ટકા ઘટ્યો હતો.

સેક્ટરલ સૂચકાંકોમાં બીએસઈ રિયલ્ટી ૩.૫૬ ટકા, એફએમસીજી ૧.૭૬ ટકા, સર્વિસીસ ૧.૩૫ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૧.૨ ટકા, ઓટો ૧.૧ ટકા, મિડસ્મોલ પ્રાઈવેટ બેન્ક્સ ૦.૯૭ ટકા, પીએસયુ બેન્ક ૦.૮૧ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૭૫ ટકા, બેન્કેક્સ અને કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૬૬ ટકા વધ્યા હતા, જ્યારે ફોકસ્ડ આઈટી ૨.૫૩ ટકા, આઈટી ૧.૯૪ ટકા, મેટલ ૦.૮૭ ટકા, હેલ્થકેર ૦.૩૮ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૩૪ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૩૨ ટકા અને ઈન્ડસ્ટ્રિયલ્સ, કોમોડિટીઝ ૦.૨૪ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે ઈટર્નલ ૫.૭૧ ટકા, એશિયન પેઈન્ટ ૩.૧૩ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૩.૦૨ ટકા, અદાણી પોર્ટ્સ ૨.૧૦ ટકા, મારુતિ ૨.૦૭ ટકા, સ્ટેટ બેન્ક ૧.૯૬ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૯૪ ટકા કોટક બેન્ક ૧.૮૮ ટકા અને અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૮૧ ટકા વધ્યા હતા, જ્યારે એચસીએલ ટેકનોલોજી ૩.૪૬ ટકા, ટેક મહિન્દ્ર ૩.૦૬ ટકા, તાતા કન્સલ્ટન્સી ૨.૬૫ ટકા, તાતા સ્ટીલ ૧.૫૯ ટકા, ઈન્ફોસિસ ૧.૫૧ ટકા, લાર્સન ૧.૨૪ ટકા એચડીએફસી બેન્ક ૦.૨૮ ટકા અને ટાઈટન ૦.૨૦ ટકા ઘટ્યા હતા.

બીએસઈના ડેરિવેટિવ સેગમેન્ટમાં બુધવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં કુલ રૂ.૨૨૮.૮૭ કરોડનું ટ્રેડિંગ થયું હતું, જેમાં કુલ ૧,૧૧૨ ટ્રેડ્સમાં ૧,૪૮૨ કોન્ટ્રેક્ટ થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ ૩૫,૮૦,૭૯૩ કોન્ટ્રેક્ટ્સ રહ્યા હતા, જ્યારે કુલ અનુમાનિત ટર્નઓવર રૂ.૧,૮૭,૯૮,૬૦૩.૯૦ કરોડ રહ્યું હતું. ■

# કર્મચારીઓના ખર્ચમાં ઘટાડો થવાથી ભારતીય કંપનીઓને ફાયદો

મુંબઇઃ કર્મચારીઓના ખર્ચમાં ઘટાડો અને વ્યાજના બોજમાં ઘટાડો થવાથી ભારતીય કંપનીઓને ફાયદો થયો છે. ઓછા પગાર અને વેતન સાથે વ્યાજ ખર્ચ પર બચત, કાચા માલના વધેલા ખર્ચને મોટાભાગે સરભર કરે છે. પરિણામે, નાણાકીય વર્ષ ૨૦૨૬ના ચોથા ક્વાર્ટરમાં કંપનીઓનો કર પછીનું નફાનું માર્જિન ૧૧.૩ ટકા નોંધાયું હતું, જે પાછલા નાણાકીય વર્ષના સમાન સમયગાળાની તુલનામાં ૬૦ બેસિસ પોઈન્ટનો વધારો દર્શાવે છે અને ઓછામાં ઓછા છેલ્લા ૨૧ ક્વાર્ટરમાં સૌથી વધુ પ્રોફિટ માર્જિન છે.

નાણાકીય વર્ષ ૨૦૨૬ના ચોથા ક્વાર્ટરમાં નફાના માર્જિનમાં નાણાકીય વર્ષ ૨૦૨૬ના ત્રીજા ક્વાર્ટરમાં ૧૦.૬ ટકા નફાના માર્જિનથી ૭૦ બેસિસ પોઈન્ટનો વધારો થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૬ના ચોથા ક્વાર્ટરમાં, કંપનીઓના નફાના માર્જિનમાં છેલ્લા પાંચ વર્ષમાં લગભગ ત્રીજા ભાગનો વધારો થયો છે. માર્ચ ૨૦૨૧ ક્વાર્ટરમાં, તે ૮.૬ ટકા હતો.

૮૩૭ કંપનીઓનો સંયુક્ત ચોખ્ખો નફો નાણાકીય વર્ષ ૨૦૨૬ ના ચોથા ક્વાર્ટરમાં ૧૫.૫ ટકા વધ્યો છે, જ્યારે આ સમયગાળા દરમિયાન તેમની આવકમાં ૯.૫ ટકા વધારો થયો છે. આ કંપનીઓનો સંયુક્ત સમાયોજિત ચોખ્ખો નફો નાણાકીય વર્ષ ૨૦૨૬ના ચોથા ક્વાર્ટરમાં આશરે રૂ. ૩.૨૪ લાખ કરોડ હતો, જે નાણાકીય વર્ષ ૨૦૨૫ના ચોથા ક્વાર્ટરમાં રૂ. ૨.૮૧ લાખ કરોડ હતો.

બીજી બાજુ, આ કંપનીઓની કુલ આવક નાણાકીય વર્ષ ૨૦૨૬ના ચોથા ક્વાર્ટરમાં વધીને આશરે રૂ. ૨૮.૬૫ લાખ કરોડ થઈ ગઈ છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૫ના ચોથા ક્વાર્ટરમાં રૂ. ૨૬.૧૬ લાખ કરોડ અને નાણાકીય વર્ષ ૨૦૨૬ના ત્રીજા ક્વાર્ટરમાં રૂ. ૨૭.૭૧ લાખ કરોડ હતી. ચોથા ક્વાર્ટરમાં પગાર અને વેતન અને વ્યાજ ખર્ચ જેવા મુખ્ય ખર્ચમાં વૃદ્ધિ ધીમી પડી, જેનાથી કંપનીઓને નફાના માર્જિનમાં સુધારો કરવામાં મદદ મળી હતી.

નાણાકીય વર્ષ ૨૦૨૬ના ચોથા ક્વાર્ટરમાં, કંપનીઓ માટે કુલ પગાર વૃદ્ધિ ૬.૪ ટકા હતી, જ્યારે વેચાણ અને માર્કેટિંગ ખર્ચમાં ૩.૬ ટકાનો વધારો થયો હતો. જોકે, કોર્પોરેટ નફાકારકતામાં સૌથી મોટો ફાયદો ઓછો વ્યાજ ખર્ચથી થયો હતો. બેંકો અને નોન-બેંક ધિરાણકર્તાઓએ આ લાભ પર પ્રભુત્વ મેળવ્યું હતું, જે નમૂના કંપનીઓના કુલ ચોખ્ખા નફાના આશરે ૪૩ ટકા હિસ્સો ધરાવે છે.

નાણાકીય વર્ષ ૨૦૨૬ના ચોથા ક્વાર્ટરમાં કંપનીઓના કુલ વ્યાજ ખર્ચમાં માત્ર ૨.૮ ટકાનો વધારો થયો હતો, જે છેલ્લા ૧૬ ક્વાર્ટરમાં સૌથી ધીમો વિકાસ છે. બેંકો, ફાઇનાન્સ અને વીમા કંપનીઓને નીચા વ્યાજ દરોથી સૌથી વધુ ફાયદો થયો હતો, નાણાકીય વર્ષ ૨૦૨૬ના ચોથા ક્વાર્ટરમાં તેમના કુલ વ્યાજ ખર્ચમાં માત્ર ૨.૨કાનો વધારો થયો હતો. નાણાકીય વર્ષ ૨૦૨૬ના ચોથા ક્વાર્ટરમાં, આ કંપનીઓના પગાર અને મહેનતાણું ખર્ચ કુલ આવકના ૧૧.૩ ટકા હતા, જે ઓછામાં ઓછા છેલ્લા ૨૧ ક્વાર્ટરમાં સૌથી ઓછો છે. કુલ આવકમાં વ્યાજ ખર્ચનો હિસ્સો નાણાકીય વર્ષ ૨૦૨૫ના ચોથા ક્વાર્ટરમાં ૧૭.૬૦ ટકાથી ઘટીને ચોથા ક્વાર્ટરમાં ૧૬.૧ ટકા થયો છે. ■

# 'મુંબઈ સમાચાર'એ ૨૦૫મા વર્ષમાં પ્રવેશ કરતાં વાચકો તરફથી મળેલા શુભ સંદેશ

મુંબઈ સમાચારને જન્મદિવસ મુબારક... જુલાઈ મહિનાની પહેલી તારીખ એટલે મુંબઈના લોકપ્રિય દૈનિક મુંબઈ સમાચારનો જન્મદિવસ. આ વરસે મુંબઈ સમાચાર ૨૦૫મા વર્ષમા પ્રવેશ કરી રહ્યું છે. મુંબઈ સમાચાર એશિયાનું સૌથી જૂનું દૈનિક છે. મારા બાળપણના દિવસોથી આજ સુધી હું મુંબઈ સમાચાર વાંચતો રહ્યો છું. મુંબઈ સમાચારના વાચકો જાણે જ છે કે મુંબઈ સમાચારના સમાચાર એટલે સાચા સમાચાર. છેલ્લાં તેર વરસથી મુંબઈ સમાચારમાં જુદા જુદા અનેક વિષયો ઉપર અનેક નવા લેખકો અને પત્રકારોની કૉલમ શરૂ થઈ. પૂ. મોરારિબાપુ, સંજય છેલ, અનિલ રાવલ, આશુ પટેલ, હેનરી શાસ્ત્રી, કિશોર વ્યાસ, નંદિની ત્રિવેદી, પ્રફુલ્લ શાહ, ભરત ઘેલાણી, ભરત પટેલ, રાજ ગોસ્વામી, વિક્રમ વકીલ, ધનંજય દેસાઈ, દિવ્યાશા દોશી, ટીના દોશી, નીલા સંઘવી, સુભાષ ઠાકર, અરવિંદ વેકરિયા, ગૌરવ મશરૂવાળા, સૌરભ શાહ, મૂલચંદ વર્મા, નીલેશ દવે, જયેશ ચીતલિયા, નીલેશભાઈ વાઘેલા, પ્રકાશ દેસાઈ... આ યાદી ઘણી મોટી છે. મુંબઈ સમાચારના તંત્રી નીલેશભાઈ દવે કાયમ નવી કૉલમો અને કલમોને પ્રોત્સાહન આપતા રહ્યા છે. આ કૉલમોમાંથી કેટલાક લેખકોનાં પુસ્તકો પણ પ્રકાશિત થઈ ચૂક્યાં છે. ભરત ભારદ્વાજ રાજકારણ વિશેના લેખો કોઈની પણ શેહ-શરમ રાખ્યા વિના નીડરતાપૂર્વક લખી રહ્યા છે. જન્મદિવસે મુંબઈ સમાચારના માલિકો શ્રી હોરમસજી કામા અને મેહલી કામાને, મુંબઈ સમાચારના તંત્રી નીલેશભાઈને તેમ જ તંત્રી વિભાગના તમામ પત્રકારોને ખૂબ ખૂબ અભિનંદન.

**– હેમંત ઠક્કર**

* * * * * *

૨૦૫મા વર્ષમાં પ્રવેશ કરનાર ગુજરાતી સમાચાર પત્ર શિરોમણી 'મુંબઈ સમાચાર'ને અનેકાનેક અભિનંદન. ૧ જુલાઈ ૧૮૨૨ના શુભ દિવસે જન્મેલ શ્રી મુંબઈના સમાચાર એશિયાનું સૌથી જૂનું ગુજરાતી સમાચાર પત્ર છે. એ ફક્ત ગુજરાતીઓ જ નહીં, પણ આખા ભારત માટે ગર્વની વાત છે. હવે એ યુ ટ્યૂબ પર મરાઠી અને હિન્દીમાં પણ આવશે એ આપણા મુંબઈ સમાચારનો સમય સાથે કદમ મેળવીને ચાલવાનો અભિગમ દર્શાવે છે. દસ વર્ષના બાળક તરીકે મને જેટલું વહાલું હતું, આજે પંચોતેર વર્ષે પણ એટલું જ વહાલું છે આ છાપુ. આપણું મુંબઈ સમાચાર એવી જ રીતે સદા અગ્રેસર દૈનિક બની રહે એવી શુભેચ્છાઓ.

**– શરદભાઈ પટેલ**
મુલુંડ

* * * * * *

'મુંબઈ સમાચાર'ને ૨૦૪ વર્ષની ભવ્ય અને પ્રેરણાદાયી સફળતા પૂર્ણ કરવા બદલ હાર્દિક અભિનંદન. સત્ય અને નિષ્ઠા સાથે પત્રકારત્વનું વહન કરનાર મુંબઈ સમાચારના તંત્રીશ્રી અને તેમની કર્મઠ ટીમને ખૂબ-ખૂબ શુભેચ્છાઓ.

**–ચંદ્રકાન્ત રામજી ગાલા (માનદ્મંત્રી)**
ધી બૉમ્બે સબર્બન ગ્રેન ઍન્ડ પ્રોવિઝન ડીલર્સ એસોસિએશન

* * * * * *

મુંબઈ સમાચાર દૈનિકને ૨૦૫મા વર્ષમાં પ્રવેશની મંગળ શુભકામનાઓ. ગુજરાતી અખબાર જગતના સૌથી જૂના અખબારને ઉત્તરોઉત્તર પ્રગતિ તરફ ગતિ કરતા રહેવાની અઢળક શુભેચ્છાઓ.

**–વિઠ્ઠલ વઘાસિયા**
(કટાર લેખક)

* * * * * *

આપના પ્રતિષ્ઠિત ગુજરાતી દૈનિક 'મુંબઈ સમાચાર'ના ૨૦૫મા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે હાર્દિક શુભકામનાઓ. ૧ જુલાઈના અવસરે આપનું પ્રતિષ્ઠિત ગુજરાતી દૈનિક સફળતાપૂર્વક ૨૦૪ વર્ષની ગૌરવશાળી સફર પૂર્ણ કરીને ૨૦૫મા વર્ષમાં પ્રવેશી રહ્યું છે એ બદલ આપને, સમગ્ર સંપાદકીય મંડળને, પત્રકાર મિત્રો, કર્મચારીઓ તેમ જ લાખો વાચકોને હૃદયપૂર્વક અભિનંદન અને અનંત શુભકામનાઓ. બે સદીથી વધુ સમય સુધી સત્યનિષ્ઠ પત્રકારિતા, સમાજજાગૃતિ, લોકશાહી મૂલ્યો, ભાષા-સંસ્કૃતિનું સંવર્ધન અને જનહિતને સર્વોચ્ચ સ્થાન આપીને આપના દૈનિકે જે અવિસ્મરણીય યોગદાન આપ્યું છે એ ખરેખર પ્રેરણાદાયી છે. બદલાતા સમય, નવી ટેક્નૉલૉજી અને વિવિધ પડકારો વચ્ચે પણ વિશ્વસનીયતા, નિષ્પક્ષતા અને જવાબદાર પત્રકારિતાનાં મૂલ્યો જાળવી રાખવા બદલ આપ સૌ અભિનંદનને પાત્ર છો.

આપનું આ ગૌરવપૂર્ણ પ્રકાશન આવનારાં વર્ષોમાં પણ સત્ય, વિશ્વાસ અને જનકલ્યાણના માર્ગે સતત આગળ વધતું રહે, ગુજરાતી ભાષાની ગૌરવગાથાને વધુ સમૃદ્ધ બનાવે અને સમાજને સકારાત્મક દિશા પ્રદાન કરતું રહે એવી શુભેચ્છા.

**–દીપક અંતાણી**
(અભિનેતા, દિગ્દર્શક, લેખક)

* * * * * *

ગુજરાતી પત્રકારત્વના ગૌરવશાળી ઇતિહાસમાં 'મુંબઈ સમાચાર' દૈનિક છેલ્લાં ૨૦૪ વર્ષથી સત્યનિષ્ઠ, નિર્ભય અને મૂલ્યલક્ષી પત્રકારત્વ દ્વારા સમાજને જાગૃત, માર્ગદર્શિત અને પ્રેરિત કરવાનું અનન્ય યોગદાન આપ્યું છે. ૧ જુલાઈ, ૧૮૨૨ના રોજ શરૂ થયેલી આ ગૌરવવંતી યાત્રાના સ્થાપના દિવસ નિમિત્તે ગુજરાતી ગૌરવ ફાઉન્ડેશન તરફથી મુંબઈ સમાચારના તંત્રીશ્રી, પત્રકારમિત્રો, કર્મચારીગણ તથા વાચકમિત્રોને હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ. મુંબઈ સમાચાર એ એશિયામાં સૌથી જૂનું સતત પ્રકાશિત થતું અખબાર હોવાનું ગૌરવ સતત પ્રગતિનાં નવાં શિખરો સર કરે અને સમાજને માર્ગદર્શન આપતું રહે એવી શુભકામનાઓ.

**–નિમિશ ઠક્કર-અધ્યક્ષ**
(ગુજરાતી ગૌરવ ફાઉન્ડેશન)

* * * * * *

૨૦૫મી વર્ષગાંઠના શુભ દિવસની શુભકામનાઓ પાઠવીએ છીએ. આવનારા નવા વર્ષમાં ઈ-પેપર અને વૉટ્સઍપ દ્વારા આપણી ગુજરાતી સાથે મરાઠી, અંગ્રેજી અને હિન્દીમાં હવે આપણું લાડકું મુંબઈ સમાચાર દિવસ-રાત ચોવીસ કલાક અને સાતે દિવસ રોજિંદા જીવનમાં થઈ રહેલા અહેવાલ પ્રિન્ટ મીડિયા સાથે ઇલેક્ટ્રિક મીડિયા અને સોશ્યલ મીડિયા દ્વારા મળતા રહેશે એનો અનેરો આનંદ હવે મળશે. નવા લેખકો સાથે સારું વાંચન લોકો સમક્ષ રજૂ કરવામાં આગળ પડતો ભાગ લેનાર તંત્રીસાહેબ નીલેશભાઈ દવે અને આપની ટીમના સભ્યોન ખૂબ-ખૂબ અભિનંદન.

અમે અને અમારો પરિવાર મુંબઈ સમાચાર પેપર ૧૯૭૬-'૭૭થી ઘરે મગાવીએ છીએ. અમારી સવાર સવારે ૦૭.૦૦ વાગ્યે મુંબઈ સમાચાર પેપર હાથમાં આવતાં ચાય સાથે રોજ મુંબઈ, ગુજરાત અને દેશવિદેશના સમાચાર વાંચવાથી થાય છે. તંત્રીસાહેબ ઉત્તર ગુજરાતના સમાચાર ખાસ કરીને બનાસકાંઠાના છેવાડેનાં ગામોમાં ગુજરાત, રાજસ્થાનની સરહદનાં ગામડાંના તેમ જ ખેતી વિષય ગંજ બજારની ખબરો પણ આપતા રહેજો તેમ જ ઉજ્વલ રાજાઓના ઇતિહાસ સંબંધિત જાણકારી આપતા રહેશોજી.

**–ઠા. નરપતસિંહ ડુંગરસિંહજી ચીબાવત સોનગરા ચૌહાણ**
મુંબઈ-૬૮

# ભારત અને પાકિસ્તાન વચ્ચે મંત્રણાની માગ: ભાજપ ભડક્યો

નવી દિલ્હી : ભાજપે બુધવારે ભારત અને પાકિસ્તાનના એ જાણીતા લોકોના ગ્રૂપની ટીકા કરી હતી જેણે બન્ને દેશો વચ્ચે વાતચીત ફરીથી શરૂ કરવા અને સામાન્ય સંબંધો ફરીથી સ્થાપિત કરવાની માગ કરી છે. પાર્ટીએ તેમને ''પાકિસ્તાન તરફી બ્રિગેડ'' (પાકિસ્તાન સમર્થક ગ્રૂપ) ગણાવી હતી.

જ્યારે ભારત અને પાકિસ્તાનના ૧૦૦થી વધુ જાણીતા નાગરિકો જેમાં જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ફારુક અબ્દુલ્લા અને મહબૂબા મુફ્તી પણ સામેલ હતા. આ જૂથે ભારત અને પાકિસ્તાનના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને શાહબાઝ શરીફ સાથે દ્વિપક્ષીય વાતચીત ફરીથી શરૂ કરવા અને સંબંધો સામાન્ય કરવાનો આગ્રહ કર્યો હતો.

આ વિશે પૂછવામાં આવતા ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા પ્રેમ શુક્લાએ પીટીઆઈ વીડિયોને જણાવ્યું હતું કે, ''આ પાકિસ્તાન તરફી બ્રિગેડે આ પત્ર પાકિસ્તાનને જ લખવો જોઈતો હતો.'' શુક્લાએ કહ્યું હતું કે ભારતનું વલણ સ્પષ્ટ છે કે ''બોમ્બ અને ફાયરિંગના અવાજો'' વચ્ચે શાંતિ મંત્રણા થઈ શકતી નથી. જો પાકિસ્તાન આતંકવાદને ટ્રેનિંગ અને મદદ કરવાનું બંધ કરી દે તો દ્વિપક્ષીય મંત્રણા ફરી શરૂ થઈ શકે છે.

ભાજપના પ્રવક્તાએ અબ્દુલ્લા પર નિશાન સાધતા તેમને પડકાર આપ્યો હતો કે તેઓ હિંમત બતાવે અને પાકિસ્તાનને આતંકવાદીઓની મદદ અને ટ્રેનિંગ આપવાનું બંધ કરવાનું કહે. નોંધનીય છે કે એક પત્ર પર અબ્દુલ્લા, મુફ્તી, રોના ભૂતપૂર્વ ચીફ એ.એસ. દુલત, રાજ્યસભા સાંસદ મનોજ ઝા, ભૂતપૂર્વ રાજદ્વારી અશરફ જહાંગીર કાઝી, અલગતાવાદી નેતા મીરવાઇઝ ઉમર ફારૂક, ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન મણિશંકર ઐયર, ભૂતપૂર્વ પાકિસ્તાની વિદેશ પ્રધાન ખુર્શીદ મહમૂદ કસુરી ઉપરાંત અનેક નિવૃત્ત રાજદ્વારીઓ અને નાગરિક સમાજના સભ્યો દ્વારા સહી કરવામાં આવી છે. ■

## રામમંદિરની દાન-ચોરી:

# 'સિટ'ની તપાસ માટે વધું પખવાડિયું અપાયું

લખનઊ : ઉત્તર પ્રદેશ સરકારે અયોધ્યાના રામમંદિરમાં દાનની કથિત ઉચાપતની તપાસ કરતી સ્પેશ્યલ ઇન્વેસ્ટિગેશન ટીમ (ખાસતપાસ ટીમ, 'સિટ')ની મુદત વધુ પંદર દિવસ માટે લંબાવી હતી. અધિકારીઓએ માહિતી આપી હતી કે સિટની મુદત તે ઊંડી તપાસ કરી શકે અને તપાસનો અવકાશ વધારી શકે એ માટે વધારાઈ છે. અહીં બહાર પડાયેલા સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે અયોધ્યાના દાનની બાબત તપાસનારી તપાસ ટુકડીની સમયમર્યાદા ૧૫ જુલાઈ સુધી વધારી છે. કેસના વિવિધ પાસાની સર્વગ્રાહી તપાસ કરવા સિટે મુખ્ય પ્રધાન પાસે વધારાનો સમય માગ્યો હતો. મુખ્ય પ્રધાને વિનંતીનો સ્વીકાર કરીને સિટને ૧૫ જુલાઈ સુધી અહેવાલ આપવા જણાવ્યું છે.

ત્રણ સભ્યની સિટની રચના ૧૩ જૂને કરાઈ હતી અને તેને આક્ષેપોની તપાસ કરવા ૧૫ દિવસનો સમય આપવામાં આવ્યો હતો. સિટે ૨૩ જૂને આનો પ્રાથમિક અહેવાલ આપ્યા બાદ ૨૫ જૂને ફર્સ્ટ ઈન્ફોર્મેશન રિપોર્ટ નોંધાવવામાં આવ્યો હતો. ■

### ટ્રસ્ટના ચેરમેન આઈસીયુમાં

શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના ચેરમેન મહંત નૃત્ય ગોપાલ દાસને મૂત્ર પ્રણાલીમાં ચેપ લાગ્યો હોવાથી તેમને ખાનગી હૉસ્પિટલના ઈન્ટેનસિવ કેર યુનિટમાં દાખલ કરવામાં આવ્યા છે. મેદાન્ત હૉસ્પિટલે બહાર પાડેલા બુલેટિન પ્રમાણે ૮૯ વર્ષના દાસને ૨૯ જૂને બપોરે દોઢ વાગ્યે બેભાન સ્થિતિમાં હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસ પછી તબીબોએ કહ્યું હતું કે તેમની મૂત્ર પ્રણાલીમાં ચેપ લાગેલો હોવાનું માલુમ પડ્યું છે.

# ઈરાનના સુપ્રીમ લીડરની દફનવિધિ માટે ખડગે, નીતિન નબીનને આમંત્રણ

નવી દિલ્હી: ઈરાને ભાજપના અધ્યક્ષ નીતિન નબીન અને કૉંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને સ્વર્ગસ્થ સુપ્રીમ લીડર આયાતોલ્લાહ અલી ખામનેઇના દફનવિધિમાં હાજરી આપવા આમંત્રણ આપ્યું છે, એવા સમાચાર જાણવા મળ્યા છે.

૨૮ ફેબ્રુઆરીના રોજ યુએસ-ઇઝરાયલ હુમલામાં માર્યા ગયેલા ખામનેઇના દફનવિધિમાં આવતા અઠવાડિયે યોજાશે.

એક અહેવાલ મુજબ, વિદેશ રાજ્ય પ્રધાન પબિત્રા માર્ગેરિટા અને બિહારના રાજ્યપાલ લેફ્ટનન્ટ જનરલ (નિવૃત્ત) સૈયદ અતા હસનૈન પણ ખામનેઇના દફનવિધિમાં કાર્યક્રમમાં ભારતનું પ્રતિનિધિત્વ કરે તેવી અપેક્ષા છે.

માર્ગેરિટા અને હસનૈન, જે હાલમાં બંધારણીય પદ સંભાળી રહેલા શિયા સમુદાયના થોડા સભ્યોમાંના એક છે, તેઓ ભારત સરકાર વતી ચોથી જુલાઈના રોજ તહેરાનમાં યોજાનાર કાર્યક્રમમાં ભાગ લે તેવી અપેક્ષા છે, તેવું સૂત્રોએ જણાવ્યું હતું. વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ગયા અઠવાડિયે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન દ્વારા દફનવિધિમાં કાર્યક્રમ માટે આમંત્રણ મળ્યું હતું. જ્યારે ભારત તરફથી ભાગીદારીના સ્તર અંગે સત્તાવાર જાહેરાત હજુ સુધી કરવામાં આવી નથી, ત્યારે એવું માનવામાં આવતું હતું કે પીએમ આ કાર્યક્રમમાં ભાગ લેશે.

ચીન, રશિયા, પાકિસ્તાન અને કતારના નેતાઓને પણ ઈરાન દ્વારા અંતિમ સંસ્કાર કાર્યક્રમ માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે કહ્યું છે કે દફનવિધિમાંમાં એક સત્તાવાર પ્રતિનિધિમંડળ હાજરી આપશે. ■

# પ્રમુખ બન્યા પછી ટ્રમ્પની ક્રિપ્ટોકરન્સીમાં ૧.૪ અબજ ડૉલરની કમાણી

વૉશિંગ્ટન : અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ ૨૦૨૫માં વાઈટ હાઉસમાં પાછા ફર્યા બાદ ક્રિપ્ટોકરન્સી બિઝનેસમાં ઓછામાં ઓછી ૧.૪ અબજ ડૉલરની કમાણી કરી હતી અને આને લીધે તેમના હિતના સંભવિત ટકરાવ અંગે ચિંતા ફરી જાગી છે.।

ટ્રમ્પે નોંધાવેલા ૯૨૭ પાનાના વાર્ષિક નાણાકીય જાહેરનામાને અમેરિકાની ઑફિસ ઑફ એથિક્સે જારી કર્યો હતો. ટ્રમ્પની આવક ૨૦૨૫ની ૨.૨ અબજ ડૉલરથી હરણફાળ ભરીને ૨૦૨૪માં ૬૨૨ અમેરિકન ડૉલર થઈ હતી. આવકના વધારામાં ક્રિપ્ટોનું મોટું યોગદાન છે, એવું વિશ્લેષણ બ્લૂમબર્ગ અને ન્યૂ યોર્ક ટાઈમ્સે કર્યું છે.

સૌથી મોટી આવક વર્લ્ડ લિબર્ટી ફાયનાન્સિયલથી થઈ છે. ટ્રમ્પ, તેમના પુત્રો અને વહીવટીતંત્રના અધિકારીઓના સાથીદારો આ કંપનીના સહસ્થાપક છે. ટ્રમ્પના જાહેરનામાનું વિશ્લેષણ કરીને બ્લૂમબર્ગે કહ્યું હતું કે આ સાહસથી પ્રમુખને ૭૯૯ મિલ્યન ડૉલરની કમાણી થઈ છે. આમાં યુનાઇટેડ આરબ અમીરાતે કરેલા રોકાણથી થયેલા લાભનો પણ ઉલ્લેખ છે.

ટ્રમ્પે સીઆઈસી ડિજિટલ એલએલસીમાંથી પણ ૬૩૬ મિલ્યન ડૉલરની કમાણી કરી છે. આ બધી આવક સેલિબ્રેશન કોઈન્સ સાથેના લાયસિંગ એગ્રીમેન્ટની રોયલ્ટી તરીકે મળી છે. કંપની પાસે ડિજિટલ વોલેટમાં ઓછામાં ઓછી છ કરોડ ડૉલર જેટલી કિંમતની ક્રિપેટકરન્સી છે,

ટ્રમ્પે જાહેર કર્યું છે કે સ્ટેબલકોઈનને સંડોવતા શૅરના વેચાણને લીધે ટ્રમ્પને ૧૯.૭ કરોડ ડૉલરની કમાણી થઈ છે.

ન્યૂ યોર્ક ટાઈમ્સનું કહેવું છે કે ટ્રમ્પના પ્રમુખ તરીકેના અનેક હુકમથી ટ્રમ્પના ક્રિપ્ટો હિતને ફાયદો થયો છે. ■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| वगळता | મોડું |
| मऊ | જલદી |
| लवकर | સિવાય |
| उशीर | હંમેશા |
| नेहमी | નરમ |

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | ૪ | ■ | ૫ | ૬ | ૭ |
| ૮ | | ■ | ૯ | | | | ■ | ૧૦ | |
| ■ | ૧૧ | | ■ | | ■ | ■ | ૧૨ | ■ | |
| ૧૩ | | ■ | ૧૪ | ■ | ૧૫ | | | ■ | |
| ■ | ■ | ૧૬ | | ૧૭ | | ■ | ૧૮ | | |
| ૧૯ | | | ■ | ૨૦ | | ૨૧ | | ■ | ■ |
| | ■ | ૨૨ | | | ■ | | ■ | ૨૩ | |
| | ■ | | ■ | ■ | ૨૪ | ■ | ૨૫ | | ■ |
| ૨૬ | ૨૬અ | ■ | ૨૭ | ૨૭અ | | | ■ | ૨૮ | ૨૯ |
| ૩૦ | | | ■ | ૩૧ | | ■ | ૩૨ | | |

**આડી ચાવી**

૧. સબળું, શક્તિવાળું (૩)
૩. કૃષ્ણ પક્ષ (૨)
૫. બદદુઆ (૩)
૮. ઊણપ, ખોટ (૨) (જો.છૂ.)
૯. ઉત્સવનો દિવસ (૪)
૧૦. પર્વત (૨)
૧૧. જાત્રાળુ (૨)
૧૩. મૂરખ મિત્ર કરતાં --- દુશ્મન ભલો (૨)
૧૫. ઠીંગણું (૩)
૧૬. કસબી (૪)
૧૮. વાણિયો (૩)
૧૯. અવિનાશી (૩)
૨૦. પરવા, કાળજી (૩)
૨૨. ઈન્દ્ર (૩)
૨૩. પૃથ્વી (૨)
૨૫. યથા રાજા તથા --- (૨)
૨૬. ઘરની બાજુની દીવાલ (૨)
૨૭. હીરા, માણેક, મોતી વગેરે (૪)
૨૮. એકઠું, ભેગું (૨)
૩૦. ક્રોધી (૩)
૩૧. ગરીબ (૨)
૩૨. રહેવાશી (૩)

**ઊભી ચાવી**

૧. મિત્ર (૨)
૨. તંબૂ (૪)
૩. જેનું કોઈ ઓસડ નથી (૩)
૪. --- નીચે અંધારું (૨)
૬. સંસાર સુખમાં આસક્તિવાળું (૨)
૭. સેવક (૫)
૧૨. પશુ, જનાવર (૪)
૧૪. જળ, પાણી (૨)
૧૫. કપિ (૩)
૧૬. લાભ, ફાયદો (૪)
૧૭. યદુનો વંશજ (૩)
૧૯. અંધાધૂંધી (૫)
૨૧. લાકડું (૨)
૨૩. પરવાનગી, રજા (૪)
૨૪. પરેશાન, ઉદ્વિગ્ન (૩)
૨૬અ. રુંવાડું (૨)
૨૭અ. હોમ માટેનો કુંડ (૨)
૨૯. ગર્વિષ્ઠ, અભિમાની (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ રે | ૨ ગિ | સ્તા | ૩ ન | ■ | ■ | ૪ પ | ડ | ૫ પૂ | છ |
| ૬ ખા | ર | ■ | વ | ■ | ૭ સુ | સ્તી | ■ | ર્ણિ | ■ |
| ■ | ૮ જા | હે | રા | ત | ■ | ■ | ૯ અ | મા | ૧૦ પ |
| ■ | ધ | ■ | શ | ■ | ૧૧ વિ | ક્ષે | પ | ■ | ર |
| ૧૨ મ | ર | ૧૩ જી | ■ | ૧૪ જ | ર | ■ | લ | ■ | મા |
| હે | ■ | વ | ■ | ૧૫ મે | હ | ■ | ૧૬ ક | ૧૭ પ | ટી |
| મા | ■ | ૧૮ ત | બે | લો | ■ | ૧૯ બ | ■ | હે | ■ |
| ૨૦ ન | ૨૧ શ્વ | ર | ■ | ■ | ૨૨ દ | ર | બા | ર | ■ |
| ■ | સુ | ■ | ૨૩ ઘ | ડી | ■ | બા | ■ | ૨૪ વે | ૨૫ રી |
| ૨૬ આ | ર | પા | ર | ■ | ■ | ૨૭ દ | હે | શ | ત |

### જાણવા જેવું

તમિળનાડુના ચેન્નઈ પાસે મહાબલિપુરમથી પંદરેક કિલોમીટરના અંતરે તિરુકલુકુન્ડરમ્ અથવા તિરુકાઝાકુન્ડરમ્ આવ્યું છે. ત્યાં ટેકરી પર એક શિવમંદિર છે. એવું કહેવાય છે કે બપોરના સમયે શાપ પામવાથી ગરુડ બની ગયેલ બે ઋષિ રોજ બપોરે પ્રસાદી લેવા ત્યાં આવતા અને પૂજારી રોજ એમને નૈવેદ્ય ધરાવતો.

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ પુરુષના એકમાત્ર વેવાઈની એકમાત્ર દીકરીની સાસુ પુરુષને સંબંધમાં શું થાય એ જણાવો.

અ) ભાભી ब) પત્ની
ક) સાળી ड) કાકી

### નોંધી રાખો

*ભારતીય સમાજમાં સોળ સંસ્કારો પૈકી લગ્ન સંસ્કારને અતિ પવિત્ર સંસ્કાર ગણી સ્વીકારવામાં આવ્યો છે એ કદાચ ભૂલાઈ ગયું છે.*

### ઓળખાણ પડી?

સુંદર મજાના રંગ ધરાવતા, માંડ દસ ગ્રામ વજન ધરાવતા અને પોતાનો માળો જાતે સીવી કાઢતા પક્ષીને ઓળખી કાઢો.

અ) Style Bird
ब) Tailor Bird
ક) Swinging Bird
ड) Flight Bird



### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં વાળ વગરની અવસ્થા સંતાઈ છે એ શોધી કાઢો.
દેશ-પરદેશના પર્યટકો સિંહદર્શન કરી શકે છે.

### માઈન્ડ ગેમ

વિશ્વના વિવિધ નામાંકિત શહેરો પૈકી કયું શહેર સૌથી વધુ વસ્તી ધરાવતા શહેર તરીકેની નામના ધરાવે છે એ જણાવો.

અ) શાંઘાઈ ब) ટોક્યો ક) મુંબઈ ड) ન્યુ યોર્ક

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૭ | | | | |
| | | ૯ | ૨ | | ૮ | ૫ | | |
| ૫ | ૮ | | ૪ | | ૯ | | ૩ | ૧ |
| ૭ | ૩ | | | ૪ | | | ૫ | ૯ |
| ૪ | | | ૫ | | ૭ | | | ૮ |
| ૯ | ૫ | | | ૮ | | | ૨ | ૭ |
| ૬ | ૯ | | ૭ | | ૧ | | ૪ | ૩ |
| | | ૭ | ૮ | | ૬ | ૧ | | |
| | | | | ૫ | | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૫ | ૯ | ૩ | ૬ | ૧ | ૭ | ૮ | ૪ |
| ૪ | ૮ | ૧ | ૯ | ૭ | ૨ | ૩ | ૬ | ૫ |
| ૩ | ૬ | ૭ | ૫ | ૮ | ૪ | ૯ | ૨ | ૧ |
| ૫ | ૩ | ૨ | ૧ | ૪ | ૮ | ૬ | ૯ | ૭ |
| ૮ | ૧ | ૬ | ૭ | ૩ | ૯ | ૪ | ૫ | ૨ |
| ૯ | ૭ | ૪ | ૬ | ૨ | ૫ | ૧ | ૩ | ૮ |
| ૭ | ૪ | ૩ | ૮ | ૫ | ૬ | ૨ | ૧ | ૯ |
| ૧ | ૨ | ૫ | ૪ | ૯ | ૩ | ૮ | ૭ | ૬ |
| ૬ | ૯ | ૮ | ૨ | ૧ | ૭ | ૫ | ૪ | ૩ |

### ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| काविळ | કમળો |
| पक्षाघात | લકવો |
| मधुमेह | ડાયાબિટીસ |
| कर्करोग | કેન્સર |
| विषमज्वर | ટાઈફોઈડ |

**ગુજરાત મોરી મોરી રે:** દેરાણી

**ઓળખાણ પડી?** બુલબુલ

**માઈન્ડ ગેમ :** હોર્મુઝ ખાડી

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** વન

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ભરત કજરિયા (૪) ભારતી બુચ (૫) ડો. પ્રકાશ કટકિયા (૬) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૭) ધીરેન્દ્ર મુલરાજ (૮) પ્રતિમા પમાણી (૯) ભામિની સંપટ (૧૦) વિપીન શાહ (૧૧) નૂતન વિપીન શાહ (૧૨) શ્રદ્ધા આશર (૧૩) જ્યોતિ ખાંડવાલા (૧૪) હર્ષા મહેતા (૧૫) લજિતા ખોના (૧૬) મીનળ કાપડિયા (૧૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૮) ભાવના કર્વે (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) ખુશરૂ કાપડિયા (૨૨) જયવંત પદમશી ચિખલ (૨૩) વિણા સંપટ (૨૪) અરવિંદ કામદાર (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૭) અંજુ ટોલિયા (૨૮) રમેશભાઈ દલાલ (૨૯) હિનાબેન દલાલ (૩૦) ઈનાક્ષીબેન દલાલ (૩૧) જ્યોત્સના ગાંધી (૩૨) ડાયના સંતોકે (૩૩) મનીષા શેઠ (૩૪) ફાલ્ગુની શેઠ (૩૫) અલકા વાણી (૩૬) ભારતી બુચ (૩૭) નિતીન જયંતીલાલ બજરિયા (૩૮) નયના ગિરીશ મિસ્ત્રી (૩૯) સુભાષ મોમાયા (૪૦) નીતા દેસાઈ (૪૧) તાહેર ઔરંગાબાદવાલા (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) પુષ્પા પટેલ (૪૪) પ્રવીણ વોરા (૪૫) મહેશ દોશી (૪૬) મહેશ સંઘવી (૪૭) અબ્દુલ્લા એફ. મુનીમ

### ડ્રગ્સ માફિયાઓ પર ભુજ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો

# ૧૯ આંતરરાષ્ટ્રીય સ્મગલરોને ૨૦-૨૦ વર્ષની જેલ અને ₹ ૩૮ લાખનો દંડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: શહેરની વિશેષ અદાલતે દેશની આંતરિક સુરક્ષા અને યુવાધનને બરબાદ કરવાના પાકિસ્તાની ડ્રગ્સ માફિયાઓના મનસૂબા પર પાણી ફેરવતો એક ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. જખૌ દરિયાઈ માર્ગેથી ભારતમાં કુલ રૂ.૫૭૫ કરોડની કિંમતનું હેરોઇન ડ્રગ્સ ઘુસાડવાના ત્રણ અલગ-અલગ ગુનાઓમાં સંડોવાયેલા ૧૮ પાકિસ્તાની અને ૧ અફઘાન નાગરિક સહિત કુલ ૧૯ આરોપીઓને નામદાર અદાલતે ૨૦-૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. આ સાથે જ તમામ ગુનેગારોને વ્યક્તિગત રૂ.બે લાખનો દંડ પણ કરવામાં આવ્યો હતો.

ભુજની ત્રીજી અધિક સેશન્સ અને સ્પેશિયલ એન.ડી.પી.એસ. કોર્ટના ન્યાયાધીશ વી. એ. બુધ્ધે આ કેસની સુનાવણી દરમિયાન પ્રોસિક્યુશનના પુરાવાઓને ગ્રાહ્ય રાખ્યા હતા. ચુકાદો આપતી વખતે એક અત્યંત ગંભીર ટિપ્પણી કરતા અદાલતે જણાવ્યું હતું કે, આરોપીઓએ ભારતના યુવાધનને નશાના માર્ગે ધકેલવા જે કૃત્ય કર્યું છે તે કોઈ સામાન્ય ગુનો નથી, પરંતુ રાષ્ટ્રના સામાજિક અને આર્થિક માળખાને નબળું પાડવાનું એક સુનિયોજિત ષડ્યંત્ર છે. નશાનો કારોબાર માત્ર એક વ્યક્તિગત સમસ્યા નથી, પરંતુ તે સીધી રીતે દેશની આંતરિક સુરક્ષાને પ્રભાવિત કરે છે.

આ સમગ્ર મામલો ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વૉડ, ભારતીય કોસ્ટગાર્ડ અને સ્થાનિક પોલીસ દ્વારા સંયુક્ત રીતે ઓપરેશન હાથ ધરીને પકડી પાડવામાં આવેલા ત્રણ અલગ-અલગ કેસ સાથે જોડાયેલો છે. પ્રથમ કેસ (૬ જાન્યુઆરી, ૨૦૨૦)માં ગુજરાત એટીએસની ગુપ્ત બાતમીના આધારે કોસ્ટગાર્ડ અને ભુજ એસ.ઓ.જી.ની ટીમે જખૌના દરિયામાં દરોડો પાડી પાકિસ્તાનના કાપર ક્રીક વિસ્તારમાંથી બોટ લઈને આવેલા પાંચ પાકિસ્તાની નાગરિકોને ઝડપી લીધા હતા. તેમની પાસેથી રૂ.૧૭૫ કરોડની કિંમતનું આશરે ૩૫ કિલો (૩૫,૦૫૫ ગ્રામ) હેરોઇન મળી આવ્યું હતું. આ કેસમાં પકડાયેલા ઇસ્માઇલ મોહમદ જામ, અનીશ ઇશા ભટી, અબુબકર હાસમ કુંગરા અને અશરફ ઉસ્માન ભટી સહિતના પાકિસ્તાનીઓને સજા ફટકારવામાં આવી છે.

દ્વિતીય કેસ (૧૫ એપ્રિલ, ૨૦૨૧)માં પાકિસ્તાનના હૈદરી પોર્ટ પરથી બોટમાં હેરોઇન ભરીને જખૌ દરિયા કિનારે ડિલિવરી આપવાની ફિરાકમાં રહેલી વધુ એક શંકાસ્પદ પાકિસ્તાની બોટને સુરક્ષા એજન્સીઓએ આંતરી હતી. આ બોટમાંથી મુર્તઝા, યામીન, મુસ્તફા, નસરૂલ્લા, હુસૈન, સાલેમામદ, મહમંદ યાસીન અને રફીક આમદ નામના ૮ પાકિસ્તાની નાગરિકોને રૂ.૧૫૦ કરોડના ૩૦ કિલો હેરોઇનના જથ્થા સાથે કસ્ટડીમાં લેવાયા હતા.

તૃતીય કેસ (૮ ઑક્ટોબર, ૨૦૨૨)માં હૈદરી પોર્ટથી જખૌ દરિયાઈ સરહદમાં ઘુસણખોરી કરી રહેલી વધુ એક બોટમાંથી અલી મોહમદ, મમતાજ હારુન, શેર મોહમદ, મોતીયા ઇદ્રીશ, ઇબ્રાહિમ યુસુફ અને જાહીદ અબ્દુલ્લા નામના છ પાકિસ્તાનીને રૂ.૨૫૦ કરોડના ૫૦ કિલોગ્રામ હેરોઇન સાથે દબોચી લેવાયા હતા. આ કેસની તપાસ દરમિયાન આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ નેટવર્કના તાર અફઘાનિસ્તાન સાથે જોડાયા હોવાનું ખૂલ્યું હતું, જેને પગલે અફઘાન નાગરિક 'હેકમતુલ્લા નુરુઉલ્લાહ'ની પણ ધરપકડ કરવામાં આવી હતી.

અદાલતે તમામ ૧૯ ગુનેગારને એન.ડી.પી.એસ. ઍક્ટની કલમ ૮(સી) અને કલમ ૨૩ (સી) હેઠળ દોષિત ઠેરવ્યા છે. અદાલતે પોતાના આદેશમાં સ્પષ્ટ કર્યું છે કે, આરોપીઓએ બંને કલમો હેઠળની ૨૦-૨૦ વર્ષની સજાઓ એકસાથે ભોગવવાની નથી, પરંતુ એક સજા પૂર્ણ થયા બાદ બીજી સજા ભોગવવાની રહેશે (અલગ-અલગ ભોગવવાની રહેશે). કોર્ટના આ કડક વલણને કારણે ડ્રગ્સ માફિયાઓ લાંબા સમય સુધી જેલના સળિયા પાછળ ધકેલાઈ ગયા છે, જે સરહદી રાજ્ય ગુજરાતમાં ડ્રગ્સ નેટવર્ક તોડી પાડવા તરફ એક મોટું અને નિર્ણાયક પગલું માનવામાં આવી રહ્યું છે. ■



રાજકોટમાં બપોરે વરસાદી ઝાપટું પડ્યું હતું, જેથી રોડ પર પાણી ભરાતાં વાહનચાલકોને હાલાકી ભોગવવી પડી હતી. (ફોટોગ્રાફર- પ્રવીણ સેદાણી, રાજકોટ)

# પોરબંદર એલસીબીએ કપાસિયાનાં બાચકાઓની આડમાં સંતાડેલો ૧.૧૫ કરોડનો વિદેશી દારૂ ઝડપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પોરબંદરમાં દારૂની તસ્કરીને રોકવા માટે પોલીસે બુટલેગરો વિરુદ્ધ આકરી કાર્યવાહી હાથ ધરી છે. પોરબંદર એલસીબીની ટીમે બાતમીના આધારે કરેલી કાર્યવાહીમાં વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપાયો હતો. પોરબંદર એલસીબીની ટીમે એક ટ્રકને રોકીને તલાશી લેતા ટ્રકમાં ઉપરના ભાગે કપાસિયાના બાચકાઓ ગોઠવીને તેની આડમાં ખૂબ જ ચતુરાઈથી છુપાવેલી વિદેશી દારૂની પેટીઓ હાથ લાગી હતી. આ મામલે પોલીસે ટ્રક ચાલકની સ્થળ પરથી ધરપકડ કરી હતી, જ્યારે અન્ય ત્રણ મુખ્ય આરોપી ફરાર થતા તેમની શોધખોળ પોલીસે તેજ કરી છે.

પોલીસને તપાસ દરમિયાન ટ્રકમાંથી કુલ ૧,૧૧૯ પેટીઓ મળી આવી હતી, જેમાંથી ૨૫,૫૬૦ નંગ વિદેશી દારૂની બોટલો જપ્ત કરવામાં આવી હતી. આ જપ્ત કરાયેલા દારૂનું અંદાજિત બજાર મૂલ્ય ૧.૧૫ કરોડ રૂપિયા જેટલી થાય છે. પોલીસે ટ્રક અને દારૂના જથ્થા સહિતનો કુલ મુદ્દામાલ કબજે કરી નવીબંદર મરીન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી છે. આટલા મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો પકડાતા બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ■

# ભાવનગરના મહુવામાં એક ઇંચ વરસાદ: ખેડૂતોને હાશકારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના મહુવામાં એક ઇંચ વરસાદ પડ્યો હતો, જ્યારે તળાજા તાલુકાના ગ્રામ્ય પંથકમાં સારો વરસાદ પડ્યો હતો. વરસાદની આગાહી વચ્ચે સાંજ સુધીમાં ભાવનગર જિલ્લાના મહુવામાં એક ઇંચ વરસાદ પડી ગયો હતો. મહુવામાં ૨૪ મી.મી. વરસાદ નોંધાયો છે. જ્યારે તળાજામાં ૩ મી.મી. ગારિયાધારમાં ૨ મી.મી અને જેસરમાં ૨ મી.મી. વરસાદ ખાબક્યો હતો.

વહેલી સવારથી તળાજા શહેર અને પંથકના મોટાભાગના ગામડાઓમા વાદળછાયું વાતાવરણ જામ્યું હતું. વરસાદ આવશેની આશા બંધાઈ હતી.જે મધ્યાહને વાદળો વચ્ચેથી વીજળીના ચમકારા અને ગર્જના સાથે મેઘરાજાએ ધરતીને આલીંગન આપવાનુ શરૂ કર્યું હતું.

તળાજા શહેરમા મધ્યમ વરસાદ વરસ્યો હતો. સૌથી વધુ વરસાદ બોરડા પાદરગઢ નવા-જુના સાંગણા, કામરોળ, જાલવદર,પસ્વી, પાદરીમા વરસ્યો હતો. ખેડૂતોએ વાવણી લાયક વરસાદ ગણાવ્યો હતો. બોરડાથી બોરડી જવાના માર્ગપર પગપાળા ચાલવું કે વાહન ચલાવવું મુશ્કેલ થઈ પડે તેરીતે પાણી વહેતા થયા હતા. આ વિસ્તારના દરેક નાળા, વેણકા, ઝરણાં વહેતા થઈ ગયા હતા.ખેતરોમા પાણી ભરાઈ ગયા હતા. નીચાણવાળા ખેતરોમાંથી પાણી બહાર નીકળી ગયા હતા. ગામડાઓમાં સારા વરસાદના પગલે યુવાનો પ્રથમ વરસાદને વધાવતા હોય તેમ ન્હાવા નીકળી પડ્યા હતા.

તળાજી નદીના ઉપરવાસના ગામડાઓમાં પણ દોઢેક કલાક સુધી વરસાદ વરસ્યો હતો.જેના પગલે કામરોળ ગામ વચ્ચેથી વહેતી તળાજી નદી બે કાંઠે વહેતી થતા તળાજા નગરમાંથી વહેતી તળાજીમાં નવાનીર આવ્યા હતા. દરિયાઈ પટ્ટીના દાઠા, પીથલપુર, ફુલસર, ઉચડી, દિહોર, ચુડી, સાંખડાસર, રોયલ બાબરિયાતમાં નેવાધાર વરસાદના વાવડ મળ્યા હતા. અલંગ મણાર દરિયા કિનારેના ગામડાઓ હોવા છતાંય અહીં વરસાદનો છાંટો પડ્યો ન હતો. ■

# ભાવનગરમાં રાજ્યપાલના અધ્યક્ષસ્થાને રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત નિ:શુલ્ક સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: ભારત સરકારનાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ (એલિમ્કો)ના સહયોગથી રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ગરિમામય ઉપસ્થિતિમાં કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાના પ્રયાસોથી ૨૫૬૯ લાભાર્થીઓને રૂપિયા ૨.૪૮ કરોડના નિ:શુલ્ક સાધન સહાય વિતરણનો કેમ્પ અટલ બિહારી વાજપેયી ઓપન એર થિએટર, મોતીબાગ ટાઉન હોલ ભાવનગર ખાતે યોજાયો હતો. કાર્યક્રમમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના વરદહસ્તે ભાવનગરમાં પ્રધાનમંત્રી દિવ્યાશા વયોશ્રી કેન્દ્રનું ઉદ્ઘાટન પણ કરવામાં આવ્યું હતું. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, વૃદ્ધજનો અને દિવ્યાંગજનોનું સન્માન કરવું એ ભારતીય સંસ્કૃતિનું મૂળ તત્ત્વ છે. સમાજ ત્યારે જ સાચા અર્થમાં પ્રગતિ કરી શકે જ્યારે તે પોતાના વડીલો અને જરૂરિયાતમંદ નાગરિકોની સંવેદનાપૂર્વક સેવા કરે અને તેમની જરૂરિયાતો પ્રત્યે જવાબદાર બને.

તેમણે જણાવ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સરકાર વૃદ્ધજનો અને દિવ્યાંગજનોને ગૌરવપૂર્ણ, આત્મનિર્ભર અને સ્વાભિમાનપૂર્ણ જીવન જીવવા માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે. નિ:શુલ્ક સહાયક સાધનોના વિતરણ જેવા કાર્યક્રમો સમાજમાં સમાનતા અને સંવેદનાનું ઉત્તમ ઉદાહરણ છે.

રાજ્યપાલએ જણાવ્યું કે ભારતીય સંસ્કૃતિમાં 'માતૃ દેવો ભવ:, પિતૃ દેવો ભવ:'નો સંદેશ માત્ર ઉપદેશ નથી, પરંતુ જીવન જીવવાની પરંપરા છે. માતા-પિતાએ સંતાનોના ઉજજવળ ભવિષ્ય માટે સમગ્ર જીવન સમર્પિત કર્યું હોય છે, તેથી વૃદ્ધાવસ્થામાં તેમની સેવા અને સંભાળ રાખવી એ દરેક સંતાનની નૈતિક જવાબદારી છે. વૃદ્ધાશ્રમોની વધતી જતી સંખ્યા સમાજ માટે ચિંતાનો વિષય હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

તેમણે વૃદ્ધજનોને સમાજની અમૂલ્ય મૂડી ગણાવતા કહ્યું કે તેમના અનુભવ, જ્ઞાન અને સંસ્કાર નવી પેઢીને યોગ્ય દિશા આપે છે. વડીલોનું માર્ગદર્શન પરિવાર અને સમાજના સુખાકારીપૂર્ણ વિકાસ માટે અત્યંત જરૂરી છે. ■

# કંપોઝિટની શરતનો ભંગ કરી ઓછું ટર્નઓવર બતાવતા ભાવનગરના પાંચ, અમરેલીના ત્રણ, બોટાદની એક પેઢી સામે વિભાગની કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: સ્ટેટ જીએસટી વિભાગની ભાવનગર ડિવિઝનની ટીમે ભાવનગર, અમરેલી અને બોટાદની કુલ નવ પેઢીઓના ૧૦ સ્થળોએ જુદી-જુદી ટીમો દ્વારા દરોડા પાડ્યા હતા. કંપોઝિટની શરતનો ભંગ કરી ઓછું ટર્નઓવર બતાવી ગેરરીતિ આચરનારા મીઠાઈ, કેક, કપડા, ડ્રાઈફ્રુટ, મેડિસિન, પીવીસી પાઈપ તથા ટાંકી અને બિયારણના વેપારીઓને ત્યાં શરૂ થયેલી તપાસ મોડી સાંજ સુધી ચાલી હતી અને આ તપાસ બીજા દિવસે પણ લંબાઈ તેવી સંભાવના છે.

સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર સ્ટેટ જીએસટી વિભાગની જુદી-જુદી ટીમો દ્વારા ઉઘડતી બજારે દરોડાની કામગીરી આરંભવામાં આવી હતી. જેમાં ભાવનગર શહેરના પંડ્યા મીઠાઈવાળા, રોલીપોલી કેક શોપ, કાપડના વેપારી નાઈસ એન્ડ ન્યુ ફેશન, ગણેશ સ્ટોર તથા ડ્રાયફ્રુટના વેપારી અરુણકુમાર ભૂપતરાય ઠક્કર મળી શહેરના કુલ છ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા.

આ ઉપરાંત બોટાદમાં પૂજન ફુડ્ઝમાં પણ તપાસ હાથ ધરવામાં આવી હતી. તેમજ અમરેલીમાં આવેલી હાર્દિક મેડિકો અને પીવીસી પાઈપ અને પીવીસી પાણીની ટાંકીના વિક્રેતા ગણેશ એન્ટરપ્રાઈઝ તથા વડિયા-કુકાવાવમાં સરદાર બીજ નિગમ નામની બિયારણની પેઢીમાં તપાસ શરૃ કરવામાં આવી હતી.

આ તમામ પેઢીઓ દોઢ કરોડ કરતા વધારે ટર્નઓવર હોવા છતાં ઓછું ટર્નઓવર બતાવી કંપોઝિટની શરતોનું ભંગ કરી ગેરરીતિ આચરતી હોવાનું સ્ટેટ જીએસટીની પ્રાથમિક તપાસમાં પ્રકાશમાં આવતા આ દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી. આ કાર્યવાહીના પગલે વેપારી આલમમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ■

# રાજકોટ મનપાની ફૂડ સેફ્ટી ટીમના મોરબી રોડ પર પનીરના કારખાનામાં દરોડા: ૫૦૦ કિલો શંકાસ્પદ જથ્થો સીઝ, કારખાનું સીલ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરી લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા લેભાગુ વેપારીઓ પર સકંજો કસ્યો છે. રાજકોટ શહેર મહાનગરપાલિકા વિસ્તારમાં ડેરી પ્રોડક્ટ્સ, ખાસ કરીને પનીર અને એનાલોગ પનીરનું ઉત્પાદન અને વેચાણ કરતા એકમો પર સતત નજર રાખવામાં આવી રહી છે.

ફૂડ સેફ્ટી ટીમ દ્વારા અલગ-અલગ વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે, જેમાં હાઇજિન કન્ડિશન એટલે કે સ્વચ્છતાની સ્થિતિની ચકાસણી કરવામાં આવે છે. આ કવાયતના ભાગરૂપે ફૂડ સેફ્ટી ટીમે રાજકોટનાં મોરબી રોડ પરનાં સેટેલાઇટ ચોક નજીક, પુલ નીચે આવેલા પનીરના કારખાના પર ફૂડ વિભાગે ઓચિંતા દરોડા પાડ્યા હતા, જેમાં આશરે ૫૦૦ કિલો જેટલો શંકાસ્પદ લૂઝ પનીરનો જથ્થો ઝડપાયો હતો, જેને અધિકારીઓએ તાત્કાલિક અસરથી સીઝ કર્યો હતો.

આ કારખાનું કોઈપણ પ્રકારના ફૂડ લાઇસન્સ વગર ગેરકાયદેસર રીતે ચલાવવામાં આવી રહ્યું હોવાનું ખૂલતા આ આખું કારખાનું સીલ કરી દેવામાં આવ્યું છે અને કારખાનાના સંચાલક પ્રકાશભાઈ હરસોડાને ૧૦,૦૦૦નો દંડ ફટકારીને કડક નોટિસ આપવામાં આવી છે.

મળતી વિગત મુજબ આરોગ્ય વિભાગની ટીમે દરોડા દરમિયાન કારખાનાની તપાસ કરતા ત્યાં સ્વચ્છતાનો અભાવ જોવા મળ્યો હતો. આ કારખાનામાં પનીર બનાવવાની પ્રક્રિયા ખૂબ જ શંકાસ્પદ રીતે હાથ ધરવામાં આવતી હતી. ટીમે સ્થળ પરથી ૫૦૦ કિલો પનીરનો જથ્થો જપ્ત કરી નમૂનાઓ તપાસ માટે લેબોરેટરીમાં મોકલી આપ્યા છે. જો લેબોરેટરી રિપોર્ટમાં આ પનીર અખાદ્ય સાબિત થશે તો સંચાલક સામે વધુ કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ■

# ભાવનગર-વલ્લભીપુર હાઈવે પરથી વિદેશી દારૂ અને બિયર ભરેલી કાર સાથે બે શખ્સો ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: એલ.સી.બી.ની ટીમે ભાવનગર-વલ્લભીપુર હાઈવે પર હોટલ ક્રિષ્ના નજીકથી પસાર થતી કારોમાંથી વિદેશી દારૂ અને બીયરના જંગી જથ્થા સાથે બે ઈસમોને ઝડપી લીધા હતા.પોલીસે દારૂ, મોબાઈલ અને બે કાર મળી કુલ રૂ. ૧૧.૦૫ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર એલ.સી.બીની ટીમને બાતમી મળી હતી કે, વલ્લભીપુર તરફથી એક કાળા કલરની કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરી ભાવનગર તરફ લાવવામાં આવી રહ્યો છે અને તેની આગળ સફેદ કલરની વેગનઆર કાર પાયલોટિંગ કરી રહી છે. આ ચોક્કસ બાતમીના આધારે પોલીસે હાઈવે પર વોચ ગોઠવી બંને કારને આંતરી હતી.

કારની તલાશી લેતા અંદરથી અલગ-અલગ બ્રાન્ડના ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૮૦૬ બોટલ અને બીયરના ૩૮૦ ટીન મળી આવ્યા હતા. પોલીસે આ ગુનામાં બોટાદના સાકરડી ગામના હરેશભાઈ ઉર્ફે મુન્નાભાઈ રમકુભાઈ માલા (ઉ.વ.૩૬) અને સુરેન્દ્રનગરના સાયલા તાલુકાના સુદામડા ગામના હિતેશભાઈ બાવકુભાઈ ધાંધલ (ઉ.વ.૨૪) ને રંગેહાથ ઝડપી લીધા હતા. જ્યારે આ દારૂના કનેક્શનમાં શિહોરના ભોલાભાઈ નામના શખ્સનું નામ ખુલતા પોલીસે તેને વોન્ટેડ જાહેર કરી પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

ઝડપાયેલા આરોપીઓ રીઢા ગુનેગાર હોવાનું બહાર આવ્યું હતું. આરોપી હરેશભાઈ માલા વિરુદ્ધ અગાઉ બોટાદ, પાળિયાદ અને બરવાળા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન તેમજ હત્યાના પ્રયાસ સહિતના કુલ ૫ ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. જ્યારે આરોપી હિતેશ ધાંધલ વિરુદ્ધ સાયલા પોલીસ મથકમાં ચોરીનો ગુનો નોંધાયેલો છે. એલ.સી.બી.એ ઘટનાસ્થળેથી ઓલ સીઝન, ૮ પી.એમ., સુપર જ્યુબિલી, વ્હાઈટ લેસ વોડકા અને કિંગફિશર બીયર મળી કુલ રૂ. ૩,૨૫,૫૨૨/- ની કિંમતનો દારૂનો જથ્થો, રૂ. ૮૦,૦૦૦/- ની કિંમતના ૩ મોબાઈલ ફોન (રેડમી, આઈફોન અને વિવો), દારૂની હેરફેરમાં વપરાયેલી સ્કોર્પિયો કાર (કિં.રૂ. ૫,૦૦,૦૦૦/-) અને પાયલોટિંગ કરતી વેગનઆર કાર (કિં.રૂ. ૨,૦૦,૦૦૦/-) મળી કુલ રૂ. ૧૧,૦૫,૫૨૨/- નો મુદ્દામાલ કબ્જે કરી શિહોર પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરાવ્યો હતો. ■



ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના ચૂડી ગામની એક વાડીમાં ટીટોડીએ ચાર ઇંડા મૂક્યા છે, જેના ચારે મુખ જમીનમાં છે. લોકવાયકા મુજબ, ટીટોડી જ્યારે સામાન્ય ત્રણના બદલે ચાર ઇંડા મૂકે છે, ત્યારે તે સારા અને ભરપૂર ચોમાસાની નિશાની માનવામાં આવે છે. (ફોટોગ્રાફર- વિપુલ હિરાણી, ભાવનગર)

### પવિત્ર યાત્રાધામ માતાના મઢમાં કરુણાંતિકા:

# ઐતિહાસિક રૂપરાઇ તળાવમાં ડૂબી જવાથી ૪૨ વર્ષીય પ્રૌઢનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: લખપત તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ માતાના મઢ ખાતે એક ૪૨ વર્ષીય પ્રૌઢનું રૂપરાઇ તળાવમાં ડૂબી જવાથી અકાળે મોત નીપજતાં અરેરાટી પ્રસરી જવા પામી હતી.

મળતી વિગતો મુજબ, માતાના મઢ ગામમાં રહેતા ૪૨ વર્ષીય રાઠોડ પ્રફુલ દેવજીભાઇ વાળંદ આજે બપોરથી સાંજ દરમિયાન કોઈ કારણોસર ગામના પ્રખ્યાત રૂપરાઇ તળાવ પાસે ગયા હતા, જ્યાં અચાનક તેઓ તળાવના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.

આસપાસના લોકોને ઘટનાની જાણ થતાં જ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી તેમને પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. ત્યારબાદ હતભાગીને સારવાર અર્થે દયાપર સ્થિત સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા, પરંતુ ત્યાં ફરજ પરના તબીબોએ તેમને તપાસીને વિધિવત મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે દયાપર પોલીસે હાલ અકસ્માત મોતનો ગુનો દાખલ કરી, ઘટના પાછળના ચોક્કસ કારણો જાણવા આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. ■



મુંબઈ સમાચાર
પરંપરા
પરિવર્તન
૨૦૫ વર્ષ
પ્રગતિ
વિશેષ આભાર
સૌરભ મહેતા
(સ્કાયલાઈન ઈન્ફ્રા ફોર્જ)
મહેન્દ્રભાઈ તુરખિયા
જીતુભાઈ મહેતા
પ્રકાશ કામદાર
SKYLINE
INFRA FORGE
PRESENTS
૧૭ ડૉક્ટર્સનું કરાશે સન્માન
તારીખઃ ૫ જુલાઈ, ૨૦૨૬
સમયઃ સાંજે ૭.૦૦ વાગ્યે
સ્થળઃ
ઈસ્કૉન ઓડિટોરિયમ, જુહુ.
મુખ્ય અતિથિ
ડૉ. શ્રીકાંત એકનાથ શિંદે
(સંસદ સભ્ય)
મુંબઈ સમાચાર
ધન્વંતરિ
અવૉર્ડ
૨૦૨૬
(દ્વિતીય)
સાથે
ગુજરાતી ગીત-સંગીતનો
જલસો તો ખરો જ
ગાયકો :
દિલેશ દોશી
નિકિતા હિંગુ
અર્ચના મહાજન
મનોજ પરમાર
TUSHAR SONIGRA'S
BEATS 16®
Events & Entertainment
આવો, બિરદાવીએ આ તબીબોની સેવાને
ડૉ. અભિજિત પવાર
Orthopedic
Spine
ડૉ. અક્ષય મહેતા
Interventional
Cardiologist
ડૉ. અમિત મજેઠિયા
Orthodontist
(MDS)
ડૉ. અણુકાંત મિત્તલ
Professor - Doctor
ડૉ. ભરત શાહ
MBBS, MD, DNB
ડૉ. બિનોતી શેઠ
Orthopedic Surgeon
ડૉ. ચેતન શાહ
MD, DM, FACC,
FACP Interventional
cardiologist
ડૉ. દર્શન દોશી
Consultant nurologist
& Stroke Expert
ડૉ. મધુભાઈ બી. કોઠિયા
M.D. (Ayu.)
ડૉ. મુકેશ પાનેરી
B.A.M.S.
AYURVEDACHARYA
D.S.C.
ડૉ. નિલેન શાહ
Senior Orthopedic
& Joint replacement
Surgeon
ડૉ. પૂર્વી કુટ્ટી
Senior Consultant
Pediatric Hematology
& Oncology,
BMT Physician
ડૉ. રાજ પરીખ
Dermatologist, Medical,
Marketing Consultant,
Skin Care Enterpreneur
ડૉ. રાજેશ મિસ્ત્રી
Senior Director
Group. Dept. of
Oncology
ડૉ. સમ્રાટ ડી. શાહ
MD, Senior Consultant
Internist,
Metabolic Specialist
ડૉ. સંકેત મહેતા
MS, DNB,
(Surgical Oncology)
ડૉ. વત્સલ પરીખ
Vitreo- Ratinal
Surgeon &
Eye Specialist
પ્રવેશ પાસ મેળવવા
'I NEED PASS' લખી નીચેના નંબર પર વૉટ્સએપ પર મોકલો
૭૦૪૫૪૩૦૫૭૯
ક્યારે?: આજે બપોરે ૧ થી ૪ વચ્ચે
★ વહેલો તે પહેલો ધોરણે પાસ નિઃશુલ્ક અપાશે. ★ મેસેજ કર્યા પછી વૉટ્સએપ પર સીટ નંબર મળશે. ★ કાર્યક્રમના દિવસે કાર્યક્રમના સ્થળેથી પાસ મેળવવાનો રહેશે.
★ એક નંબર પર બે પાસ અપાશે.
સપોર્ટેડ બાય
JVM CHARITABLE FOUNDATION
MUNJAL
PRAKASH KAMDAR ESTATE CONSULTANT